# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 08 • PAGES : 40 • MUMBAI • DATE : 20TH NOVEMBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મોને ગરીમા અપાવનાર ગરવા ગુજરાતી અને વિશેષ તો આપણા ક.દ.ઓ.

## શ્રી ચાંપશીભાઈ નાગડા



જીવનભર રંગભૂમિ, ચલચિત્રો તથા સાંસ્કૃતિક પ્રવાહોને સમર્પિત રહેનારા ક.દ.ઓ. જ્ઞાતિના નાટ્યકલા ક્ષેત્રના મહારથી **શ્રી ચાંપશીભાઈ નાગડા** ને ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે પ્રકાશ સમીક્ષા પુરા સન્માન સહ યાદ કરી તેમના જીવનકર્મને શબ્દોથી વધાવે છે.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

સંસારીપક્ષે
પ.પૂ.સા.શ્રી **વિમલયશાશ્રીજી** મ.સા. ના પૌત્ર

# શ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના



**દેહ પરિવર્તન : શુક્રવાર, તા. ૬-૧૧-૨૦૨૦**

**ગામ : સુજાપુર । હાલે : પવઈ**

સરળ, સચોટ સ્વભાવી, મુત્સદ્દી,
તટસ્થ સિદ્ધાંતોના પ્રખર હિમાયતી,
ધાર્મિક, શૈક્ષણિક, મેડીકલ તેમજ
અન્ય સત્કાર્યોના ક્ષેત્રે સદા તત્પર,
ઉદાર દિલની ભાવનાથી સંઘ-સમાજ-પરિવાર માટે
તન-મન-ધન સર્વસ્વ ન્યોછાવર કરનાર
ધર્માનુરાગી, કર્તવ્યનિષ્ઠ, સેવા પરાયણતા,
પરોપકારી, સરળ સ્વભાવી, વ્યવહાર કુશાગ્ર
સુશ્રાવક શ્રી લેરીનભાઈના ઉપકારો
સદા સદા સ્મરણીય રહેશે.

## શ્રી લેરીનભાઈના સેવાકીય કાર્યક્ષેત્રો

- શ્રી કચ્છ સુજાપર અજીતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ (વડીલોની ભુમિ) સંઘના અગ્રણી ટ્રસ્ટી
- શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિ. શ્વે. જૈન સંઘના ટ્રસ્ટી
- શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના માજી ઉપપ્રમુખ
- શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટી
- શ્રી ક.દ.ઓ. જૈન અનંતનાથ ટ્રસ્ટના માજી ટ્રસ્ટી
- શ્રી શાંતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ચેરિટેબલ ટ્રસ્ટ-પવઈ
- શ્રી શાંતિનાથ એજ્યુકેશનલ મેડિકલ રીસર્ચ એન્ડ ચેરી. ટ્રસ્ટ-પવઈ
- લાયન્સ ક્લબ ઓફ પવઈ, ચાર્ટર અને ફાઉન્ડર મેમ્બર

## શોકાતુર : જીવનસંગીની નયના લેરીન ખોના

| | | | |
|---|---|---|---|
| માતા-પિતા | : માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોના | પુત્રીતુલ્ય | : અ.સૌ. જિજ્ઞા જયેશ સાવલા(નાંગલપુર) |
| સાસુ-સસરા | : માતુશ્રી તારાબેન કાનજી રાયશી નાગડા (જખૌ) | ભાણેજી-ભા.વર | : અ.સૌ. જશ્મીલી આદિત્ય દંડ (લાલા) |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. નીકીતા જયમન ખોના | ભાણેજીપુત્રી | : ધિવીજા આદિત્ય દંડ |
| પૌત્ર | : વૃષભ જયમન ખોના | દોહિત્રીતુલ્ય | : ડૉ. શાલુ ડૉ. મિતેશ ગાલા (કાંડાગરા) |
| બેન-બનેવી | : સ્વ. કુસુમબેન હીરાલાલ ધુલ્લા (તેરા) | સાળા | : હરીશ નાગડા, સ્વ. શરદ નાગડા |
| વેવાણ-વેવાઈ | : ઉર્વશીબેન હંસકુમાર શામજી દંડ (સુથરી) | સાળી | : અરૂણા નાગડા, પ્રેમીલા નાગડા |

**સ્વ. શામજી ઠાકરશી ખોના સમસ્ત પરિવાર (સુજાપુર)**
**સ્વ. જેતશી વેલજી ધુલ્લા સમસ્ત પરિવાર (તેરા)**

anmol COLLECTION ART&FRAMES
Anmol Balaji Broking
Estate and Investment Consultant

# પ્રથમ પુણ્યતિથીએ ભાવભીની સ્મરણાંજલિ



જન્મ :
તા. ૦૬-૦૫-૧૯૬૮

અરિહંત શરણ :
તા. ૨૨-૧૧-૨૦૧૯

# શ્રી હીરેન મણીલાલ ડુંગરશી દંડ

કચ્છ : બાયઠ, મુંબઈ : દાદર

એક જિંદાદિલ માનવ - જેની હાજરીજ તમને ચેતનવંતા કરી દે - તેના જેવો સેલ્ફ કોન્ફિડેન્સ ભાગ્યેજ જોવા મળે - તેનું હૃદય ખુબજ વિશાળ - કોઈ પણ આનંદ કે ખુશીને બધા સાથે Share કરવી તે ઘણા લોકોમાં જોવા મળે પણ કેવી રીતે Share કરવી તે હિરેન પાસેથી શીખવા મળે - તે તન મન ધનથી તેની અનુભવેલી ખુશી વહેચતો - કોઈ પણ વ્યક્તિના દુઃખ થી પીગળી જઈ તેની બનતી સહાય કરી છૂટે - કહેવાય છે ને પ્રભુ સારી વ્યક્તિઓને ખુબજ થોડા સમય માટે સંસારમાં રહેવા દે છે અને તેને જલ્દીથી પોતાની પાસે તેડાવી લે છે - અલ્પ જીવનમાં ઘણું જીવન જીવી ગયો અને લોકોને જીવાડી ગયો - ઈતિહાસ બનાવનાર વ્યક્તિનું એક ઉદાહરણ બની ગયો.....

Your life was a blessing,
Your memory a treasure,
You are loved beyond words and missed beyond measure!

-: શોકાતુર :-

માતા-પિતા : લલીતા મણીલાલ દંડ
પત્ની : હેમા હીરેન દંડ
પુત્ર : સિધ્ધાંત હીરેન દંડ

ભાભી-ભાઈ : રૂપા વિપુલ દંડ
બેન-બનેવી : જસ્મીન જૈમીત દોશી
કાકી-કાકા : દક્ષા જગદીશ દંડ

**દંડ, લાલકા, ધરમશી, મોમાયા પરિવાર**

## સરસ્વતી માતાના આજીવન પરમ આરાધક, જ્ઞાનની ગંગોત્રી, વાત્સલ્યની પાવનધારા સમાન, જેમના ચરણોમાં સમસ્ત તિર્થોનો વાસ છે, એવા અમારા પ્રાતઃ વંદનિય પૂજ્ય પિતાશ્રી દામજીભાઈ ધનજીભાઈ નાગડાને અમારી હૃદય વંદના અર્પણ



રંગપુરની પાવન ધરા પર અવતરણ
તા. ૧૩-૦૪-૧૯૩૪
અરિહંત શરણ પ્રયાણ
તા. ૧૧-૧૧-૨૦૨૦

એ સત્ય છે કે, માતા જન્મ આપે છે, પ્રથમ શ્વાસ અને પોષણ માતાના ઉદરમાં જન્મ નાળ દ્વારા માતા તરફથી જ મળે છે. ને ચક્ષુઓ પણ માતા તરફથી, જન્મતા મળે છે. એટલે જ કહેવાય છે કે, માતાએ આપ્યો જન્મ ને પિતાએ આપ્યું જગત. માતાએ આપી આંખો ને પિતાએ દાખવ્યું જગત. જન્મ પછી જગતનું દર્શન કરાવે તે પિતા જ હોય છે. પિતા એટલે સંતાનોના આકાશ જેવા અરમાન પુરા કરે, પોતાની વેદનાનાં આંસુથી તકિયો ભિંજાય ને કોઇની નજરે ન ચડે, ને ફાટેલા પહેરણને સિફતથી છુપાવી, હસતું મોઢું રાખી સંતાનોના લાડ પુરા કરે તે પિતા જ હોય છે. જેની વેદના પિતા બન્યા પછી જ જાણી શકાય... અમારા પિતા એટલે આજીવન શિક્ષણનાં ભેખધારી શિક્ષક, જેમ માટીના ઘડાને ટપારી ઘડાને ઘાટ આપે તેવી રીતે વિદ્યાર્થીઓનાં જીવનનું ઘડતર કરનાર શિક્ષક હતા. ૧૯૫૬ થી ૧૯૯૨ સુધી ૩૨ વર્ષ રંગપુરની શાળામાં, ખંભાળીયા ટ્રેનિંગ ૧૦ માસ, સણોસરી ૭ માસ, કાનવીરડી ૬ માસ, મોટી ખાખર ૪ માસ, લગભગ ૩૬ વર્ષ શિક્ષક - આચાર્ય તરીકે જીવ્યા. એક પણ પૈસાની લાલચ રાખ્યા વગર શિક્ષણ આપવાનો ધર્મ બજાવ્યો, એક જ સિધ્ધાંત કે 'મારા વિદ્યાર્થીઓ શિક્ષણ પામી જ્ઞાન અને સંસ્કારથી સમૃધ્ધ બને, જીવનમાં તેઓ કંઇક કરી બતાવે'. જે તેમણે આજીવન પાળ્યો, તેમનાં શબ્દો હતાં કે " વિદ્યાર્થીની પ્રગતિ, તેમનું ઘડતર એજ મારી મુડી છે, અને હું તેનાથી સંતુષ્ટ છું. તેઓ ધર્મપ્રેમી, મિલનસાર, કુટુંબ અને સમાજ પ્રેમી, સંઘના ચાહક, અને ગામની જૈન સંઘની હૃદય પૂર્વક સેવા કરી, સમાજના અતિથીગૃહ, પાંજરાપોળમાં તેમની સેવાઓની સુવાસ મહેંકે છે. સતત કાર્યશીલ રહેવું, પણ ફળની અપેક્ષા ન રાખવી, કર્મયોગના સિધ્ધાંત તેમનાં જીવન સાથે વણાયેલા હતા. તેમના કાર્યમાં અમારા માતુશ્રી સોનબાઇએ તેમનો આજીવન સાથ નિભાવ્યો અને નામ અમર કરી ગયા. ત્યારે એ પંક્તિઓ રૂપી દુહો યાદ આવે છે.

**"નામ રહંતા ઠાકરા, નાણાં નવ રહંત; કીર્તિ કેરા કોટડા પાડ્યા નવ પડંત..."**

તેમણે કરેલા કાર્યો તેમને અમર કરી ગયાં, જે તેમની સુવાસ બની મહેકી રહ્યાં છે.

આજ અમો નિરાધાર બની ગયા છીએ. કારણ કે, અમારા વાત્સલ્યમુર્તિ - સ્નેહના સાગર સમાન પિતા તા. ૧૧-૧૧-૨૦૨૦ના રોજે આ ફાની દુનિયાને છોડી અરિહંત શરણ પામ્યા. જગતમાં જન્મ લીધા પછી દરેકે એક દિવસ જવું જ પડે છે. એ કુદરતનો અફર નિયમ છે. પણ કેટલાક લોકો મૃત્યુ પછીએ અમર રહે છે.

અમારા વાત્સલ્યમુર્તિ પિતાશ્રી દામજીભાઇ ધનજી નાગડા હજી જીવંત છે. અમારા શ્વાસોમાં, સંસ્કારમાં અને હૃદયમાં સ્પંદનો રૂપે. તેમની પાસે શિક્ષણ પામેલા તમામ વિદ્યાર્થીઓએ પોતાનાં જીવન ફલક સજાવી, તેમની ઉપસ્થિતિનો અહેસાસ કરાવી રહ્યાં છે... કે અમારા માનવંતા ગુરૂ-શિક્ષક શ્રી દામજીભાઇ સાક્ષાત સ્વરૂપે હાજર છે. અમારી ચરણ સ્પર્શ વંદના.

તેમનાં યશસ્વી સુકૃત જીવન યાત્રાના થોડાક અંશ આપની સમક્ષ મુકી તેમના સુકૃત જીવનનું ગૌરવ કરી, શ્રધ્ધાપૂર્વક નમન કરી અમારી શ્રધ્ધાંજલિ અપર્ણ કરીએ છીએ.

### આપની જીવન વાટીકાનાં પુષ્પો : દિકરી-જમાઇ અને પુત્રવધુ-પુત્ર પરિવાર

**અ.સૌ. ઉષાબેન અરવિંદ રાયચંદ લોડાયા**
**મયંક, રીમા સંજય દિલિપ લાલકા**
**યુતિકા–ભૂપેશ અરવિંદ લોડાયા**
પુત્રવધુ-પુત્ર : **કિરણબેન – જયેશ દામજી નાગડા**
**કાજલ અંકિત ભરત માલદે**
**કોમલ જયેશ દામજી નાગડા**

**અ.સૌ. લતાબેન, પ્રવિણ રાયચંદ લોડાયા**
**ભાવિકા, વિશાલ ગુણવંત માલદે**
**ખુશ્બુ હિતેન પ્રવિણ લોડાયા**
પુત્રવધુ-પુત્ર : **રીટાબેન ચેતન દામજી નાગડા**
**આયશા અંકિત ચેતન નાગડા**
**દીશા ચેતન દામજી નાગડા**

માનવ સેવા એજ પ્રભુ સેવા

**માતુશ્રી લક્ષ્મીબાઈ ધનજી નરશી નાગડા પરિવાર – રંગપુર**
**માતુશ્રી લક્ષ્મીબાઈ લખમશી દેવજી લોડાયા પરિવાર – દલતુંગી**
**માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા પરિવાર – દલતુંગી**

માનવ સેવા એજ પ્રભુ સેવા

**તંત્રી સ્થાનેથી**

# શ્રી ચાંપશીભાઈ નાગડાની ૧૦૦મી જન્મ જયંતિ

– ડૉ. હીરાચંદ દંડ - 7738508150



આપણી ક.દ.ઓ. જ્ઞાતિ ધંધાર્થીઓની જ્ઞાતિ છે. વર્ષોથી વ્યાપાર-ધંધામાં નામના પ્રાપ્ત કરનારા આપણા અનેક જ્ઞાતિજનો ધંધા-વ્યવસાયમાં મહારથીઓ તરીકે ઓળખાયા છે. વ્યાપારમાં અગ્રણી રહેલા ક.દ.ઓ. જ્ઞાતિજનોમાંથી ખૂબજ ઓછા પ્રમાણમાં ક.દ.ઓ. એ ફિલ્મ તથા નાટ્ય જગતમાં પદાપર્ણ કર્યું છે. એમાં શ્રી ચાંપશીભાઈ નાગડાનું નામ મોખરાના સ્થાને ગણી શકાય. ફિલ્મ તથા રંગભૂમિમાં એમણે આપેલું મહામુલું યોગદાન ઈતિહાસમાં અંકિત થઈ ગયું છે.

તા. ૨૦ નવેમ્બર ૨૦૨૦ના દિવસે શ્રી ચાંપશીભાઈ નાગડાની ૧૦૦મી જન્મ જયંતિ છે. આ અવસર ક.દ.ઓ. જ્ઞાતિ માટે ઉજવણી સમાન છે. પ્રકાશ સમીક્ષાએ આ પ્રસંગે તેમના જીવન કર્મને સમર્પિત પુસ્તક પ્રકાશિત કરવાનું વિચાર્યું હતું, પરંતુ આ વર્ષમાં કોવિડ-૧૯ના સંક્રમણને કારણે એ શક્ય નથી બન્યું એવી નોંધ લઈ, એમની ૧૦૦મી જન્મજયંતિ આદર-સન્માન સ્નેહ અને ગર્વભેર ઉજવીએ. રંગભૂમિને પોતાના દમદાર આવાજથી ગજવનારા તથા ફિલ્મોમાં પણ વિવિધરંગી ભૂમિકાઓ નિભાવનારા શ્રી ચાંપશીભાઈએ ફક્ત પોતાના માટે નહિં પરંતુ ક.દ.ઓ. જ્ઞાતિ માટે પણ નામના પ્રાપ્ત કરી હતી. તેમણે ૭૦થી વધુ નાટકોમાં ૨૫ થી વધુ ગુજરાતી ફિલ્મોમાં તથા અનેક હિંદી ફિલ્મો તથા બેલે ડાન્સમાં અભિનયના ઓજસ પાથર્યા હતા. ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મોના ક્ષેત્રે તેમનું યોગદાન ખૂબજ મુલ્યવાન છે. જ્યારે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ મૃતપાય બન્યો હતો ત્યારે તેમણે તેમાં ફરીથી પ્રાણ પૂરવા નિશ્ચય કર્યો અને તે માટે સમર્પિત ભાવે સંનિષ્ઠ કાર્ય કર્યું અને ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને જીવંત બનાવ્યો.

પોતાની દીર્ઘકાલીન અભિનય કારકીર્દી દરમ્યાન ચાંપશીભાઈએ મનહર રસકપુર, કિષ્ણકાન્ત, બાબુભાઈ મિસ્ત્રી, દિનેશ રાવળ, રામચંદ્ર ઠાકુર, યોગેન્દ્ર દેસાઈ જેવા સફળ દિગ્દર્શકો સાથે કામ કર્યું છે. સ્ત્રી કલાકારોમાં મીનાકુમારી, શબાના આઝમી, શોભના સમર્થ, સ્નેહલતા, અરૂણા ઈરાની, રીટા ભાદુરી, શાંતા આપ્ટે, પદ્મારાણી, દિના પાઠક, ઉષાકિરણ, તરલા મહેતા, અનુપમા, રંજના, આશા પારેખ તથા મલ્લિકા સારાભાઈ સાથે અભિનયકલાને સાકાર કરી છે. જ્યારે પુરૂષ કલાકારોમાં અરવિંદ પંડ્યા, જયરાજ, રાજેન્દ્રકુમાર, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, નવિન નિશ્ચલ, કિરણકુમાર, રાજીવ, રમેશ મહેતા, મહેશ દેસાઈ, પ્રશાંત તેમજ વિક્રમ ગોખલે જેવા ધુરંધર કલાકારો સાથે યાદગાર ભૂમિકા અજવાળી હતી.

શ્રી ચાંપશીભાઈ ખૂબજ વિનમ્ર તથા વિશાળ હૃદયના વ્યક્તિ હતા. તેઓની એક વિશેષતા હતી કે તેઓ મિત્રોને ભોજન માટે નિમંત્રિત કરતા અને તેમને 'રસપૂરી' જમાડતા, જે માટે તેઓ અભિનય જગતમાં ખૂબજ સુપ્રસિધ્ધ હતા. દાંડિયા રમવામાં મહારત ધરાવનારા ચાંપશીભાઈ તેમના ભાઈ શ્રી લક્ષ્મીચંદભાઈ સાથે જોડીમાં દાંડીયા રમતા તેને જોવા એ ખાસ લહાવો હતો.

'બાપુ'ના હુલામણાં નામે ગુજરાતી નાટ્ય જગતમાં ઓળખતા શ્રી ચાંપશીભાઈએ નાટ્ય પ્રયોગો માટે દેશ-વિદેશના અનેક પ્રવાસો કર્યા હતા. રંગભૂમિ અને ફિલ્મ ક્ષેત્રે તેમણે આપેલા અપ્રતિમ યોગદાન માટે તેમને અનેક માન-અકરામો પ્રાપ્ત થયા હતા. ઈ.સ. ૧૯૮૧માં તેમની ષષ્ઠીપૂર્તિ ખૂબજ ભવ્ય રીતે ઉજવાઈ હતી અને આ પ્રસંગે અભિવાદન ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

આવો આપણે સાથે મળી જ્ઞાતિને ગૌરવ અપાવનારા સમર્પિત અભિનેતાની ૧૦૦મી જન્મ જયંતિ ઉત્સાહ અને આદરથી ઉજવી તેમના જીવનકર્મને વંદન કરીએ.

## આદ્યતંત્રીઓ

"પ્રકાશ"
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
રાયચંદ રતનશી નાગડા
પંકજ પ્રતાપ શાહ
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
શૈલેશ સનત્ શાહ
કેશરસિંહ આણંદજી ખોના
જયંત વિશનજી છેડા
તિલકચંદ કુંવરજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ – ૨૩ અંક નં. ૦૮**
**Date : 20-11-2020**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત**
**રવિવાર અને જાહેર રજાના બંધ**

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.


For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મોને ગરીમા અપાવનાર ગરવા ગુજરાતી અને વિશેષ તો આપણા ક.દ.ઓ. શ્રી ચાંપશીભાઇ નાગડા



આ વિશ્વના તખતા ઉપર એવી અમૂક વ્યક્તિઓ જન્મ લેતી હોય છે જે પોતાના જીવનકર્મ દ્વારા ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવી જાય છે. તેઓ પોતાની કલા, સેવા, નિષ્ઠા કે સમર્પણ દ્વારા પોતાના ક્ષેત્રે એવી અમીટ છાપ છોડી જાય છે જે વર્ષો સુધી એવીને એવી તરોતાજા રહે છે. પેઢીઓ બદલાઇ જાય છતા પણ તેમણે પ્રાપ્ત કરેલી સિધ્ધિઓ અનૂપમ બની રહે છે તથા અન્યો માટે પ્રેરણાસ્ત્રોત પણ બને છે. આપણી જ્ઞાતિમાં આવા અનેક રત્નોએ જન્મ લીધો છે. જેમાંના નાટ્ય તથા ફિલ્મ ઉધોગમાં વર્ષો સુધી પોતાની કલાના કામણ પાથરનારા શ્રી ચાંપશીભાઇ નાગડાની ૧૦૦મી જન્મજયંતિ ૨૦ નવેમ્બરના છે. એમણે રંગભૂમિ તથા ચલચિત્રોમાં અભિનેતા, દિગ્દર્શક તથા નિર્માતા તરીકેની અવિસ્મરણીય ભૂમિકા નિભાવી હતી જેનું સ્મરણ કરી તેમના જીવનના મહત્વના પડાવો વિશે જાણીએ.

બાપુના નામે પ્રસિધ્ધિ મેળવી ચૂકેલા ચાંપશીભાઇ નાગડાનો જન્મ ૨૨મી નવેમ્બર ૧૯૨૦ના રોજે કચ્છ રાપરગઢવારીમાં થયો હતો. રંગમંચ પરના ગાઢ પ્રેમના કારણે શાળાના તખ્તા પર માસ્તર અને યુધિષ્ઠિરની ભૂમિકાઓ ભજવી. મૂળ કલાકારનો જીવ એટલે રૂઉ અને ઘડિયાલના ધંધામાંથી તખ્તો અને રૂપેરી પડદો બન્ને સાદ પાડી એમને બોલાવતા હતાં. નાટ્ય ક્ષેત્રે પણ પારિતોષિક મેળવ્યા છે. અને ફિલ્મ ક્ષેત્રે અનેક પુરસ્કારોથી સન્માન મેળવ્યું છે. ૧૯૩૯ સાલમાં એમણે 'વસમા બંધન' નાટકથી તખ્તાને અપનાવ્યું ત્યારથી જીવન પર્યંતની અવિરત મજલમાં લગભગ ૭૫ નાટકોમાં અભિનય આપ્યો છે. અનેક નાટકોમાં તેઓ દિગ્દર્શક, કેટલાકમાં નિર્માતા-દિગ્દર્શક પણ હતા. શ્રી યોગેન્દ્ર દેસાઇ અને કુમારી આશા પારેખ સાથે 'નૂરજહાં' 'પાવકજ્વાલા' 'અનારકલી' અને 'આકાશગંગા' આમ ચાર નાટકોમાં ઉત્તમકક્ષાનો અભિનય આપ્યો છે. સિતારા જોડે 'ગોકુલ કી ગલી સાંકરી'માં અકબરની ભૂમિકા અજવાળી હતી. 'મહારાણા પ્રતાપ'માં પ્રતાપની ભૂમિકા તો 'માલવપતિ-મૂંજ' માં તૈલપની ભૂમિકા ભજવી અનેરો ન્યાય આપ્યો બાદ તેમણે 'અભિનય' નામક સંસ્થા સ્થાપી અને નિર્માતા-દિગ્દર્શક બની ગયા. ૧૯૮૦ માં 'આંખે કંકુના સૂરજ આથમ્યા'માં રાગીણી સાથે કામ કર્યું. શ્રી ચાંપશીભાઇને મુંબઇ રાજ્ય નાટ્ય સ્પર્ધામાં 'મહાત્મા' નાટક માટે પ્રથમ પારિતોષિક મળ્યું એ જ નાટક માટે કનૈયાલાલ મુનશી રૌપ્ય ચંદ્રક પણ મળ્યો. 'શેણી વિજાણંદ' માં દિના પાઠક સાથે એમની અભિનયની જુગલબંદી થઇ હતી. 'ડૉ. મધુરીકા'નું એમનું પાત્ર હજી લોકહૈયામાં વસેલું છે. ૧૯૬૩માં એમણે પૂર્વ આફ્રિકાના ત્રણ માસના પ્રવાસનું આયોજન કર્યું હતું. અને કેન્યા, યુગાન્ડા, ટાંગાનીકા અને ઝાંઝીબારમાં 'કલ્લુ-બલ્લુ', 'રામ-શબરી' 'પરિવર્તન' વગેરે નૃત્યનાટિકાઓના પંચાવન પ્રયોગો કર્યા હતાં. આ કાર્યક્રમો અદ્‌ભૂત સફળતાને વર્યા હતા. શ્રી નાગડાનું ફિલ્મ ક્ષેત્રે પણ અમૂલ્ય પ્રદાન રહ્યું છે. એમનો અને મોટાભાઇ લક્ષ્મીચંદભાઇનો ધમાલ રાસ મશહૂર છે, આ રાસ જોઇ વિખ્યાત નૃત્યકાર ઉદય-શંકર ખૂબ પ્રભાવિત થયા હતા. પ્રકાશ પિક્ચર્સના 'ભક્ત સૂરદાસ'થી ફિલ્મ અભિનય કળાનું પ્રથમ સોપાન તેઓ ચડ્યા હતા. ત્યારબાદ ફિલ્મ ક્ષેત્રે અનેક સોપાનો ચડી ચૂક્યા છે. સૌના મન મોહ્યા હતા. ફિલ્મ ક્ષેત્રે એમના નિર્માતા અને કલાકાર તરીકેના 'મેંદી રંગ લાગ્યો' 'મળેલા જીવ' 'હીરો સલાટ' અને 'કાદુ મકરાણી'એ એમના અમર અને ચિરંજીવ પ્રદાનો છે.



પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ' ઉપરથી એમણે એમની કારકિર્દીનું શ્રેષ્ઠ ચિત્ર સર્જ્યું હતું તેમાં ભગતની ભૂમિકા ખુદ ચાંપશીભાઇએ નિભાવી.

'મૂળુ માણેક' માં મૂળુભાના પાત્રને એમણે ચારચાંદ લગાવી દીધા તેમાં સાથે મશહુર કલાકાર શાંતા આપ્ટેએ જુંગલબંધી કરી હતી.



તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન અનેક વિખ્યાત દિગ્દર્શકો, અભિનેતાઓ, અભિનેત્રીઓ સાથે કામ કર્યું અને સૌની પ્રશંસા પણ પામ્યા. લોક હૈયામાં અદમ્ય ચાહના પ્રાપ્ત કરનારા આ માનવંતા કલાકારને અનેક એવોર્ડસ્થી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

તેઓએ કચ્છી લોકનૃત્ય ધમાલરાસને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી. ચાઈનીઝ બેલેટ્રુપના કલાકારો સાથે સંયુક્ત કાર્યક્રમમાં રાસ રજુ કર્યો. ઉઝબેક બેલેટ્રુપના કલાકારો સાથે સંયુક્ત કાર્યક્રમમાં રાસ રજુ કર્યો. વિશ્વવિખ્યાત કલાકાર ઉદયશંકર અને અમલાદેવીના માનમાં રાસ રજુ કરી એમની મુક્તકંઠે પ્રશંસા પ્રાપ્ત કરી. રાજભવનમાં રજુ થતા વિદેશી મહેમાનોના માનમાં રજુ થતા કાર્યક્રમોમાં રાસની રજુઆત કરી. મેકસીમ ગોર્કી સ્ટીમર નં. ૧ તથા નં. ૨ માં રશીયન તથા જર્મન પ્રવાસીઓના માનમાં રાસ રજુ કર્યો. સોવિયત ડેલીગેશનના માનમાં ચીચબંદર મેદાનમાં બલરાજ સહાની દ્વારા યોજાયેલ સમારંભમાં રાસની રજુઆત કરી. ગુજરાતી નાટકોની તેમણે ઈસ્ટ આફ્રિકાના દેશો ઉપરાંત યુરોપના દેશો જર્મની, બેલ્જિયમ, નેધરલેન્ડસ, ઇટલી, ફ્રાંસ, ઇંગ્લેડમાં રજુઆત કરી હતી જે તે સમયે ખૂબજ મોટી વાત ગણાતી હતી.

તેઓશ્રીએ ગુજરાતી ડ્રામા પોડ્યુસર ગીલ્ડના - ખજાનચી, ગુજરાતી ડ્રામા એક્ટર ગીલ્ડના - ઉપપ્રમુખ, અખીલ ભારત લોકનાટ્ય સંઘના ગુજરાતી સભ્ય, ઇન્ડીયન પીપ્લસ થીયેટર (મુંબઇ) શાખાના ખજાનચી, શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહની સમિતિના સભ્ય, શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થી સંઘના માનદ્ સભ્ય, અભિવાદન ટ્રસ્ટના ગુજરાતી ચલચિત્ર એવોર્ડ સમિતિના અધ્યક્ષ જેવા અનેક પદો ઉપર મુલ્યવાન સેવાઓ આપી હતી.

તેમની અભિનયની ઓજસ્વિતાનું કચ્છ શક્તિ તરફથી 'ફિલ્મ રત્ન'એવોર્ડ, કચ્છની વિવિધ સંસ્થાઓ તરફથી કચ્છી પાઘ પહેરાવી, હુબલી મહિલા મંડળ, ક.દ.ઓ. મહાજન ગદગ, લાયન્સ કલબ અમદાવાદ, જૈન સોશ્યલ ગ્રુપ - મુલુંડ, જેવી સંસ્થાઓ તરફથી શાલ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી ચાંપશીભાઇ નાગડાનો ષષ્ઠીપૂર્તિ કાર્યક્રમ બિરલા માતુશ્રી સભાગૃહમાં દબદબાબેર ઉજવાયો હતો. આ પ્રસંગે એમના જીવનના મહત્વના પ્રસંગો દર્શાવતા ફોટોગ્રાફ્સ તથા શુભેચ્છા સંદેશાઓનું દળદાર પુસ્તક 'અભિવાદન ગ્રંથ' તા. ૫ જુન ૧૯૮૧ના પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુંબઇમાં મેમરશ્રીના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમના ષષ્ઠીપૂર્તિ સન્માન સમિતિમાં નાટ્ય અને ફિલ્મ જગતના અનેક દિગ્ગજોના નામો ગ્રંથમાં વાંચી શકાય છે.

શ્રી ચાંપશીભાઇ નાગડાના વિરાટ વ્યક્તિત્વને શબ્દોમાં કંડારવું કઠીન કાર્ય છે. કારણ કે તેઓ જીવનભર રંગભૂમિ ચલચિત્રો તથા સાંસ્કૃતિક પ્રવાહોને સમર્પિત રહ્યા હતા. ખરેખર ક.દ.ઓ. જ્ઞાતિના નાટ્યકલા ક્ષેત્રના મહારથી એવા શ્રી ચાંપશીભાઇ નાગડાને ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે પ્રકાશ સમીક્ષા પુરા સન્માન સહ યાદ કરી તેમના જીવનકર્મને શબ્દોથી વધાવે છે.

**– તંત્રી મંડળ**


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૨

**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**



(ગતાંકથી ચાલુ...)

નાનપણથી જ મારામાં એક ટેવ હતી. જીજ્ઞાસાવૃત્તિ ધરાવવાની. કોઈપણ કાર્ય કે ક્રિયા કરતા પહેલા ''આમ કેમ ? શા માટે આમ જ ? આ ક્રિયા પાછળની મહત્તા શું ? ઉદ્દેશ્ય શું?'' આવા પ્રશ્નો મારા મનમાં રમતા રહેતા. આનો જવાબ ઘરના વડિલો પાસેથી સંતોષકારક મળતો નહી.

શંકા જો શિક્ષણ પુરતી મર્યાદિત હોય તો શિક્ષકો અપુર્તો જવાબ આપી ''બાકી ગાઈડ માંથી વાંચી લેજો અથવા જોયો ના હોય મોટો G.K. નો ખાં !'' કહી નિરુત્સાહિ કરતા અને હું વિદ્યાર્થી મિત્રોના ઠઠ્ઠા મશ્કરીનો શિકાર બનતો.

ધાર્મિક પ્રશ્ન હોય તો સાધ્વી-સાધ્વી ભગવંતોને પુછું તો થોડુંક સમજાવતા પણ વધુ જાણવા માટે દલીલ કરતો તો જવાબ મળતો ''શાસ્ત્રોમાં લખ્યું છે.'' અને વાતની પુર્ણાહુતિ. પણ કેટલાક જ્ઞાની સાધુ-સાધ્વી ભગવંતો શાતા અને પ્રેમપૂર્વક ઉદાહરણ સહિત પ્રશ્નોનું નિરાકરણ કરતા અને એ વિષેય પર જાણકારી મળી શકે તે માટે કેટલાક પુસ્તકો-શાસ્ત્રોના નામ સુચવતા. તો વળી કેટલાક પોતાની પાસે અથવા ઉપાશ્રયજીમાં એ ગ્રંથ ઉપલબ્ધ હોય તો તે વાંચવા-વિચારવા-મનન કરવા આપતા અને આ જ્ઞાન પિપાસુની તરસ છિપાતી.

પ્રતિક્રમણ-સામાયિક ઉપર વિચાર-વિમર્શ કરવા કેટલાક સાધુ-સાધ્વી ભગવંતો પાસેથી પ્રાપ્ત કરેલ જ્ઞાન તેમજ તેમના તરફથી સુચવાયેલ પુસ્તકોના આધારે આ લેખ તૈયાર કરેલ છે.

સાંઈ મકરંદ દવેની અતિ જાણીતી કવિતાની બે પંક્તિ રજુ કરી મારો લેખ આપની સમક્ષ મુકવાનો પ્રયત્ન કરીશ.

**''ગમતાને અલ્યા ગુંજે ના ભરીયે,**
**ને ગમતાં નો કરીએ ગુલાલ;**
**ગાંઠે ગરથ બાંધી ખાટી શું જિંદગી ?**
**સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી ?**
**આવે તે આપ કરી પળમાં પસંદગી,**
**મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી;**
**ને વેર્યે ફોરમનો ફાલ.''**

**ગમતાનો૦**

(ગરથ = નાણું, પૈસો)

જૈન ધર્મની અતિ મહત્વની ક્રિયા એટલે **આવશ્યક ક્રિયા.** સાધકોને આત્મવિશુદ્ધિ માટે કરવા યોગ્ય અનુષ્ઠાનોને આવશ્યક કહે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ ચતુર્વિધ સંઘને સવાર-સાંજ બે વખત અવશ્ય કરવા યોગ્ય ક્રિયા છે. જેનું કથન આવશ્યક સુત્રમાં છે. વ્યવહારમાં તેને પ્રતિક્રમણ સુત્ર કહે છે.

''सामाइयं चउवीसत्थओ वंदणयं ।
पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं ।।''

ઉપરની ગાથાનો સામાન્ય ગુજરાતી ભાષામાં અનુવાદ આ પ્રમાણે છે. સામાયિક, ચોવીશ જિનેશ્વરની સ્તુતિ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ - આ છ આવશ્યક છે.

મારી જેમ ઘણા શ્રાવક-શ્રાવિકાઓ સામાયિક અને પ્રતિક્રમણ વચ્ચે રહેલો સુક્ષ્મ ભેદ પારખી શકતા નથી. તેથી કેટલાક શ્રાવક-શ્રાવિકાઓ પ્રતિક્રમણના વ્રત લઈને સામાયિક કરતા હોય છે, તો કેટલાક શ્રાવક-શ્રાવિકાઓ વ્યાખ્યાન ઈત્યાદિ દરમ્યાન અથવા ફુરસદની વેળાએ સામાયિક કરે છે.

હવે આવશ્યક સુત્રના છ વિભાગોનું વિસ્તારપૂર્વક ચર્ચા કરી મનન કરીએ.

ચારિત્રનો પ્રાણ ક્રિયા છે અને ક્રિયાનો પ્રાણ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ એ છ આવશ્યકમય છે. (૧) સામાયિક-સમભાવ, સમતા. (૨) ચતુર્વિંશતિસ્તવ-ચોવીસ તીર્થંકરોની સ્તુતિ. (૩) વંદન-ગુરુદેવોને વંદન. (૪) પ્રતિક્રમણ-સંયમમાં લાગેલા દોષોની આલોચના. (૫) કાયોત્સર્ગ-કાયાનો ઉત્સર્ગ અર્થાત્ શરીના મમત્વનો ત્યાગ. (૬) પ્રત્યાખ્યાન અથવા પચ્ચક્ખાણ - આહારાદિ આસક્તિનો ત્યાગ.

આ લેખને તૈયાર કરવામાં ''સમણસુત્તં'' - જૈન ધર્મસાર અનુવાદક : પ.પૂ. મહોપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી મ.સા., તથા શ્રીમતી ભારતી શાહનો લેખ ''છ આવશ્યક ક્રિયાઓ અને તેની આવશ્યકતા'' લેખોની મદદ લીધી છે. તેમનો આભારી છું. આ લેખમાં જિનઆજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મન-વચન-કાયાથી મિચ્છામિ દુક્કડમ્

**''મોક્ષપ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર આ રત્નત્રેયની આવશ્યકતા છે.**

**(વધુ આવતાં અંકે...)**

# ARIHANT BANK
## SHRI ARIHANT CO-OP. BANK LTD.

ESTD. 1984

**Head Office : GB 10A & 10B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 400 083.**
**Phone: 022-2579 9326/96198 46622 E-mail: acblho@arihantbank.com Website : www.arihantbank.com**

# Loan Against GOLD

## @ 9.00% p.a.

for

Business / Personal Purpose

# Loan Against LIC / LIP

## @ 8.00% p.a.

for

Business / Personal Purpose

**BHANDUP BRANCH**

A, Anant Siddhi, 107, L.B.S. Marg,
Bhandup (W), Mumbai - 400 078.
**Ph No. : 86526 30381**

**MULUND BRANCH**

51, Safalya, Dr. Ambedkar Road,
Mulund (W), Mumbai - 400 080.
**Ph No. : 86526 30382**

**GHATKOPAR BRANCH**

5/6, Laxmi Palace, L.B.S. Marg,
Ghatkopar (E), Mumbai - 400 077 .
**Ph No. : 86526 30383**

**CHINCHBUNDER BRANCH**

G-1, Anant Niwas, 262/70,
Narshi Natha Street, Mumbai - 400 009.
**Ph No. : 86526 30384**

**MOHILI VILLAGE BRANCH**

C/2, Dhanlaxmi CHS Ltd.,
Ghatkopar-Andheri Link Road, Asalfa,
Ghatkopar (W), Mumbai - 400 072.
**Ph No. : 86526 30385**

**DOMBIVLI BRANCH**

Shop No. 6,7&8, Vinayak Chhaya Bldg.,
Gr. Floor, Baba Saheb Joshi Marg, Dombivli (E),
Thane - 421 201. **Ph No. : 86526 30386**

**VASHI BRANCH**

H-101, F-1, Vyapar Bhavan, Dana Market-2,
Phase-II, Sector-19, APMC, Vashi,
Navi Mumbai - 400 703. **Ph No. : 86526 30387**

**THANE BRANCH**

Shop No. 2&3, Gr. Floor, Shree Datta Prasad Bldg.,
Ram Maruti Cross Road, Opp. New English School,
Naupada, Thane (W) - 400 602. **Ph No. : 86526 30388**

**MATUNGA BRANCH**

9&10, Gr. Floor, Nishant Bldg., Dadar Matunga
Estate, Matunga Division, Bau Daji Road,
Matunga, Mumbai - 400 019. **Ph No. : 86526 30389**

**BORIVALI BRANCH**

Shop No. 001, Gr. Floor, A-Wing,
Shreyas Kesar Baug CHS, Lokmanya Tilak Road,
Borivali (W), Mumbai - 400 092.
**Ph No. : 86526 30390**

## વતનનો સાદ..




અબડાસાના ગામોમાં દશા ઓસવાલોની ૩૦ વરસ પહેલાની અને હાલની સંખ્યાની સરખામણીમાં ૩૦ વરસ પહેલા કચ્છનાં મૂળ ગામડામાં કેડીઓની સંખ્યા જે ૧૭૦૦૦ હતી તે આજે માત્ર ૩૫૦ ની રહી છે એવો લેખ વાંચ્યો. આવું જ હાલાર વિભાગના દશા અને વીસાનાં ગામડાને લગતું છે. ઓસવાલોનું કચ્છ-હાલારનાં ગામડામાંથી મોટે પાયે સ્થળાંતર થયું છે. કચ્છમાં આદિપુર, ગાંધીધામ, ભૂજમાં વસવાટ જરૂર વધ્યો છે પણ મૂળ ગામડામાં તો ઘસારો જ છે.

ગામડું છોડી મુંબઈ જેવા શહેરોમાં આવ્યા. વાણી, વસ્ત્રો અને રીતભાતમાં કૃત્રિમતા અને બદલાવ આવ્યો. સુશિક્ષિત બન્યા. પરંતુ કોરોના જેવી બિમારીએ વિચાર કરતાં કરી દીધા કે ગામડું છોડી માનવી શહેર ભણી દોટ મુકી, પણ શહેર શું માનવીને ફળ્યું છે?

કોરોનાએ આજે વિશ્વને ગામડાનો રસ્તો બતાવી દીધો છે. યહુદીઓની મિસરમાંથી હિજરત, બીજા વિશ્વ યુધ્ધ વખતની યહુદીઓની હિજરત, યુગાન્ડામાં ઈદી અમીનને કારણે થયેલ હિજરત જેવી અનેક હિજરતોથી મોટી હિજરત કોરોનાથી થયેલ છે.

કુદરતને માણવા વિમાનમાં બેસી રજાઓમાં નવા નવા સ્થળો જોવા દોડતા માનવીને ગામડું કહી રહ્યું છે કે શિતળતા પામવા માનવી શું દોડી રહ્યો છે એ શિતળતા મારી ગોદમાં પડી છે. તને આવકારવા વરસોથી તારી રાહ જોઈ રહ્યો છું. કોરોનાને લીધે શહેરમાં વસતાં આપણાં ઘણા ભાઈઓએ નોકરીઓ ગુમાવી છે કે અડધા કે ત્રીજા ભાગનો પગાર સ્વીકારવો પડે છે, નાના વેપારી કે ઉદ્યોગકારોના ધંધા ભાંગી પડ્યા છે, મજુરી કે ફેરી દ્વારા દૈનિક કમાવનારા બેરોજગાર બની ગયા છે. બીજી તરફ મોંઘવારી ખુબ વધી ગઈ છે. લોનોના હપ્તા અને વ્યાજનું ભારણ વધી ગયું છે. સ્વમાની મધ્યમ વર્ગની હાલત દયામય છે. સહાય મેળવવા હાથ પણ લાંબો કરી શકતો નથી!!! સમાજ ગામવાસી સમાજ તરફથી થોડી સહાય અપાઈ છે પરંતુ તે પર્યાપ્ત નથી અને હવે તે પણ મલતી ઓછી થઈ ગઈ છે. મુશ્કેલી વખતે સમાજ, ગામ કે શ્રીમંતોએ થોડી સહાય આપી છે પરંતુ તેથી આપણાં જરૂરિયાતમંદ ભાઈઓની સ્થિતિ પરાવલંબી બની છે. જરૂર છે આપણાં આવા ભાઈઓને સ્વાલંબી બનાવવાની.

કોરોનાએ શીખ આપી છે ગામડાને સજીવન કરવાની. આજે ખેતી ઘણી સમૃધ્ધ અને આધુનિક બની ગઈ છે. આ ઉપરાંત પશુપાલન, ડેરી, ટ્રાન્સપોર્ટ, ટ્રેક્ટર ભાડા, ગૃહ ઉદ્યોગમાં પાપડ, ખાખરા, મસાલા, અથાણાં બનાવવા વિ. દ્વારા ગામમાં પણ ઘણી ઉજળી તકો આવી છે. કચ્છી વીસા ઓસવાલનાં ભુજપુર, બિદડા, ખાખર, કોડાય જેવા કંઠીના ગામડાઓએ આ ક્ષેત્રે સારી પ્રગતિ સાધી છે. શું આપણે વતનનો સાદ સાંભળશું ?

એ વખતના સંજોગો જુદાં હતા. પાડાનાં કાંધ જેવી જમીન હતી પરંતુ વારંવાર પડતા દુષ્કાળ, આકરા કરવેરા, રાજકીય અસ્થિરતા, અમલદારોનો ત્રાસ, ભૂકંપ જેવી હોનારતોને લીધે વતન છોડવાનો વખત આવ્યો. અર્થ ઉપાર્જનનાં સાધનોનો અભાવ હતો તેથી ભાટિયા, લોહાણાઓએ મુંબઈમાં જવાની પહેલ કરી અને પાછળથી આપણે તેમનું અનુકરણ કર્યું.

આપણા વડિલોની દુરંદેશી હતી કે જ્યારે જ્યારે સારૂં કમાયા ત્યારે વતનને ન ભુલ્યા અને અઢળક સંપત્તિ વહાવી ગામડાઓમાં દેરાસર, ઉપાશ્રય, જ્ઞાનશાળા, અતિથિગૃહ, ભોજનાલય, મહાજનવાડી ગૌશાળા અને પાંજરાપોળોની સ્થાપના કરી કોરોના જેવી મહામારીએ બદલાતા સમયમાં કેમ જીવવું તે માટે વિચારતા કરી દીધા છે. કચ્છ અને હાલાર હવે પહેલાં જેવા પછાત રહ્યા નથી. નોકરી, રોજગાર, નાનાં ઉદ્યોગો-વ્યવસાયો માટે અનેક તકો ઉભી થઈ છે. ખેતી પણ હવે આધુનિક અને ઉપજાઉ બની ચુકી છે. દરેક ગામવાસી શ્રીમંત આગેવાનોએ આ બાબતે વિચારણા કરી ગામડા ફરી વસાવવાનો પ્રયત્ન કરવો સમયની માંગ છે

કોરોનામાં નોકરી કરતો કે દૈનિક મજૂરી, નાનો વ્યવસાય કરતા વર્ગને ખૂબ સહન કરવાનું આવ્યું છે અને આવનારો સમય પણ બહુ સારો નથી દેખાઈ રહ્યો. અંહી દુઃખમય જીવન જીવવા કરતાં સ્વાભિમાનપૂર્વક જીવવા ગામડું ઉત્તમ પર્યાય છે. ગામડા પ્રત્યે આપણો અભિગમ બદલવાની જરૂર છે. તો જ આપણાં વડિલોએ સ્થાપેલ અકસ્યામતોને આપણે સાચવી શકશું. ગામડાને ટકાવી રાખવા માટે શહેરમાંથી થોડો પ્રવાહ ગામડે વાળવો જરૂરી છે. આપણાં શ્રેષ્ઠીઓ પાસે વિશાળ જ્ઞાતિદાઝ અને દીલેરી છે જે આ પડકાર સહજતાથી ઝીલી શકે. સાંભળવા મળ્યું છે કે સુથરીએ આ સંકેતો ઝીલી લઈ પોતાના ગામની જવાબદારી ઉપાડી લીધી છે. એમનું આ સમયોચિત્ત પગલું અનુમોદનીય છે અને બીજા ગામનાં આગેવાનોએ તેની નોંધ લઈ આગળ આવવું જોઈએ. સમસ્ત મહાજને કે મુંબઈ મહાજન જ્યાં આપણા બહોળો વસવાટ છે એમણે આગેવાની લઈ દરેક ગામના આગેવાનોને જવાબદારી ઉઠાવવા અને થોડા પરિવારોને સમજાવી ગામડે વસવાટ કરવા સમજાવવા જરૂરી બને છે.

**- રમેશ મુલજી લોડાયા,** ભરૂડિયા-મુલુંડ
મો. 98203 36767

## ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ'' મણકો ૬-૭-૮ના શ્રી વિનોદભાઈ ખીમજી લોડાયાના લેખ ઉપર વિચાર

સન્માનનીય ધર્માનુરાગી શ્રી વિનોદભાઈ લોડાયા,

જય જિનેન્દ્ર,

સૌ પ્રથમ તો હું પ્રકાશ સમીક્ષાના તંત્રી મંડળનો આભાર માનું છું કે તેમણે આપનો પત્ર ''ચર્ચાને ચોતરે'' કોલમમાં સમાવીને વાચકોને પોતાના પ્રતિભાવો આપવા પ્રેરિત કર્યા છે.

બીજુ ચર્ચાને ચોતરેમાં તેમણે જે ''લોગો''નો ઉપયોગ કર્યો છે તે અદ્‌ભૂત છે અને શ્રી મહાવીરના ''અનેકાન્ત'' વાદને અનુરૂપ છે. એક તરફથી વાંચવાવાળાને ''૬'' નો આંકડો દેખાય છે જ્યારે બીજી તરફથી વાંચવાવાળાને ''૯''નો આંકડો દેખાય છે. **આજ પરિસ્થિતી મારા લેખને લાગુ પડતી નથી ?** કોઈપણ પરિસ્થિતિ અથવા વસ્તુને જોવાની દરેકની જુદી-જુદી દ્રષ્ટિ હોય છે ભલે પછી વસ્તુ એક જ હોય. તંત્રી મંડળને આવો અર્થસભર લોગો પસંદ કરવા માટે મારી સો-સો સલામ.

પ્રકાશ સમીક્ષાના અંક નંબર ૭માં છપાએલ આપના લેખમાં આપે મારો લેખ ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ'' પર આપના વિચારો રજુ કર્યા તેનો મને આનંદ છે. પ્ર-સ માં મારા લેખ ઘણા વાચકોએ વાંચ્યા હશે, પણ તેઓએ કલમ ઉઠાવી પોતાના પ્રતિભાવો આપ્યા નથી. જો કે ટેલીફોન ઉપર અને વોટ્સએપ દ્વારા કેટલાકે મારા લેખની ટીકા કરી છે તો કેટલાકે મને બિરદાવ્યો છે. હું એ બધાનો આભારી છું.

પહેલી વાત તો આપશ્રી મારા લેખ માંની ઘણી બાબતો સાથે સહમત છો તેનો મને અતિઆનંદ છે. જેમકે (૧) ધર્મ શબ્દ ધૃ ધાતુમાંથી નિકળેલ છે જેનો અર્થ વસ્તુને ધારણ કરનાર થાય છે. એ વાત બરાબર છે. (૨) મણકો-૮ : પરમ ચૈતન્ય કોઈનો એકાધિકાર નથી એ વાત તદ્દન સાચી લાગે છે.... પુરૂષાર્થ કરવો જોઈએ.

આપશ્રીને વિનંતી કે આપશ્રી ફરીથી મણકો નંબર-૧થી મારા લેખો ઉપર વિહંગવાલોકન કરી લેશો જેથી ભવિષ્યમાં મારા લેખો લખવાનું પ્રયોજન આપને મળશે. ટુંકાણમાં એ વાત અહીં દોહરાવી છે.

બે વર્ષ પહેલા પર્યુષણ પર્વની આરાધના વખતે કોઈ એક બહેને, સુથરીમાં શ્રી રમેશ હિરજી લોડાયાને (મંજલ-ડોમ્બીવલી) સવાલ કર્યો કે ધર્મ એટલે શું. શ્રી રમેશભાઈ નવકારશી કરતા હોવાથી ઉત્તર આપી શકયા નહીં. એટલે તે બહેનને હું જૈન ધર્મના મુળભૂત સિદ્ધાંતોને સમજ્યો હતો તેના આધારે ટુંકમાં જવાબ આપ્યો કે ''જૈન ધર્મ એટલે (૧) અહિંસાનું પાલન, (૨) અનેકાંતવાદ, (૩) અપરિગ્રહનું પાલન... અને ત્યાંથી આ લેખમાળા લખવાની મને સ્ફુરણા મળી છે, કારણકે એ બહેન અને મારી માફક જૈન ધર્મને સમજવા ઘણા લોકો અટવાયા કરે છે.

હું માનું છું કે દુનિયાના બધા ધર્મો પોતપોતાની રીતે શ્રેષ્ઠ છે, બધા ધર્મોના મુખ્ય તત્ત્વો એક સમાન છે, પણ કેટલીક વિચારશીલ વ્યક્તિઓએ ધર્મના સિદ્ધાંત પર ઉંડો વિચાર કરી પોતાને મુખ્ય ધારાથી અળગા પાડી નવા વિચાર-પ્રવાહની સ્થાપના કરી છે.

**''જ તત્વ મિંજા તાણે કરે હિકડ઼ી ગાલ પૂછઈ;**
**ત ડાએ કચાં ડાયા જુજ નેં ચરેં ડના ચઈ.''**-કવિ 'તેજ'

આજે આપણા જ જૈન ધર્મમાં જુદા-જુદા પંથો છે. મૂર્તિ પૂજામાં માનનારા- શ્વેતામ્બર મુર્તિપૂજક, ન માનનારા સ્થાનકવાસી, તો કેટલાક દિગમ્બર ધારાને માનનારા પણ વતે-ઓછે અંશે છે.

આજકાલ આપણા સમાજમાં ૭ થી ૮ ગચ્છ પ્રવૃતમાન છે. જૈન ધર્મનો મારા કરતાં વધુ અભ્યાસ કરનાર એક સાધકભાઈએ તો મને જણાવ્યું કે કોઈ સમયે જૈન ધર્મમાં ૫૦થી પણ વધુ ગચ્છો પ્રર્વતમાન હતા.

મનુષ્ય બધા પ્રાણીઓમાં નોખો તરી આવે છે કારણ કે તેને વિચારવાની શક્તિ પ્રાપ્ત છે. તેનામાં જિજ્ઞાસાવૃત્તિ હોય છે અને સંતોષકારક જવાબ ન મળે તો તે સંશોધન કરવા પ્રેરિત થાય છે. આ લેખમાં આપના પત્ર દ્વારા ઉભી કરેલ કેટલીક શંકાઓ તેમજ આપના સુચનો પર અત્યારે વધુ લખતો નથી, પણ આ લેખ માળા પુરી થતા જરૂરથી લખીશ, કારણ કે ત્યાં સુધી મારી લેખમાળાઓ માંથી મહદ્ પ્રશ્નોના આપને જવાબ મળી રહેશે. આ લેખો લખતા અંતે ગુજરાતના નામાવંત શાયર શ્રી જલન માતરીનો અતિજાણીતો અનુપમ શેર અહીં મુકુ છું.

**''રહસ્યોના પડદા ફાડી તો જો,**
**ખુદા છે કે નહીં હાંક મારી તો જો... ?**
**ખબર તો પડે મોતીઓ છે કે નહીં,**
**સમંદરમાં ડુબકી લગાવી તો જો...?''**

**સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

# પ્રવીણભાઇની સામાજીક સફર




પ્રવીણભાઇએ પ્રકાશ સમીક્ષા અને એના વાચક ગણને અલવિદા કહી તે વાંચીને દુ:ખ થયું કારણ કે તેમના મનનીય લેખ હવે વાંચવા નહીં મળે. અને આનંદ પણ થયો કે હવે તેઓ પોતાની મરજી પ્રમાણે જીવી શકશે અને પોતાનું પાછલું જીવન આનંદથી પસાર કરી શકશે.

દરેક વ્યક્તિ પોતાની આગવી અભિવ્યક્તિથી સાહિત્ય સર્જનમાં ફાળો આપે છે. એમણે છેલ્લા ૨૦ વર્ષથી સતત નવા-નવા વિચારો આપણી સમક્ષ મુક્યા હતા. સામાજીક સમસ્યાઓને પણ લેખન સ્વરૂપે રજુ કરીને સમાજને જાગૃત કરવાનું કામ કર્યું હતું.

સાથે સાથે પોતાના વડોદરા સમાજને આગળ લાવવા અને દેશભરમાં વડોદરા મહાજનને પ્રથમ હરોળ પર પહોંચાડવા અથાક મહેનત કરી હતી. ઘણી નવી નવી યોજનાઓ તેઓ લાવ્યા હતા. દાખલા તરીકે વેલફેર યોજના. જેમાં વડોદરા સમાજને શૈક્ષણિક અને મેડીકલ ચિંતામાંથી મુક્ત કર્યા હતા.

સમાજના કોઇ પણ નાના-મોટા કામ હાથ પર લે એને પુરૂં કરીને જ જંપે. એમના માટે સમાજ જ સર્વોપરિ હતું. સમાજને પુરેપુરા સમર્પિત હતા. એના લીધે ઘરબાર ઉપર તેમનું દુર્લભ લેખાઇ આવ્યું હતું. પરંતુ સમાજ અને એમના નસીબે એમને ભરત-લક્ષ્મણ જેવા ભાઇ મળી આવ્યા એટલે તેઓ સમાજની અને જ્ઞાતિની સેવા કરી શક્યા. કેતનભાઇનો એમને સંપૂર્ણ ટેકો અને સહકાર મળવાથી તેઓએ સમાજના કાર્યોમાં પોતાનું મન પરોવી દીધું.

પરોપકારી સ્વભાવ, નમ્રતા, સદાય હસતા રહેવું, કોઇ ગાળો આપે તો મૌન રહીને એનો સામનો કરવો, એનાથી કોઇ પ્રકારના વેરભાવ રાખવો નહીં આ બધા ગુણો બન્ને ભાઇઓમાં વારસાગત આવ્યા છે. જેનાથી હમેશાં એમને ઈશ્વરનો સાથ મળતો રહે છે. દરેક તકલીફો ઈશ્વરને અર્પણ કરીને પોતે નિશ્ચિત રહેવું એ સૌથી મોટો ગુણ છે જે એમને સહજ પ્રાપ્ત છે.

હવે આપણે પ્રવીણભાઇએ વડોદરા સમાજ માટે કરેલા કાર્યોનું મુલ્યાંકન કરીએ. વડોદરા સમાજ એક ઊભરતો સમાજ હતો ૩૦/૩૫ વર્ષ થયા પણ હજુ પર્યુષણ ઉજવવા માટે એમની પાસે હોલ ન હતો. આવકાર હોલ કે બીજા કોઇ હોલમાં પર્યુષણ ઉજવતા હતા. આપણા ત્રીસ થી પાંત્રીસ ઘરના કેડીઓ સમાજને હાલનું કામ ખરીદવા શ્રી રતિલાલભાઇ પનપારિયા અને એમના સાથીઓના સહકારથી પુરૂં પાડ્યું. તેમાં તેમણે હોલ બતાવવાનું પ્રોવીજન રાખ્યું હતું.

પ્રમુખ શ્રી ઠાકરશી પનપારિયાના આશિર્વાદથી પ્રવીણભાઇએ હોલ બનાવવાનું બીડું ઝડપ્યું હતું. પોતાના ૫ લાખ થી શરૂ કરીને ૨૦ મીનીટમાં ૨૮/- લાખ ભેગા કરી આપ્યા હતા. અને હોલ બની ગયું, વિઘ્નો તો આવે જ. પર્યુષણ પર્વને ૪ દિવસ રહ્યા હતા ત્યારે જ તેમના માતુશ્રીનું અવસાન થયું. મન મજબુત રાખી બન્ને ભાઇઓએ દૃઢ મનોબળથી આ કાર્ય કરી આપ્યું. માતુશ્રીને અગ્નિદાહ આપીને તરત જ નાહી ધોઇને કેતનભાઇ કામે લાગી ગયા. દશ વર્ષમાં એમણે વડોદરા સમાજની સીકલ બદલી નાંખી.

પ્રમુખશ્રી ઠાકરશીભાઇ, નગરશેઠ રાજેશભાઇ મોતા (ટીકિટાર ઇન્ડસ્ટ્રીઝ) અને નવીનચંદ્ર ઠાકરશી ધરમશીના સાથ અને સહકારથી નવું શીખરબંધ દેરાસર, ઉપાશ્રય વિગેરે બનાવીને કે.ડી.ઓ. સમાજને ટોપ ઉપર પહોંચાડ્યું.

એક વખત સમાજમાં બે ભાગલા પડશે એ દેખાઇ આવતા રાતના દશ વાગે ગચ્છાધિપતિ ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજ પાસેથી માંગલિક સંભળાવીને ફરી સમાજને એક સુત્રે બાંધ્યા હતા. પુ. આચાર્યશ્રી રાતના ૮ વાગે સુઇ જાય પણ પ્રવીણભાઇની વિનંતીને તેઓશ્રી નકારી ન શક્યા. કારણ કે પુજ્યશ્રીએ એમને કહ્યું કે મુંબઇ જૈન મહાજને મુંબઇથી કુથરી સુધી કાઢેલા પગપાળા સંઘમાં રાત્રી પડાવમાં કામ કરતા જોયા હતા. પાલેજથી ધોલેરા સુધી લગભગ ૨૦૦ કી.મી. માં બધા જ પડાવ એમણે બુહ જ સુંદર રીતે કરી આપ્યા હતા. ગામેગામ જઇને ખેતરવાળા, જમીનવાળાને સમજાવી પટાવીને તેમણે ધાર્યા કરતા બહુ જ ઓછા ખર્ચે પડાવ કરી આપ્યા હતા. આમાં મલકાપુરના છત્રપતી દંડનો પુરેપરો સહકાર એમને મલ્યો હતો.

એક પછી એક કાર્યો હસતા મુખે તેઓ કરતા રહ્યા. પુ સર્વોદય સાગરજીને ''આગમ''નું પુસ્તક બનાવવું હતું. આજુબાજુના ઘણા ગામોના જ્ઞાન ભંડારમાંથી પુસ્તક લઇ આપીને આગમના પ્રિન્ટીંગથી વિમોચન સુધીનું સંપૂર્ણ કાર્ય સુપેરે પાર પાડ્યું હતું.

ક.દ.ઓ. સમાજના ૭માં વસતીપત્રકમાં પણ તેમણે આગળ પડતો ભાગ ભજવ્યો હતો. વસતીપત્રનું લગભગ ૮૦ ટકા કામ એમણે સમગ્ર વડોદરા સમાજના સહયોગથી પુરૂં કર્યું હતું જ અને વડોદરાનું નામ વસતીપત્રકમાં સંકલનકાર તરીકે અપાવ્યું હતું.

એક વખત અમે વડોદરા સંઘને પાલીતાણા લઇને ગયા હતા ત્યારે સમાજના હોલ માટે એક દાતાને મળવા ભર બપોરે ઉનાળામાં ચંપલ વગર એમની ભેટ કરવા દોડ્યા હતા. કામ ચાલુ હતું તેથી કપચી પાથરેલી હતી. પગમાંથી લોહીની ધારો ચાલુ થઇ પણ તેમણે એમની મુલાકાત લીધી અને દાનની રકમ ત્યાંજ નક્કી કરી લીધી.


બધાને ખબર છે સમાજના કામ કરવા એટલે લોઢાના ચણા ચાવવા બરાબર છે. જશ તો મળે નહીં, જોડા જ ખાવા પડે. તેમને કહ્યું કે આટલી બધી તકલીફ કેમ લો છો ત્યારે એમણે કહ્યું ભરત, આ બંધુ દેવગુરૂની પ્રેરણાથી થઇ જાય છે. આપણી શું હસ્તી ? આવા સરળ સ્વભાવના માણસ સમાજને મળ્યા તે સમાજના અહોભાગ્ય કહેવાય. બધાના અહમ્ સાચવવા, દરેકના વિચાર અલગ-અલગ હોય તેમને ભેગા કરવા એ કાંઇ નાની સુની વાત નથી એટલે તો મેં અને મારા ધર્મપત્નીએ તેમને ભીષ્મ પિતામહની પદવી આપી છે.

ભગવાન પ્રવીણભાઇને દીર્ઘ આયુષ્ય અને તંદુરસ્તી પ્રદાન કરે અને વડોદરા સમાજ એમના કાર્યને સદાય યાદ રાખે એવી પ્રાર્થના.

– **ભરત ચત્રભોજ લોડાયા**, સાંધાણ-વડોદરા


**શ્રી આણંદ પરિવાર તરફથી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

**૩૩ મી પુણ્યતિથી** **૧૩ મી પુણ્યતિથી**







**(તેરા-કચ્છ)**

**પિતાશ્રી શામજી કેશવજી દંડ**
દેહ વિલય : તા. ૧૩-૧૨-૧૯૮૭

**માતુશ્રી વિજયાબેન શામજી દંડ**
દેહ વિલય : તા. ૦૩-૧૨-૨૦૦૭

*જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ બક્ષે તેમ આપ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા, આપનો નિઃસ્વાર્થ સ્વભાવ, પ્રમાણિકતા અને કોઠાસૂઝનો વારસો અમારા માટે માર્ગદર્શક બની રહેશે. ઈશ્વર આપના સદ્ગત આત્માને શાંતિ બક્ષે એવી પ્રાર્થના.*

**-: શ્રધ્ધાંજલિ સુમન :-**

**સમસ્ત આણંદ પરિવાર તથા**
**નરેન્દ્ર, ચિમન, હરીશ, હિરેન, મધુકાંત તથા મણીબેન**
**અને પુત્રવધુઓ – બાળકો તેમજ સમસ્ત પરિવાર**



**ACBL ESTD. 1984**

# ARIHANT BANK

**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

**Head Office : GB 10A & 10B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 400 083.**
**Phone: 022-2579 9326/96198 46622 Fax: 022-2579 9323**
**E-mail: acblho@arihantbank.com Website : www.arihantbank.com**


The Notice is hereby given to the members of Shri Arihant Co-operative Bank Ltd. that the Bank proposes to conduct its 37th Annual General Meeting (AGM) through Video Conferencing (VC) or Other Audio Visual Means (OAVM).

All the members are requested to email scanned copy of shareholder profile form which is available on the Bank's website www.arihantbank.com or with the branch, containing details such as their Name, Membership Number, Mobile Number & Email ID, duly signed to members@arihantbank.com or submit the shareholder profile form on or before 30.11.2020 to the nearest branch so that the notice of the AGM can be communicated through VC/OAVM with the members on their registered Mobile Nos or Email IDs.

**Date: 17.11.2020**

**sd-**
**Chitra Ramakrishnan,**
**General Manager**

# મારી માની સમસ્યાઓ




મારી માને ઘણી સમસ્યાઓ હતી. એને ઊંઘ ન આવતી અને એ સાવ નંખાઈ ગયાનું અનુભવતી હતી. એ એકદમ છેડાઈ પડતી અને એનામાં કડવાશ આવી ગઈ હતી. એ હમેશાં બિમાર રહેતી. એક દિવસે એ અચાનક બદલાઈ ગઈ.

પરિસ્થિતિ તો એ ની એ જ હતી પણ મા અલગ હતી.

એક દિવસ મારા પિતાએ એને કહ્યું;

હું ત્રણ મહિનાથી નોકરી શોધું છું પણ મને કશું જ મળતું નથી એટલે હું મારા મિત્રો પાસે જઈને થોડીક બિયરો પીવાનો છું.

મારી માએ કહ્યું; ભલે.

મારા ભાઈએ એને કહ્યું;

મમ્મી, મારી યુનિવર્સીટીમાં બધા વિષયોમાં મારો નબળો દેખાવ છે.

મારી માએ કહ્યું;

ભલે, તું બેઠો થઈ જઈશ અને કદાચ ન થા તો સેમેસ્ટર રીપીટ કરજે પણ ટ્યુશનના પૈસા તું ભરી દેજે.

મારી બહેને એને કહ્યું;

મમ્મી, હું કાર ભટકાડી આવી છું.

મારી માએ જવાબ આપ્યો;

ભલે દીકરી, એને ગેરેજમાં લઈ જા અને પૈસા કઈ રીતે ચૂકવવા તે શોધી કાઢ અને એ લોકો રીપેર કરે ત્યાં સુધી બસ કે મેટ્રોમાં મુસાફરી કર.

એની પુત્રવધુએ એને કહ્યું;

સાસુજી, હું કેટલાક મહિના તમારી સાથે રહેવા આવી છું.

મારી માંએ જવાબ આપ્યો;

ભલે, લીવીંગ રૂમની સેટ્ટી ઉપર ગોઠવાઈ જા અને કબાટમાંથી ધાબળો લઈ લે.

અમે બધાં ચિંતાતુર થઈને મમ્મીની આ પ્રતિક્રિયા જોઈને ઘરમાં ભેગા થયા.

અમને શંકા હતી કે એ કોઈક ડોકટર પાસે ગઈ હતી જેણે એને કંઈક દવા લખી આપી હતી જેથી આ થતું હતું અને કદાચ એ આ દવાનો ઓવરડોઝ લેતી હતી.

અમે નક્કી કર્યું કે આપણે આ મામલામાં હસ્તક્ષેપ કરવો જોઇએ અને જો એને આવી કોઈ દવાનું વ્યસન થઈ ગયું હોય તો એમાંથી એને મુક્ત કરાવવી જોઈએ.

પરંતુ જ્યારે અમે મા પાસે એકત્રિત થયા ત્યારે તેણે ખુલાસો કર્યો:

મને એ વસ્તુ સમજાતાં ઘણો સમય ગયો કે દરેક વ્યક્તિ પોતાનાં જીવન માટે પોતે જ જવાબદાર હોય છે. મને એ શોધી કાઢવામાં વર્ષો ગયાં કે મારો ગુસ્સો, મારી શહીદ થતા હોવાની ભાવના, મારી હિંમત, મારૂં ડિપ્રેશન, ઊંઘ ન આવવી અને મારા પર સવાર રહેતો તનાવ એ વસ્તુઓએ એમના પ્રશ્નોને ઉકેલ્યા તો નહીં પણ મારા પ્રશ્નોને વધુ ગૂંચવી નાખ્યા.

હું બીજાઓ જે કરે એ પરત્વે જવાબદાર નથી પણ હું એ પરત્વે જે પ્રતિક્રિયા વ્યક્ત કરું એ માટે પૂર્ણ જવાબદાર છું.

આ કારણોથી, હું એવાં તારણ ઉપર આવી કે મારા પરત્વેનું મારૂં કર્તવ્ય શાંત રહી અને દરેકને પોતાની સમસ્યાઓ પોતાની રીતે ઉકેલવા દેવાનું છે.

મેં યોગ, ધ્યાન, માનવ વિકાસ, માનસિક આરોગ્ય, વાઈબ્રેશન્સ અને ન્યુરોલીંગવીસ્ટિક પ્રોગ્રામિંગ અને એવા બધા કોર્સીસ કર્યા છે અને એ બધાનો મધ્યવર્તી સૂર મને એક જ લાગ્યો છે અને એ બધાં એક જ મુદ્દા પર લઈ જાય છે

અને તે એ છે કે હું માત્ર મારી જાત પરત્વે જ હસ્તક્ષેપ કરી શકું, તમારી પાસે તમારાં પોતાનાં જીવનના પ્રશ્નો ઉકેલવા બધી જ સામગ્રી હોય છે.

હું તમને માત્ર મારી સલાહ જ આપી શકું અને એ પણ જો તમે માંગો તો અને એને અનુસરવું કે નહીં તે તમારા પોતાના ઉપર આધારિત છે.

એટલે હવેથી હું તમારી સમસ્યાઓને અપનાવી લેવાની, તમારા ગીલ્ટી અનુભૂતિનો કોથળો ઉપાડવાની, તમારી ભૂલોની વકીલાત કરવાની, તમારાં દુઃખોની ઢાલ બનવાની અને તમારી ફરજો યાદ દેવડાવ્યા કરવાની જે મારી પ્રકૃતિ છે, તેનો ત્યાગ કરું છું. તમારા પ્રશ્નો ઉકેલનાર કે સ્પેર ટાયર તરીકે વર્તનાર હવે હું નથી. હવેથી હું જાહેર કરું છું કે બધા જ સ્વતંત્ર અને પોતાની જાતમાં પરિપૂર્ણ પીઢ વ્યક્તિઓ છે.

મારી મમ્મીનાં ઘરમાં બધા અવાક થઈ ગયા !

તે દિવસથી કુટુંબ વધુ સારી રીતે સ્વયંસંચાલિત થવા લાગ્યું કારણ કે ઘરના બધા જ સભ્યો એ વસ્તુ બરાબર સમજવા લાગ્યા હતા કે પોતે શું કરવું આવશ્યક છે.

– 'એક સુખી સ્ત્રી'

(આ લેખનો ફેલાવો કરવા તમે મુક્ત છો.)

ભાવાનુવાદ : **ડો. પ્રણવ વૈદ્ય**

સંકલન : **શ્રી મુકેશ લોડાયા,** મોટી સિંધોડી

# નવો રાહ

**– ચંદ્રિકા ભૂપેન્દ્ર લોડાયા,** જખૌ-પુના

**નૂતનવર્ષના પ્રારંભે પ્રકાશ સમીક્ષાના વાચકો માટે મર્મસભર વાર્તા**

'શ્રધ્ધા એક્સપોર્ટસ'નું પાટિયું વાંચતો સુરેશ ઑફિસમાં પ્રવેશ્યો ત્યારે સાંજ ઢળી ગઇ હતી. ઑફિસની અંદર નાની કેબિન હતી ને બહાર ટાઇપિસ્ટ કંઇક ટાઇપ કરી રહી હતી. બીજા બે માણસો પોતાના કામમાં વ્યસ્ત હતા. સુરેશના પ્રવેશ સાથે ટાઇપિસ્ટે અટકીને જરા સુરેશ સામે જોયું એટલે એણે પૂછ્યું: 'સાહેબ છે કે ?'

'હમણાં અંદર કામમાં છે. આપ થોડી વાર બેસો.' કહેતાં એણે ખુરશી તરફ ઇશારો કર્યો.

બેઠા બેઠાં સુરેશની નજર બધે ફરવા લાગી. પોતે છેલ્લે આવ્યો એને ચાર વર્ષ થઈ ગયાં હતાં, એ દરમિયાન સુહાસની ઑફિસમાં ઘણા ફેરફાર થઇ ગયા હતા. કોઇ ઇન્ટિરિયર ડેકોરેટરને ઑફિસ સોંપીને એનો નકશો બદલાવી નાખ્યો હતો. ઑફિસ પહેલાં કરતાં મોટી પણ લાગતી હતી. વીસેક વર્ષ પહેલાં સુહાસે શરૂઆત કરી ત્યારની ઑફિસ સુરેશને યાદ આવી ગઇ. અત્યારે સુહાસની કેબિન હતી એવડી નાની જગ્યામાં સુહાસે પત્નીના નામનું પાટિયું મારી આયાત-નિકાસના ધંધાના પગરણ માંડ્યા હતાં. પછી તો નસીબે યારી આપી ને સુહાસનો ધંધો ધીમે ધીમે વિકસતો ગયો. અત્યારે તે બધી રીતે સુખી હતો. પાલી હિલ પર વિશાલ ફ્લેટ હતો. પોતાનું વાહન હતું. ત્રણ સંતાનો હતાં ને આ ઉંમરે પણ સુંદર કહી શકાય એવી પત્ની હતી.

કેબિનનો દરવાજો ખૂલ્યો ને અંદરથી બે વ્યક્તિ બહાર આવી એટલે ટાઇપિસ્ટે કહ્યું: 'આપ હવે અંદર જઇ શકો છો.'

સુરેશને જોતાં જ સુહાસ ઊછળી પડ્યો. 'અહો સુરેશ ! ક્યારે આવ્યો ?'

'ગઇ કાલે આવ્યો, ને હવે આવતી કાલે તને લઇને જવાનો છું. મધુએ ખાસ કહેવડાવ્યું છે.'

'કેમ છે ભાભી?'

'મજામાં. તારે ત્યાં બધાં કેમ છે ? બાળકો તો હવે બહુ મોટા થઇ ગયાં હશે!'

'સૌથી નાનો વિશ્વાસ પણ એસ.એસ.સી.માં આવી ગયો છે. અંજલિ ટ્વેલ્થ (બારમી)માં ને સુમિત મેડિકલના બીજા વર્ષમાં છે. ત્રણે ભણવામાં હોંશિયાર છે એટલે ચિંતા નથી.' સુહાસે પોરસથી કહ્યું ને પૂછ્યું:

'મંદાર ને પૂર્વી શું ભણે છે?'

'મંદાર એન્જિનિયરિંગમાં છે ને પૂર્વી ટ્વેલ્થમાં છે.,

બંને મિત્રો એકબીજાના કુટુંબના ખબર-અંતર પૂછી ધંધાની ને બીજી વાતોએ વળગ્યા. સુરેશ અને સુહાસ બંને લંગોટિયા મિત્રો હતા. સાથે રમી, ભણી મોટા થયા. બંનેનાં લગ્ન એક જ સમયગાળામાં થયાં ને સાથે જ એક ઑફિસમાં નોકરીએ વળગ્યા. પણ બંનેને લાગતું આ નોકરીમાં દી નહીં વળે તેથી નવા ધંધાની શોધમાં રહેતા. એક દિવસ સુરેશે નિર્ણય લઇ દીધો, 'મને તો મેડિકલ સ્ટોર ચાલુ કરવાનો વિચાર એકદમ જચી ગયો છે. તું આવે તો ભાગીદારીમાં આપણે શરૂ કરીએ.'

પણ સુહાસના મનમાં કાંઇ બીજું જ રમતું હતું.

'આયાત-નિકાસનો ધંધો કેવો છે ? મામાનો વિનુ એની સાથે જોડાવાનું કહે છે.'

'તો તો એના જેવું કાંઇ નહીં. શરૂઆતમાં વાર લાગશે પણ પછી ઊંચે ચડી આવીશ.'

'એકાદ બે વર્ષમાં બધી ખબર પડી જશે. મારે તો પૈસા બનાવવા જ છે, ને એ માટે ક્યાંક તો જોખમ લેવું જ પડશે.'

સુહાસ પોતાના મામાના દીકરા સાથે જોડાઇ ગયો ને સુરેશની પાસેની પૂંજીમાંથી મુંબઇમાં જગ્યા મળવાનું અશક્ય જણાતાં તેણે બહારગામ ભણી નજર દોડાવી. છેવટે એના વતન રાજકોટ પર એની દૃષ્ટિ સ્થિર થઇ ને આટલાં વર્ષે પહેલી વાર બંને મિત્રો છૂટા પડ્યા. બંનેની પત્નીઓને પણ સારૂં બનવા લાગ્યું. બધે બને છે તેમ શરૂઆતમાં એકબીજાને ત્યાં આવવાનું ખૂબજ થતું પણ સમયના વહેણ સાથે લાગણી એ જ સ્વરૂપે રહેવા છતાં મળવાના પ્રસંગો ઘટવા લાગ્યા. ડુંગરાળ પ્રદેશ છોડી સપાટ મેદાનમાં પ્રવેશતી નદીના પાણી જેવો બંનેનો સંબંધ બની રહ્યો-મળવાના તલસાટ વિનાનો શાંત, સ્થિર.

સાંજ રાતમાં પરિવર્તિત થવા લાગી. સુહાસે કામ સંકેલી લઇ પૂછ્યું, 'ઘરે જશું?'

બંને જણા સુહાસના ઘરે આવ્યા. સુરેશને જોતાં સુહાસની પત્ની શ્રધ્ધાએ હરખાતાં મીઠો ઠપકો આપ્યો :

'કેટલા સમય પછી આવ્યા છો, સુરેશભાઇ ! તમે તો અમને સાવ ભૂલી જ ગયા !'

'એવું નથી, ભાભી ! મુંબઇ આવવાના પ્રસંગો ઓછા જ થતા જાય છે.'

ત્રણે વાતે વળગ્યાં હતાં. એવામાં સુહાસનો મોટો પુત્ર સુમિત આધુનિક કપડામાં સજ્જ થઇ અંદરના ઓરડામાંથી આવ્યો. સુરેશને જોતાં એણે વિવેક કર્યો :

'કેમ છો, અંકલ?'

'મજામાં. બેટા, ભણવાનું કેમ ચાલે છે?' 'પરીક્ષા

નજીક આવે છે એટલે એની તૈયારી ચાલે છે.' સુમિતે જવાબ વાળ્યો.

'ગયા વર્ષની પરીક્ષામાં એના આખા બેચમાં પહેલો આવ્યો હતો, ને કૉલેજનો બેડમિન્ટન ચેમ્પિયન છે.' સુહાસે ગર્વભેર સામે જોતાં કહ્યું. પતિ-પત્નિ બંનેનાં મુખ પર પુત્રની હોશિયારી પ્રત્યેના માનની છાયા સ્પષ્ટ દેખાતી હતી.

'મમ્મી, હું દોસ્તો સાથે બહાર જાઉં છું. રાતે મોડો આવીશ.' સુમિતે શ્રદ્ધા સામે જોતાં કહ્યું.

'જમીને જા. તારા માટે તો ભીંડાનું શાકને કઢી બનાવ્યાં છે.'

'અમે બધા સાથે બહાર જમવાના છીએ.' 'પહેલાં કેમ ન કહ્યું ? તારી મમ્મી તારા માટે ભાવતું રાંધવાની માથાકુટ ન કરત ને !' સુહાસે કહ્યું.

'આ બધું બનાવવાનું મેં કહ્યું હતું ?

તમે બધાં તો જમવાનાં છો ને ! હું એક ન જમું તો શું ?' કહેતાં સુમિત ચાલ્યો ગયો.

શ્રદ્ધાના પ્રેમ અને કાળજીનો સુમિતે કરેલો અનાદર શ્રદ્ધાને ખટક્યો કે નહીં એ ખબર ન પડી, પણ શ્રદ્ધા અને સુહાસે 'આજકાલના છોકરાઓને કંઇ કહેવાતું નથી એવા ભાવ સાથે એકબીજા સામે જોયું. વાતાવરણને સ્વાભાવિક બનાવવા સુરેશે પૂછ્યું : 'અંજલિ અને વિશ્વાસ ક્યાં છે ?'

ઘડીભર ઓલવાઇ ગયેલી ચમક શ્રદ્ધાના મુખ પર પાછી આવી.

'અંજલિને તો હમણાં જરાયે ફુરસદ નથી. પંદર દિવસ પછી એના નૃત્યનું 'આંરગેત્રમ્' છે એટલે કૉલેજમાંથી સીધી નૃત્યની પ્રૅક્ટિસ કરવા જાય છે.'

'અંજલિ નૃત્ય બહુ સારૂં છે કરે છે. આરંગેત્રમ્ પતી જાય પછી બેલે માટે એને ફોરેન જવા મળે એમ છે.' સુહાસે ટાપસી પુરાવી.

'ને વિશ્વાસ?'

'એટલે ટ્યૂશન માટે ગયો છે. એસ.એસ.સી.નું વર્ષ છે ને ! આજકાલ તો સારી કૉલેજમાં પ્રવેશ જોઇએ તો એંસી-પંચ્ચાસીથી ઓછા ટકા ચાલતા નથી. જો કે વિશ્વાસને વાંધો નહીં આવે.'

'સુરેશભાઇ, ભગવાને ત્રણે છોકરાંઓ બુધ્ધિશાળી આપ્યાં છે એટલે અમે તકલીફ વેઠી લઇને પણ એ ત્રણે આગળ વધે એવા જ પ્રયત્નો હંમેશાં કર્યા છે.' શ્રદ્ધાએ કૃતકૃત્યતાના સ્મિત સાથે કહ્યું.

દ્વાર પરની ઘંટડી રણકી ને દરવાજો ખોલતાં અંજલિ અંદર પ્રવેશી. નવી ઢબના કાપેલા વાળ અને સુંદર કપડામાં તે ખૂબ આકર્ષક લાગતી હતી. તેની પાછળ પાંચ મિનિટમાં વિશ્વાસ આવ્યો. થોડી ઔપચારિક વાતો થયા પછી શ્રદ્ધાએ સૌને જમવા માટે ટેબલ તરફ દોર્યા. જમવાનું હજુ પૂરૂં પીરસાય તે પહેલાં જ વિશ્વાસે બૂમ મારી :

'વળી ભીંડાનું શાક ! તને બજારમાં બીજા કોઇ શાક મળતાં જ નથી ?'

ને રૂક્ષતાથી પૂછ્યું : 'મારા માટે બીજુ શું બનાવ્યું છે?'

'તારા માટે ક્ચુંબર કાપી રાખ્યું છે છે ને સવારનું વટાણાનું શાક પણ રાખ્યું છે.'

સુહાસ અને શ્રદ્ધા જે સાહજિકતાથી બાળકોનો વર્તાવ સ્વીકારી રહ્યાં હતાં તે જોતાં બાળકોનું આવું વર્તન રોજનું હશે એમ સુરેશને લાગ્યું. જો પોતાનાં બાળકો એમની માતા સાથે આ રીતે વર્તે તો પોતે તો ન જ ચલાવી શકે.

જમીને છોકરાઓ પોતાના રૂમમાં ચાલ્યાં ગયાં. શ્રદ્ધા ઢાંકોઢૂબો કરવામાં પડી ને બંને મિત્રો દીવાનખંડમાં ગોઠવાયા.

'મમ્મી, મારા ડ્રેસમાં હૂક નથી ટાંકી રાખ્યાં?' અંદરના રૂમમાંથી અંજલિનો અવાજ આવ્યો.

'આજે બાઇ નથી આવી એટલે મને સમય જ ન મળ્યો.' શ્રદ્ધાએ જવાબ આપ્યો.

'પણ કાલે તો મારે ડ્રેસ પહેરવો છે. અત્યારે ટાંકી દે.'

'અત્યારે હું થાકી ગઇ છું. આવતીકાલે ટાંકી રાખીશ.'

'તું તો કાંઇ કરી જ ન રાખે ! પાંચ મિનિટનું કામ છે.' કહેતાં અંજલિએ સુહાસને બૂમ મારી :

'પપ્પા, મમ્મીને કહો હૂક ટાંકી આપે.'

સુહાસ તરત વચ્ચે પડ્યો. ત્યાંથી બેઠાં બેઠાં જ એણે મોટા અવાજે કહ્યુંઃ 'શ્રદ્ધા, જરા હૂક ટાંકી દે બિચારીને !'

સુરેશને લાગ્યું, આટલી મોટી છોકરી પોતાના કપડામાં હૂક ન ટાંકી શકે ? પછી એણે વિચાર્યું - બધાંની વિચારસરણી અલગ અલગ હોય. સુરેશ અને એની પત્ની મધુ અમુક ઉંમર પછી બાળકોએ પોતાનું કામ જાતે કરવું જોઇએ એમ માનતાં હતાં. છોકરાઓ માત્ર અભ્યાસમાં સૌની આંખે ચડે એવાં હોય એના કરતાં સંસ્કારી હોય તે તેઓ વધુ જરૂરી ગણતાં હતાં.

બીજે દિવસે સુરેશ, સુહાસ અને શ્રદ્ધાને પોતાની સાથે લઇ જઇને જ રહ્યો. ટ્રેનમાં બેઠાં એટલે તરત તેણે શ્રદ્ધાને કહ્યું :

'જુઓ ભાભી, તમે કહેતાં હતાં ટિકિટ નહીં મળે, ઘર કોણ સંભાળશે, પણ બધું થઇ રહ્યું ને ! તમે પાછાં જશો ત્યારે તમેય જરા તાજાં થઇ જશો ને તમારી બાઇએ એકાદ કામ ઓછું વધુ કર્યું હોય તો આંખ આડા કાન કરી લેજો.'

શ્રદ્ધા અને સુહાસ સુરેશના ઘરે પહેલી વાર નહોતાં

જતાં. પહેલાં નાનકડા ઘરમાં રહેતો ત્યાંથી માંડીને સુરેશે એક માળવાળું સુંદર મકાન બંધાવ્યું, એમાં ક્યારેક સુહાસ એકલો તો મોટા ભાગે સહકુટંબ એમ અવાર-નવાર તેઓ ત્યાં આવી ગયેલાં. પણ હમણાં ઘણાં વર્ષોથી, ખાસ તો બાળકોના અભ્યાસ અને અન્ય પ્રવૃત્તિઓના કારણે બિલ્કુલ અવાયું જ નહોતું. ત્રણે ઘરે પહોંચ્યાં ત્યારે આંગણામાં પાતળી, બહુ સુંદર નહીં છતાં જોવી ગમે એવી પૂર્વી ફૂલઝાડને પાણી આપાતી હતી. એમને જોતાં જ હાથમાંનો પાઇપ ફેંકી દોડી આવી, ને સુહાસના હાથમાંથી બેગ લેતાં બોલી :

'મમ્મી કહેતી જ હતી તમે જરૂર આવશો.'

અવાજ સાંભળી હાથ લૂછતાં લૂછતાં ઉતાવળી ચાલે મધુ બહાર આવી. એનો હાસ્યથી લીંપાયેલો ચહેરો એની ખુશી પ્રતિબિંબિત કરતો હતો.

'હું એમને કહેતી જ હતી, જાતે જઇને તેડી આવશો તો જ આ લોકો આવશે.'

'હાસ્તો. માન-પાન વગર આવીએ એવો આપણી વચ્ચે સંબંધ ક્યાં છે ?' શ્રદ્ધાએ કહ્યું, અને સૌ હસી પડ્યાં.

મધુ અને શ્રદ્ધાને તો જૂનાં બહેનપણાં હતાં. બંને સીધાં વાતે વળગ્યાં. પણ તરત જ મધુને યાદ આવ્યું :

'પહેલાં હું ચા-પાણી પતાવી લઉં. નહીં તો આપણી વાતો તો ખૂટશે જ નહિ ને આ બંને ચા વગરના રખડી પડશે.'

પરિજાતનાં ફૂલોની બિછાત જેવું હસતાં પૂર્વી બોલી : 'મમ્મી, તું આન્ટીના આવવાથી બહુ ખુશ દેખાય છે. તું થોડીવાર વાતો કર. હું ચા બનાવી દઉં છું.'

ચા-નાસ્તો પત્યાં ત્યાં મંદાર આવ્યો. વીસ વર્ષ પહેલાંનો સુરેશ જોઇ લો જાણે !

'અંકલ એવા જ લાગે છે પણ આન્ટી લેવાઇ ગયાં છે !' કહેતાં મંદાર સુહાસની બાજુમાં બેઠો.

ચારે જણાંની સાથે મોટાં થયેલા બંને બાળકો પણ વાતોમાં ભળ્યાં એટલે સુહાસ અને શ્રદ્ધાને વાતચીતમાં વધુ આનંદ આવ્યો. ઉનાળાની ઊઘડતી પરોઢ જેવું ઘરનું વાતાવરણ હુંફાળું ને પ્રેમાળ લાગતું હતું. 'મંદાર, તું આજે સાંજે દુકાન સંભાળે તો અમે અંકલ ને આન્ટી સાથે બહાર જઇએ.' સુરેશે પૂછ્યું.

મંદાર જરીક વિચારમાં પડ્યો.

'પપ્પા, તમે કાલે જાઓ તો ન ચાલે ? કાલે સવારથી સંભાળીશ. આજે સાંજે અમે બધા મિત્રોએ મળવાનું નક્કી કર્યું છે.'

'ચાલશે, ઊલટાનું કાલે સવારથી નીકળી જશું તો આખા દિવસનો સરસ કાર્યક્રમ થઇ જશે.'

'સવારથી નીકળવાનું હોય તો પૂર્વી, તારી મદદ પણ જોઇશે.' મધુએ પૂર્વી તરફ જોયું.

'કાલે મારે કૉલેજમાં વહેલું જવાનું છે એટલે સવારના તો બહુ મદદ નહીં કરી શકું પણ સાંજે તમે આવશો ત્યારે ગરમાગરમ રસોઇ તૈયાર રાખીશ.'

ચારે જણાં સાહજિકતાથી એકબીજાને અનુકૂળ થતાં હતાં. માતા-પિતામાં દુરાગ્રહ નહોતો ને બાળકોમાં માત્ર લેવાની વૃત્તિ નહોતી. માતા-પિતા પ્રત્યેથી કાળજી, પ્રેમ વગેરે જે પામી રહ્યાં હતાં તેમાનું થોડું પાછું પણ વાળી રહ્યાં હતાં. સુહાસ અને શ્રદ્ધાથી અનાયાસે એકબીજા સામે જોવાઇ ગયું. પછી તો થોડા વધુ દિવસ સાથે રહેવાથી તેમને પૂર્વી અને મંદારનો વધુ પરિચય થયો. બંને કૉલેજ કે યુનિવર્સિટીમાં ભલે પ્રથમ નહોતાં આવતાં છતાં ભણવામાં 'ઢ' પણ નહોતાં. લોકોની આંખે ચડે એવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા નહોતાં છતાં માણસો એમને આદર ને લાગણીની નજરથી જોતા. મધુ જે કંઇ કહેતી તે મોટા ભાગે પૂર્વી સાંભળતી છતાં તેને પોતાના સ્વતંત્ર અભિપ્રાયો હતા. પોતાના મતથી તદ્દન કંઇ વિરૂધ્ધ જતું હોય તો વિનયથી પ્રતિકાર કરવાનું પૂર્વીને આવડતું હતું. મંદાર અને સુરેશ ઘણી વાતોમાં મિત્રોની જેમ એકબીજાના અભિપ્રાય લેતા, છતાં મંદાર સુરેશની જે રીતે અદબ જાળવતો તે જોતાં બંને પિતા-પુત્ર કરતાં ભાઇઓ વિશેષ લાગતા. તેમનાં માતા-પિતાને સંતાનો માટે ગર્વ રહેતો પણ તે સંતાનોએ મેળવેલી કીર્તિ માટે નહીં, સંતાનોના પોતાના માટે.

સુહાસના મુંબઇ પાછા ફરવાની આગલી સાંજે બંને મિત્રો વરંડામાં બેઠા હતા. અચાનક સુહાસે કહ્યું :

સુરેશ, મંદાર અને પૂર્વીને જોઇને બહુ સારૂ લાગે છે. અમે તો બાળકોના આંતરિક ગુણો કરતાં બાહ્ય વિકાસ પાછળ જ વધુ ધ્યાન આપ્યું. છોકરાઓ ઇનામો મેળવે છે, પાંચમાં પુછાય છે, પણ હું ને શ્રદ્ધા તો એમની ઇચ્છાપૂર્તિઓનાં સાધન માત્ર બની ગયાં છીએ. એમની હોશિયારી જોઇ આનંદ થાય છે, પરંતુ એમના જીવનમાં એમની પ્રવૃત્તિઓ અને સ્વકેન્દ્રીયતા જ છે. આટલાં વર્ષે હું અનુભવું છું કે દુનિયાની વાહવાહ મેળવવા જેટલું જ, બલ્કે તેથીયે વધુ મહત્વનું પોતાની આસપાસનાને સુખી કરવાનું છે.'

'અને સુરેશભાઇનો તો માનીએ એટલો ઓછો ઉપકાર, કે આપણને આગ્રહપૂર્વક અહીં લઇ આવ્યા. અહીં આવ્યાં તો આપણી અધૂરપ આપણને જણાઇ અને નવું વિચારવાનું મળ્યું. ચાલો, જાગ્યા ત્યાંથી સવાર...' શ્રદ્ધાએ ઉત્સાહથી અને કંઇક નવો રાહ મેળવ્યાના આનંદથી કહ્યું. ***

**સમય પ્રવાહ**

# સર્જન, સંકલન અને સંતુલન – લેખનની જરૂરિયાત

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



થોડા મહિના પહેલાં હું લોકડાઉનના કારણે સમય પસાર કરવા મારા પુત્રનો કોઈ વ્યવસાયિક સામયિક, વાંચી રહ્યો હતો. લખનાર કોઈ બહુ ઉચ્ચ પદવીધારી એટલે કે પી.એચ.ડી. હતા. પુસ્તકના પાનાનું માપ લગભગ ૭.૫''×૧૦.૫''નું હતું. લેખ સાડા ત્રણ પાનાંનો હતો; જેમાં અડધું પાનું આ લેખ લખનારે જે અન્ય પુસ્તક, અખબાર કે વ્યવસાયિક સામયિકો જેમાંથી તેમણે આ લેખ માટે જે માહિતી ભેગી કરેલ તેની વિગતો હતી. (references and bibliography). લગભગ અડધું પાનું આ લેખ માટે યોગ્ય એવા ચિત્રો (graphics) હતા. બાકીના બે પાનામાં મોટા ભાગે તેમણે અન્ય સ્રોતોમાંથી જે માહિતી એકઠી કરેલ તે ચાર્ટ્સ, ગ્રાફ્સ, ટેબલ્સ અને અવતરણચિહ્ન સાથે ફકરાઓ હતા. આ બધું લેખના વિષયને અનુરૂપ હતું. અને મારા નિરીક્ષણ પ્રમાણે લગભગ અડધું પાનું એમનું પોતાનું લખાણ હતું, જે આ બધી એકત્ર કરેલી માહિતીને એક સૂત્રમાં બાંધવાનું કામ કરતું હતું. લેખના અંતે એક વાક્ય હતું કે લેખક... સંસ્થાના સદસ્ય છે, અને તેમના સંપર્ક માટે તેમનો ઈમેઇલ આઈ.ડી. પણ આપેલ હતો!

મને બહુજ આશ્ચર્ય થયું કે આ લેખમાં લખનારનો શો અને કેટલો ફાળો? તેથી જ હું લેખકના બદલે લખનાર શબ્દનો ઉપયોગ કરૂં છું. માત્ર અન્ય સ્રોતોમાંથી માહિતીનું સંકલન કરવાથી ખરેખર કોઈ લેખક કહેવાય? આ પ્રશ્નનો ઉત્તર હું વાંચક મિત્રો પર છોડું છું. આ કિસ્સામાં લખનારે એમના વિશાળ વાંચનને પ્રસ્તુત કરેલ છે, નહીં કે સર્જનને એવું મારૂં અંગત માનવું છે. અને સામાન્ય જન એમના વિશાલ વાંચનની પ્રસ્તુતિના કારણે તેમનાથી પ્રભાવિત પણ થઇ જાય તે સ્વાભાવિક છે; તે ઉપરાંત તેમની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને ડિગ્રીઓ પણ વશીકરણનું કામ કરી શકે છે. પણ એક લેખક તરીકે હું માનું છું કે ત્રણ પાનાંની માહિતી એકત્રીકરણ કરીને પોતાની વિદ્વતાનું પ્રદર્શન કરવા કરતાં માત્ર ત્રણ પંકતિનું પણ મૌલિક હાઇકુ જો તેમણે લખ્યું હોત તો તે એક લેખક કે સર્જકની કક્ષામાં આવતે. માત્ર ઉછીનું જ્ઞાન કે માહિતીનું સંકલન કરીને જ્ઞાન કે વિદ્વતાનું પ્રદર્શન કરવાની આજકાલ ફેશન કે ચલણ થઇ ગયું છે. આ સ્થિતિ મોટા ભાગના વ્યવસાયિક સામયિકોમાં પ્રસિદ્ધ થતા લેખોની જોવા મળે છે. મારા એક મિત્ર આને 'વાંચન વમન' (ઉલ્ટી, vomit) કહે છે જે શબ્દ પ્રયોગ કદાચ આ સ્થાને યોગ્ય લાગે છે.

કેટલીક વ્યક્તિઓ કમ્પ્યુટરનાં મોનિટર જેવી હોય છે જે માત્ર અન્યત્ર એકઠી થયેલ માહિતીને સ્ક્રીન પર દર્શાવે છે, ઇનપુટ અને આઉટપુટ સરખા. જ્યારે કેટલીક અલ્પ સંખ્યક વ્યક્તિઓ કમ્પ્યુટરનાં પ્રોસેસર જેવી હોય છે, જે ઈન્પુટને પ્રોસેસ કરીને યોગ્ય, ઉપયોગી અને જરૂરી માહિતી અને જ્ઞાન બહાર પાડે છે. ઘણા ઉદ્યોગપતિઓ અને મેનેજમેન્ટ ગુરૂઓ વારંવાર ફરિયાદ કરે છે કે સરેરાશ ભારતીય સ્નાતક કે અનુસ્નાતક તેમના વ્યવસાયિક કામ માટે લાયક કે યોગ્ય નથી હોતા; કારણકે આપણી વ્યવસ્થા જ એવી છે કે જ્યાં અલગ વિચારશૈલી કે મૌલિકતાનો વિકાસ કરવા દેવામાં નથી આવતો અને રગશિયું ગાડું જ ચાલે.

ઇન્ટરનેટ એ માહિતિ અને જ્ઞાનનો મહાસાગર ખુલ્લો મૂકી દીધો છે, જેની મદદથી કે તેના માધ્યમથી કોઈ પણ 'ટેકનોસાવી' વ્યક્તિ એવો આભાસ ઉત્પન્ન કરી શકે છે કે, તે મહા વિદ્વાન, પંડિત કે જ્ઞાની છે; પણ મૌલિક સર્જન કરવું એ મહત્વનું છે. 'કોપી પેસ્ટ'ની આવડતનો ઉપયોગ જેમ ખોરાકમાં મસાલાનો ઉપયોગ હોય, તેટલો મર્યાદિત અને લેખ કે વિષયને વધારે સારી રીતે રજુ કરવા માટે કરી શકાય, પણ તેને ખોરાકની મુખ્ય સામગ્રી તરીકે ના વાપરી શકાય. ટેક્નોલોજીની મદદથી વ્યકતિ કોઈ વિષયને ખુબ જ સારી અને પ્રભાવશાળી રીતે પ્રસ્તુત (presentation) કરી શકે છે, જે કોઈ વસ્તુના આકર્ષક પેકીંગ જેવી હોય છે; પણ મહત્વનું હોય છે તે વિષયનું મૌલિક સર્જન; જે વિષયાનુરૂપ જ્ઞાન, અભ્યાસ, ચિંતન, મનન, મંથન અને ગ્રહણ (absorbance) નું સંકલન અને સમન્વય હોય છે અને તેજ સર્જન કે કૃતિનું હાર્દ કહી શકાય. કૃતિનો પ્રકાર અને લંબાઈ જે તે વિષય અને લેખકના વિષય પરના જ્ઞાન અને

**લગ્ન સંબંધી**

મુંબઇ, મુલુંડ (વેસ્ટ) સ્થિત સુખી ક.દ.ઓ. જૈન પરિવારના યુવક ઉ. વર્ષ ૩૬, સારી કંપનીમાં સોફ્ટવેર એન્જીનીયરનો જોબ ધરાવનાર, સહ સંમતિથી છૂટાછેડા થયેલ યુવક માટે યુવતીના વડીલો સંપર્ક કરે.

સંપર્ક : **97691 68331**

પકડ પર આધારિત હોય છે. જે રીતે વોટ્સઅપ કે ફેસબુકની કોઈ સારી પોસ્ટ મોટા ભાગના લોકો ફોરવર્ડ કરતા હોય છે, તે રીતે કોઈ વ્યકતિ ઇન્ટરનેટ પરથી કોઈ સારી માહિતી, પ્રસંગ, વાર્તા, લેખ કે કવિતાને સંકલન કે પ્રેષક તરીકે પ્રિન્ટ મીડિયા માં મોકલે, તો તે દર્શાવે છે કે તેઓ સારા વાચક છે અને તેમની વાંચન ની રૂચિ ઉત્તમ છે પણ સર્જક નથી. ગુજરાતના એક ડોક્ટર આઈ.કે. વીજળીવાળા એ ઈન્ટરનેટ પરથી નાની અને પ્રેરણાદાયક વાર્તાઓ કે પ્રસંગોનું સંકલન કરીને ચોપડી રૂપે પ્રસ્તુત કરેલ છે, જે લોકપ્રિય પણ થયેલ છે.

સંગીત, ચિત્રકામ, સ્થાપત્ય અને લેખન જેવી પ્રવૃત્તિઓ, જે કલા કે કારીગરીની કક્ષામાં આવે છે તેમાં મૌલિકતા એ સૌથી ઉચ્ચ સ્થાન પર હોય છે અને તેજ સર્જનનું હાર્દ છે. કોઈ સારા સંગીતકાર (ગાયક, વાદક કે કમ્પોઝર)ની સારી કૃતિને અન્ય કોઈ કલાકાર એકદમ મૂળ કૃતિ જેવું જ રજુ કરે તો તેને વાહવાહી, તારીફ કે પ્રશંસા મળે છે. કોઈ વ્યક્તિ સારા ચિત્રની પ્રતિકૃતિ બનાવે તો તેને પણ શાબાશી મળે છે. પણ અહીં લેખન અલગ પડે છે, ત્યાં નકલ વર્જિત છે. લખવું એ સંગીત કે ચિત્રકામ જેવું સહેલું નથી; જ્યાં સારી નકલ પણ પ્રશંસા પામે છે. અક્ષર જ્ઞાન વગર મનુષ્ય કલાકાર (અભિનેતા, સંગીતકાર કે પેઈન્ટર) બની શકે છે, પણ લેખક ના બની શકે શકે. એટલેજ સારા મૌલિક લેખકો ઓછા જોવા મળે છે. મૌલિક લેખ એ વાંચન, ચિંતન, મનન, મંથન અને ગ્રહણના સાયુજ્યનું પરિણામ હોય છે, અને આ પ્રવૃત્તિ સારો એવો સમય પણ માંગે છે. આ પ્રવૃત્તિમાં કોઈ મનોરંજન પણ નથી, કે નથી કોઈ વળતર; અને બહુ ઓછા લોકો તેને માણે છે, મળે તો માત્ર થોડી પ્રસિદ્ધિ મળે. તેથી મોટા ભાગે લોકો આ લેખન પ્રવૃત્તિથી દૂર રહે છે. કેટલાક બહુભાષાવિદો કોઈ અન્ય ભાષાની સારી કૃતિનું અનુવાદ કે ભાષાંતર કરે છે, જે પણ પ્રશંસાપાત્ર કાર્ય છે. કેટલાક ડોક્ટર કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવા વ્યવસાયિકો કોઈ વિષયને સામાન્ય માણસ સમજી શકે તેવી રીતે સરળ શૈલી અને ભાષામાં રજુઆત કરે છે જે પણ સમાજ ઉપયોગી કાર્ય છે. ભારતમાં લેખન અને વાંચન એ મોટા ભાગે શોખ કે સમય પસાર કરવા માટેની પ્રવૃત્તિ માનવામાં આવે છે.

બહુ ઓછા લોકો જોવા મળે છે જે આ કાર્યને વ્યવસાય તરીકે અપનાવે છે. આ સ્થાને એક રમુજી પ્રસંગ રજુ કરીને લેખ પૂરો કરૂં છું.

એક ભાઈ લગ્ન માટે કન્યા જોવા જાય છે. કન્યાના પિતાએ પૂછ્યું ''કામ શું કરો છો?'' તેમણે જવાબ આપ્યો કે ''હું એક લેખક છું.'' કન્યાના પિતાએ કહયું ''એતો ઠીક છે પણ કમાવા માટે શું કરો છો?''

**છીપનું મોતી :** મૌલિક લખવું અઘરૂં છે અને સરળ લખવું વધારે અઘરૂં છે.

***

## 'પ્રકાશ સમીક્ષા' આપને પોસ્ટ દ્વારા મોકલાતું રહે એમ ઈચ્છો છો?

**તો નીચેનું ફોર્મ ભરીને ઈમેઈલ દ્વારા kdoprakash@gmail.com,**
**વોટ્સએપ નં. 9372300236 ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલી આપવા વિનંતી છે.**

પ્રકાશ સમીક્ષા મેમ્બરશીપ નં. ____________ વસ્તીપત્રક નં. ____________

નામ ____________ વતનનું ગામ ____________

સરનામું ____________

મોબાઈલ નં. ____________ ઈમેઈલ ____________ ફોન નં. ____________

To,
**કાર્યાલય : C/o. મધુ એન્ટરટેઈન્મેન્ટ ઍન્ડ મિડીયા લી.**
એ-૭૦૪, રેમી બિઝકોર્ટ,
વીરા દેસાઈ રોડની નજીક,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩.

**લી. શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા સમિતિ**

આરોગ્ય પ્રકાશ

# એન્જીયોપ્લાસ્ટી અને બાયપાસને જ બાયપાસ કરીએ...

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



હૃદયને લોહી દ્વારા ઑક્સિજન, પોષણ પહોંચાડતી ત્રણ મુખ્ય ધમનીઓ (આર્ટરી)માં જ્યારે અવરોધ આવે છે ત્યારે છાતીમાં સહેજ દુઃખાવો, ભીંસ જેવું થાય (એન્જાઇના) જે હૃદય કહો કે કુદરત આપણને ચેતવે છે કે હૃદય તરફ ધ્યાન આપો, મારી કાળજી લ્યો. જ્યારે આ ત્રણમાંથી એકાદ-બે કે ત્રણે ધમનીઓમાં ૭૦% થી વધુ રૂકાવટ આવે ત્યારે હૃદયને લોહી ઓછું મળે તેથી છાતીમાં જોરથી દુઃખે, શ્વાસ રૂંધાય, પસીનો થાય, ક્યારેક ઉલ્ટી થાય, ખભા કે પીઠમાં દુઃખે, ડાબા હાથમાં (ખાસ કરીને શરીર તરફનો હાથનો ભાગ) દુઃખે, ક્યારેક જડબામાં દુઃખે એટલે સમજવું કે હાર્ટ-અટેક છે. જ્યારે જોરદાર હાર્ટઅટેક આવે ત્યારે સ્પેશ્યાલીસ્ટ એન્જીયોગ્રાફીની સલાહ આપે. જેમાં હૃદયની આર્ટરીઓમાં દવા મોકલી ફોટા કાઢવામાં આવે. જેનાથી આર્ટરીઓમાં કેટલા, ક્યાં અને કેટલા % ટકા અવરોધ છે તે જણાય છે, અને એ પ્રમાણે રિપોર્ટ કાગળ પર દોરી આપે છે. ૭૦% થી વધુ બ્લૉક હોય તો ડૉક્ટર દરદીના સગાને એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસની સલાહ આપે છે.

ઘણા વર્ષના અનુભવી કે.ઇ.એમ. હોસ્પિટલના કાર્ડિયોલોજીસ્ટ ડૉ. મનુ કોઠારી દરદીઓને, સામાન્ય લોકોને અને ડૉક્ટરોને સેમીનારમાં, લેક્ચરમાં ભારપૂર્વક કહે છે કે એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસ બિલ્કુલ કરાવવું ન જોઇએ. જેમ એક મોટો રસ્તો કે પુલ તૂટે તો બાજુમાં બીજો નાનો રસ્તો (બાયપાસ) આપણે વાપરીએ છીએ. બસ બિલ્કુલ એમ જ જ્યારે હૃદયની મુખ્ય નળીઓમાં બ્લૉક ઉભો થાય તો કુદરત આજુબાજુની બીજી નળીઓ દ્વારા હૃદયને લોહી મોકલવા લાગે છે જે નળીઓને કોલેટરલ્સ કહે છે. ધીરે ધીરે આજુબાજુની કોલટરલ્સ દ્વારા હૃદયને લોહી મળતું થાય છે. આ જ વાત પદ્મભુષણ ડૉ. બી.એમ. હેગડે અને ઘણા અનુભવી હૃદયના સ્પેશ્યાલીસ્ટ કહે છે પણ અમુક ડૉક્ટરમાં કમાવવાની લાલચને વશ પોતાના સાધનો, હોસ્પિટલ બેડના ખર્ચા નીકળે તે માટે દરદીને અને ઘરનાઓને ઇમોશનલ બ્લેકમેઇલ-લાગણીના આવેશમાં ખોટી રીતે દબાણ દ્વારા ૨-૩ લાખના ખર્ચમાં નાખે છે. દરદી અને ઘરનાને કહે છે કે બાયપાસ. એન્જીયોપ્લાસ્ટી નહીં કરાવો તો દરદીની જાનનું જોખમ છે. વિચારવા સમય પણ નથી આપતા. તેને કારણે એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસ માટે તૈયાર થવું જ પડે છે.

લાખો રૂપિયાની બરબાદી તો છે જ પણ એ વાત બાજુ પર રાખીએ તો પણ એન્જીયોપ્લાસ્ટી અને બાયપાસ કરાવવાથી શરીરના આરોગ્યને ઘણું જ નુકશાન છે. એન્જીયોપ્લાસ્ટીમાં બૉલપેનમાં જેવી સ્પ્રીન્ગ હોય છે તે જાતની 'સ્ટેન્ટ'ને પગની નસમાંથી ખાસ કેથેટર જેવા સાધનથી હૃદયની જે નળી બ્લોક થઇ હોય તે જગ્યાએ ગોઠવવામાં આવે છે. એક બહારની વસ્તુ આર્ટરીમાં નાખીએ એટલે શરીર તેનો પ્રતિકાર કરે. ઘણા કેસોમાં એ જ જગ્યાએ ફરી એકાદ બે વર્ષમાં બ્લોક તૈયાર થાય છે. અમુક દરદીમાં બીજી નળીઓમાં બ્લોક તૈયાર થાય છે અને આમ એન્જીયોપ્લાસ્ટીનો કાંઇ ફાયદો નથી થતો. ફરી એન્જીયોપ્લાસ્ટી કરાવવાની સલાહ અપાય છે. બાયપાસ તો બહુ મોટું ઓપરેશન છે. છાતીમાં પાંસળીઓને જોડતું આગળના ભાગમાં આવેલ સ્ટર્નમને કરવતથી કાપવામાં આવે છે. પગની નસ કાઢી જે નળી બ્લૉક થઇ હોય તે ભાગને બાયપાસ કરી બાજુમાં એ નળીમાં પગની નસ જોડવામાં આવે છે. બે કે ત્રણ નળીઓ બ્લૉક હોય તો છાતીમાં પાંસળીઓ નીચે આવેલી નળીઓ બ્લોક થયેલ નળીને જોડવામાં આવે છે. ક્યારેક ઑપરેશન વખતે કે ક્યારેક ઑપરેશન પછી કોમ્પ્લીકેશન થવાની, ઇન્ફેક્શન થવાની શક્યતા હોય છે. ચીરફાડ થઇ હોય તે જખમ સંપૂર્ણ રૂઝાતાં બહુજ સમય લાગે છે. ખૂબ દવાઓ શરીરમાં જાય તેની સાઇડ ઇફેક્ટ પણ થઇ શકે છે. ઑપરેશન પછી અમુક દરદીઓને ડીપ્રેશન આવે, માનસિક સમતોલન ખોરવાય છે. ઘણા કેસમાં બે થી ત્રણ વર્ષમાં પાછા બ્લોક થાય છે. ગુજરાતી નાટ્ય સર્જક, અભિનેતા શ્રી કમલેશ મોતાનું મેસીવ હાર્ટએટેકમાં મોત હાલમાં જ થયું, એમનું થોડા વર્ષ પહેલાં જ બાયપાસ થયું હતું આ ઘટના જ સાબિત કરે છે કે બાયપાસનો શો અર્થ ? આવા ઘણા કિસ્સા બનતા જ રહે છે.

એન્જીયોપ્લાસ્ટી, બાયપાસ ને બદલે જીવન પધ્ધતિ (લાઇફ સ્ટાઇલ) બદલવાની જરૂર છે. જ્યાં સુધી જીવન પધ્ધતિ નહીં બદલાય, બ્લોક્સ પાછા થવાના જ છે, પછી ભલેને એન્જીયોપ્લાસ્ટી બાયપાસ થયું હોય. લાઇફ સ્ટાઇલ બદલવાની સાથે ૧) ૧ ચમચી અર્જુનછાલ ચૂર્ણ સવાર સાંજ પાણી સાથે લ્યો. ૨) તજ પાવડર નાની એક ચમચી નાસ્તા પછી લ્યો. ૩) ૨૦૦ ગ્રામ કુણી દૂધી (કડવી ન હોય તે

જોવું) છાલ સહિત ટૂકડા કરો. પાંચ પાન તુલશી, પાંચ પાન ફૂદીના, ૪ દાણા કાળા મરી, ૧ ઇંચ ટૂકડો આદુ થોડુંક સિંધવનમક અને થોડું પાણી નાખી મિક્સરમાં હલાવી રોજ ખાલી પેટે પીવું. દિવસમાં ૧ થી ૩ વખત સગવડ પ્રમાણે લેવું. એકાદ મહિનામાં ફરક દેખાશે – શ્વાસ ફૂલતો હશે તે બંદ થશે. બે મહિના આ પ્રયોગ પછી તો ઘણો જ ફરક દેખાશે. આ પ્રયોગ કંટાળ્યા વગર ચાલુ રાખો. શ્રી કેસરિચંદ મહેતા (પ્રમુખ – અખિલ ભારતિય કૃષિ ગૌસેવા સંઘ, નાસિક) ને ૬૩ વર્ષની ઉંમરે ડૉક્ટરે કહ્યું હતું કે ઑપરેશન વગર ૧૫ દિવસ નહીં કાઢી શકો. તેમણે ડૉ. મનુભાઇ કોઠારીની સલાહ મુજબ લાઇફ સ્ટાઇલ બદલી અને દૂધીને પ્રયોગ કર્યો. આ વાત તેમણે તેમની ૮૫ વર્ષની ઉંમરે છાપામાં જાતે જ લખાવેલ.

લાઇફ સ્ટાઇલ બદલવા બાબત : કોઇપણ બિમારીમાં લાઇફ સ્ટાઇલ બદલવી ખૂબજ જરૂરી છે. હાર્ટએટેક જેવી મોટી બિમારીમાં તો ખાસ જ. બીડી, સિગરેટ, તમાકુ, ગુટકા, દારૂ વગેરે વ્યસન બિલ્કુલ બંદ કરવા. બેઠાડુ જીવન ત્યજો. ૬ થી ૮ કલાકની પુરતી શાંત ઉંઘ લ્યો. દિનચર્ચા નિયમિત બનાવો. સવારે વ્હેલા ઉઠો વ્હેલા સુવાની ટેવ પાડો. બને ત્યાં સુધી ચૌવિહાર કે વહેલા જમો અને સાંજનું જમણ રોજ હલ્કું લ્યો. આખા દિવસમાં ૧ ચમચી (પાંચ ગ્રામ) થી વધુ મીઠું (નમક) ન લેવું. ડાયાબિટિઝ હોય તો સાકર અને ગોળનો ઉપયોગ બિલ્કુલ બંદ કરો, સાકર અને રિફાઇન્ડ તેલ બંદ કરી શકો તો ઉત્તમ. ઘાણીનું તેલ કે ફિલ્ટર્ડ તેલ વાપરો. ડાયાબીટીઝ ન હોય તો સાકરને બદલે ગોળ કે ખડી સાકર વાપરો. મિઠાઇમાં ગળપણ (મીઠાશ) માટે ખજુર, અંજીર, કિસમિસ, જેષ્ટીમધ નો ઉપયોગ કરો. ખાવામાં શાકભાજી, ફળ, સુકામેવા અને બીજા પૌષ્ટીક ખાદ્ય વધારવા. બજારૂ પેકેટ અને બજારૂ ખાદ્યને તિલાંજલી આપવી. રોજની પાંચ બદામ, ચાર આખા અખરોટ, ચાર ચમચી અળશી, લસણ, સૂંઠ લેવા. વજન વધુ હોય તો ઘટાડવા કોશિષ કરવી. મેદાની વસ્તુઓ બંદ કરી બાજરી, જુવાર, તુવેર, જવ, કઠોળ, ઘઉં રોજ લ્યો. પોલીશ કરેલા ચોખા કરતાં હાથછડના ચોખા સારા, પાપડ, અથાણા, ફરસાણ, ફ્રીજનું ઠંડુ પાણી, ઠંડા પીણા બિલ્કુલ બંદ કરો. ઑલિવ ઑઇલ મોંઘુ છે પણ તેમાં ભરપૂર પોલીફિનોલ્સ હોવાથી હૃદય માટે સારૂં. તળવામાં એ સારૂં નથી લાગતું પણ દાળ, શાક, સલાડ ઉપર નાખી લઇ શકાય. ટમેટાનું લાયકોપીન ઘટકથી હાર્ટએટેકની શક્યતા ૨૦% ઘટી જાય છે એમ ફ્રાન્સની આઉવર્ગને વિદ્યાપીઠના વૈજ્ઞાનિકો એ પ્રયોગો કરી સિધ્ધ કર્યું છે. એમ. મેરીલેન્ડ મેડીકલ સેન્ટરની યુનિવર્સીટીમાં પ્રયોગોથી સાબિત થયું છે. જમ્યા પછી ગરમ પાણી, ગરમ સુપ કે ગ્રીન/બ્લેક ટી પીવાથી હાર્ટએટેકનો ખતરો ઓછો છાય છે. સંતોષી જીવન જીવવું. બ્રિટનના શરેરાશ ૪૯ વર્ષના ૮૦૦૦ જેટલા સરકારી અમલદારોને રોજીંદા જીવનને લગતા ૭ ક્ષેત્રના સવાલ પૂછાયા– અભ્યાસમાં જણાયું કે જેમના જીવનમાં સંતોષનું સરેરાશ કરતાં ઉંચુ પ્રમાણ હતું તેમનામાં હૃદયરોગનું પ્રમાણ ૧૩% ઓછું જણાયું હતું. રોજ પંદરેક મિનિટ ધ્યાન મેડીટેશન સવાર–સાંજ કરો.

દિવસમાં એકાદ કલાક પોતાના માટે કાઢીએ, એવા શોખ કેળવીએ જેથી આપણને આનંદ, સંતોષ મળે, અને રિલેક્સ થવાય. સંગીત સાંભળવું, વાજીંત્ર વગાડવું, ચિત્રકામ કરવું, સારૂં વાંચન લેખન, કાવ્ય શાયરી, બાગકામ, પાકશાસ્ત્ર, જોક્સ, હાસ્ય જેવી ચીજોને જીવનમાં અપનાવીએ. સંતોષ, શાંતિ, સમાધાન, પ્રેમ, નિજાનંદ, ક્ષમા, દયા જેવા શરીરમાં પોઝીટીવ ઉર્જા ઉત્પન્ન કરતાં આચાર વિચારને જીવનમાં વણી લઇએ. ગુસ્સો, નફરત, અદેખાઇ, નિંદા, કુથલી જેવા શરીરમાં નેગેટીવ ઉર્જા ઉત્પન્ન કરનાર ટેવોથી દૂર રહીએ. કોઇપણ બિમારીમાં 'આહાર–વિહાર આચાર અને વિચાર' આ ચાર ચીજો મહત્વની છે. પૌષ્ટીક અને આરોગ્યને ફાયદો કરે તેવો આહાર લ્યો. વિહાર એટલે બેઠાડુ સ્થિતિ છોડી ચાલવું, કસરત, આસન, પ્રાણાયામ નિયમિત કરીએ. આચાર એટલે ટેવો, વ્યસન, બહારનું ખાવાનું, જંકફૂડ, મેદાની ચીજો ખાવાની ટેવોથી દૂર રહી પૌષ્ટીક, ઘરનો ખોરાક લ્યો. કસરત, ચાલવાનું, સંતોષી–આનંદી રહેવાની ટેવો પાડીએ. અને છેલ્લે સૌથી મહત્વનો વિચાર – નાની નાની વાતમાં ઉત્તેજીત ન થતાં ગુસ્સાને બદલે શાંતિ સમતામાં રહીએ, પ્રેમાળ દિલના થઇએ. ઈર્ષ્યા, અદેખાઇ, નિંદા, દેખાદેખીથી દૂર રહીએ. તનાવ તાણમાં ન જીવવું. પોતાના સ્વાર્થમાં રચ્યા પચ્યા ન રહેતાં ઉદાર થઇએ. પહેલો નંબર, વધુ કમાવવાની 'રેટ–રેસ'માં ન જોડાઇએ. દાંતની જેમ કડક જીદ્દી ન રહેતાં જીભની જેમ નરમ બનીશું તો જીભની જેમ વધુ ટકીશું. સ્વાર્થથી જો આપણે વધુ પડતું 'મારૂં–મારૂં' કરીશું તો ભગવાન પણ કહેશે 'હું તમને મારૂં' એને બદલે જો આપણે 'તારૂં–તારૂં' કરીશુ તો ભગવાન પણ કહેશે 'હું તમને તારૂં'.


સ્વાર્થ, પૈસો, આગળ નીકળવાની ખોટી દોડાદોડમાં જોડાવાને બદલે આપણે શાંત, સંતોષી, નિજાનંદમાં મસ્ત રહી, હસમુખા થઇ ધીમા પડીએ અને સ્વસ્થ રહીએ. લાઇફ સ્ટાઇલ બદલો અને હૃદયની નળીઓના ચૉકઅપ ખોલો. એન્જીયોપ્લાસ્ટી અને બાયપાસ ને જ બાયપાસ કરો.

# અતીતની અટારીએથી

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૭)''

**સોમ ધરમશી**

મો. 97267 76627



(ગતાંકથી ચાલુ...)

આપણે કચ્છીઓની ઓળખાણ કાઢવાની અને વાતચીતનો દોર શરુ કરવાની ખાસિયત ઉપર ગતાંકમાં અટક્યો હતો- ત્યાંથી આ સફરનો દોર આગળ વધારૂં છું.

હું દુનિયાની અન્ય પ્રજાઓ તેમજ આપણા ભારત દેશના જુદા જુદા પ્રાંતનાં લોકોના સંસર્ગમાં આવ્યો છું અને ઓળખાણ વધારવાની જુદી જુદી રીતો અનુભવી છે.

સામાન્ય રીતે (આમાં અપવાદ પણ હોઈ શકે) અંગ્રેજ પ્રજા મુસાફરીમાં છાપું, મેગેઝીન કે કોઈ ચોપડી વાંચતા રહેશે પણ વાતચીતનો દોર આગળ ચલાવશે નહીં અને ચલાવશે તો હા કે ના સુધી (સીમિત) રહેશે.

હું જ્યાં વયસ્ક થઈ નોકરી કરતો હતો ત્યાં ફેકટરીમાં મશીનરી બેસાડવા ફ્રાન્સથી બે ઈન્જીનીયર આવેલા. બે મહિના સુધી મારી ડ્યુટી તેમને બોમ્બે હોસ્પીટલ પાસે આવેલી Westend હોટલ પરથી થાણામાં આવેલ ફેકટરી પર લઈ જવાનાં અને પાછા મુકવાની હતી. મેં એક ઓળખીતા સજ્જન પાસેથી સુપ્રભાત, તમે કેમ છો, આભાર ઈત્યાદિ શબ્દોનો ફ્રેન્ચમાં પર્યાયવાચી શબ્દો શીખેલા ''બોન્ઝુર બોન ઝુવા મેરસી'' પણ તેનાથી આગળ વાતચીતનો દોર લંબાતો નહીં અને ઈશારાથી કામ ચલાવવું પડતું. પણ એ લોકો નિયમીત સમયના અતિ આગ્રહી હતા. આપણા ભારત દેશની વાત કરવી હોય તો ગુજરાતી, બંગાલી, ઉડિયા સિંધી, ઉત્તર અને મધ્ય ભારતીય પ્રજાજનોને ઉત્સાહી જોયા છે. જ્યારે અન્ય પ્રજાઓમાં ભાષાના કારણે વાતચીતનો દોર લાંબો ચાલતા અનુભવ્યું નથી.

બસ માતુશ્રી સ્ટીમરનાં અમારા અડોશી-પડોશી સાથે ઓળખાણ વિધીમાં મશગુલ થઈ ગયા. આજુબાજુમાં બેથી ત્રણ કચ્છી દશા-વીશા જૈન પરિવારો હતા અને તેમના બધાનો હમાલ ''લખમશી''ભાઈ હતા. જ્યારે ભાટિયા અને ભાનુશાલી કુટુંબના યાત્રિકો અમારાથી થોડે દૂર હતા.

અમારી સ્ટીમરે હવે મોજાઓને વીંધતી આગળ વધી રહી હતી. ઉપર દ્રષ્ટિ કરતાં બારીમાંથી ડોકાઈ સ્ટીમરનો કેપ્ટન દુરબીનની મદદથી દરિયાનું નિરીક્ષણ કરી રહ્યો હતો.

સ્ટીમરનાં ચાલકના રૂમમાં જવાની અને જોવાની મારી અદમ્ય ઈચ્છા હતી અને મેં ''મોટી''ને (હિરાબેન ખોનાને) આજીજી કરી પણ સતાવાહી સ્વરમાં જવાબ મળ્યો ત્યાં ''No Admission Without Permission''નું પાટિયું મારેલ છે અને સાથે લાવેલ ચોપડી વાંચવામાં ગરકાવ થઈ ગઈ.

સ્ટીમરે હવે પુરતી તેજ ગતિ પકડી હતી ઘડિયાલનાં કાંટા આગળ વધી રહ્યા હતા અને પેટમાં ઉંદરડા દોડી રહ્યા હતા. મારા મનની વાત સમજી ગયા હોય તેમ માતુશ્રીએ ''મોટી''ને આજ્ઞા કરી કે ''સોમે જા હથ બેસિન તે ધુરાઈ અચ, ભથ્થો ખાઈ ગિનો.'' વાર્તા વાંચવામાં મશગુલ બેને મોં મચકોડી પ્રથમ નારાજગી દર્શાવી પણ પડોશનાં કુટુંબમાંથી લગભગ મારી બેનની જ ઉંમરની એક છોકરી ટહુકી ''ચાલ મારે પણ હાથ ધોવાના છે, હું ધોવડાવી આપું.''

અને એની આંગળી પકડી સામાનના ખડકાયેલ ડુંગરોને પાર કરતાં કરતાં અમે બેસિન સુધી પહોંચ્યા. હાથ ધોવાની પ્રક્રિયા પુરી કરી પાછા વળ્યા. પાછળથી મને ખબર પડી કે એનું નામ ચંદન હતું અને એનું ગામ હતું સુથરી.

હવે આજુબાજુનાં બધા જ યાત્રિકોએ પોતપોતાનાં ભાથ્થાનાં ડબ્બા ખોલવા માંડેલા. માતુશ્રી મુસાફરી કરે એટલે અડધું રસોડું સાથે લઈને ફરે. બે થી ત્રણ જમવાની ડીસ, વાટકા, ચમચા, વાસણ સાફ કરવા ટુવાલ ઈત્યાદિ. અથાણાથી કરી વિવિધ ખાવાની વસ્તુઓ, દહીં, છાસ ભરેલ બરણી તેમજ મુખવાસ તો હોય જ. અને સાથે મારા મનગમતા ચુરમાનાં લાડું.

ત્યાંજ ચંદનના પરિવારમાંથી ચોંટિયા લાડુ, ચેવડો અને ચકલીથી ભરેલ થાળી અમારી તરફ આવી અને હા-ના ની આપલે પછી અમે તે થાળી સ્વીકારી. વિનિમયમાં અમારા તરફથી ચુરમાંનાં લાડુ, કેલાની વેફર ઈત્યાદિની થાળી તેમના તરફ લંબાવામાં આવી. જે સ્વીકારાઈ.

આજુબાજુનાં અન્ય પરિવારોનાં ભાથ્થનાં ડબ્બા ટીફીન ઈત્યાદિ ખુલેલા હોવાથી વાતાવરણ સોડમમય બન્ની રહ્યું હતું. (વધુ આવતાં અંકે...)

# શ્રધ્ધાંજલિ સુમન, સ્મરણાંજલિ



## સ્વ. લેરિન વર્ધમાન ખોના

**ગામ : સુજાપુર, હાલે - પવઈ**

(૧૯૫૬-૨૦૨૦) (૬૪ વર્ષ)

સદાય હસમુખ મુખારવિંદ, સાદગી સભર જીવનશૈલી,
જ્ઞાતિ તથા વિવિધ સંઘોમાં સેવાર્થે આપનું યોગદાન
સદાય સ્મરણ પટ પર રહેશે

**શ્રી લેરિનભાઈની અણધારી વિદાયથી સમાજે, કાબેલ, હોશિયાર, તન-મન-ધનથી સેવા કરનાર એક વ્યક્તિ વિશેષને ખોયેલ છે. કચ્છ સુજાપુરના આધારસ્તંભ અને અમારા સાથી એવા શ્રી લેરિનભાઈની ખોટ સદાય સાલશે, પ્રભુ એમના આત્માને પરમ શાંતિ તથા મોક્ષગામી બનાવે અને પરિવાર તથા સ્નેહીજનોને દુખદ પળોને સહન કરવાની શક્તિ બક્ષે એવી હાર્દિક પ્રાર્થના.**

શ્રદ્ધાસુમન

## ગુર્જરમાત પરિવાર

## વન રૂમ કિચન

**નૂતનવર્ષના પ્રારંભે પ્રકાશ સમીક્ષાના વાચકો માટે મર્મસભર વાર્તા**

''દાદી પ્લીઝ જરા ટી.વી. નો અવાજ ધીમો કરોને. મને ડિસ્ટર્બ થાય છે.'' યશે દાદીમાને વિનંતી કરતાં કહ્યું. આમ તો યશ ઘણું ખરૂં બધા સૂઈ જાય પછી રાતના ટેબલ લેમ્પના અજવાળે જ અભ્યાસ કરતો જેથી એને અને ઘરનાં બીજા કોઇને ખલેલ ન પહોંચે, પણ આ તો સી.એ.ની અંતિમ વર્ષની પરીક્ષા હતી. દિવસ-રાત મહેનત કરે તો પણ ઓછી પડે.

એક જ રૂમમાં યશ, એનાં માતા-પિતા અને એનાં દાદી રહેતાં હતાં. યશની માતા સુધા સમજુ હતી એટલે શાંત હતી બાકી એકજ રૂમમાં પચ્ચીસ વર્ષ સુધી લગ્ન સંસાર નિભાવવો સરળ તો નથી જ ! પચ્ચીસ વર્ષના લગ્ન જીવનમાં સુધાએ પોતાનો બેડરૂમ જોયો જ નથી. પોતાનો એક અલાયદો રૂમ હોય તેવી કલ્પના પણ નથી કરી. પતિ સુબોધની આવક પણ એટલી મોટી નહોતી કે રજામાં કોઇ નાની-મોટી ટૂર પણ કરી હોય. એનું એ પણ કારણ હોય કે બાંધેલા પગારમાં ઘર ચલાવવું અને પુત્રના અભ્યાસને પ્રાધાન્ય આપવું એ પતિ-પત્નીનો સંયુક્ત નિર્ણય હોય. આથી જ બંનેએ રાજીખુશીથી જ આ વાત સ્વીકારી હતી કે હરવાફરવામાં પૈસા ન ખર્ચવા પણ યશના શિક્ષણ માટે કોઇ કસર ન છોડવી.

અમેરિકા રિટર્ન મોટી બહેન શીલાએ સુધાને કહ્યું : ''આટલા નાના ઘરમાં તું કઇ રીતે રહી શકે છે ? હું તો કલ્પના પણ નથી કરી શકતી. યશનાં લગ્ન થશે પછી શું કરશે ? લગ્ન પછી એને એક બેડરૂમ તો જોઇશે જ ને ! તમે કંઇ વિચારી રાખ્યું છે ?'' સુધા પાસે મોટી બહેનના પ્રશ્નનો કોઇ ઉત્તર ન હતો.

યશની અથાગ મહેનતને પરિણામે તે સી.એ. ની પરીક્ષામાં પ્રથમ આવ્યો. સુધા અને સુબોધનું સ્વપ્નું સાકાર થયું. યશને સારી કંપનીમાં ઊંચા પગારની નોકરી પણ મળી ગઇ. એકવાર યશે તેના પિતાને કહ્યું : ''પપ્પા, મને કંપનીમાંથી મારા પગાર પ્રમાણે એક બેડરૂમ, હોલ, કિચનનો ફ્લેટ લેવા જેટલી લોન મળી શકે એમ છે તો તમે અને મમ્મી હવે એક બેડરૂમના ફ્લેટ જોવા માંડો.''

આટલું કહી યશ ઓફિસ ગયો. પછી સુધાએ સુબોધ સામે જોઇ આછું સ્મિત વેરતાં કહ્યું, ''મને લાગે છે કે હવે યશ લગ્ન કરવા ઉત્સુક થઇ રહ્યો છે એટલે જ એણે એક બેડરૂમનો ફ્લેટ લેવાની ઇચ્છા બતાવી છે. તો હવે આપણે એક બેડરૂમના ફ્લેટ જોવા માંડીએ.''

સુધા અને સુબોધે એક બેડરૂમના ઘણાં ફ્લેટ જોયા. બે-ત્રણ ધ્યાનમાં રાખ્યા હતા. એ દરમિયાન યશની લોનની અરજી મંજુર થઇ ગઇ. પસંદ કરી રાખેલ ફ્લેટમાંથી યશે જે ફ્લેટ પર પોતાની પસંદગી ઉતારી તે ફ્લેટના માલિક સાથે સોદો નક્કી થઇ ગયો. ધનતેરસના શુભ દિવસે નવા ઘરમાં રહેવા જવાનું નક્કી થયું.

દાદીમાએ કહ્યું : ''સુધા બેટા, હવે યશ માટે કન્યાઓ જોવા માંડો.''

''હા બા, મારા ધ્યાનમાં એક છોકરી છે. જો તમારી ઇચ્છા હોય તો મારી મોટી બહેન શીલાની નણંદની દીકરી છે.''

''ઓહ, શ્વેતાબહેનની દીકરી ? તું વાત ચલાવ સુશીલ અને સંસ્કારી કુટુંબ છે.''

''બા, મેં વાતવાતમાં યશને પૂછી લીધું હતું. એને પણ રીવા પસંદ છે. મોટી બહેનના દીકરાના લગ્નમાં એ બંનેની મુલાકાત થઇ હતી.''

સાંજના સુબોધ ઘરે આવતાં જ બાએ અને સુધાએ તેમની વચ્ચે થયેલી વાતચીત સુબોધને કરી. સુબોધે પણ કહ્યું : મોટી બહેન પણ હમણાં અમેરીકાથી આવ્યાં છે તો એમના હસ્તકજ વાત મૂકીએ.''

શીલાએ એની નણંદ શ્વેતાને વાત કરી : ''મારી બહેન સુધાનો દીકરો યશ આપણી રીવા માટે કેવો ? હવે તો એમણે નવો ફ્લેટ પણ લીધો છે અને યશ કમાય છે પણ સારૂં. આટલો પ્રતિભાશાળી અને યોગ્ય છોકરો ક્યાં મળવાનો ?''

આ વાત સાંભળીને શ્વેતાના ઘરના તો બધાં રાજી રાજી થઇ ગયાં. આમ તો બધાં એકબીજાથી પરિચિત જ હતાં પણ ઔપચારિક રીતે રવિવારે સાંજે મળવાનું નક્કી થયું. યશ અઠવાડિયા માટે કંપની તરફથી બહારગામ ગયો હતો. યશ રવિવારે સવારે આવે છે એટલે સાંજના બધું નક્કી કરી લેશું એમ વિચારી સુધાએ નિરાંતનો શ્વાસ લીધો.

રવિવારે સવારે બા મંદિરે ગયાં હતાં. સુબોધ હજી 'નાઇટ શિફ્ટ' થી ઘરે આવ્યો ન હતો. સુધા એકલી જ હતી. યશની રાહ જોતી હતી. ક્યારે યશ આવે ને એને તે શુભ સમાચાર આપે. ત્યાં તો ડોરબેલ વાગી. યશ જ આવ્યો હતો એ ખૂબજ ખુશ હતો. મમ્મી, ટૂર એકદમ સફળ થઇ ગઇ. મારા દ્વારા કંપનીને બહુ મોટો 'કોન્ટ્રાક્ટ' મળ્યો છે. સુધાએ કહ્યું : 'મારે પણ તને ખુશખબર આપવાના છે. આજે સાંજે તારૂં અને રીવાનું રાખ્યું છે.'

''મારે લગ્ન નથી કરવાં'' યશે એકાએક ઘટસ્ફોટ કર્યો. સુધા તો ચોંકી ગઇ. ''બેટા, આ તું કહે છે ?''

''હા, મમ્મી, શું તું એમ માને છે કે આ ફ્લેટ મેં મારા માટે લીધો છે ? કેમ, તને બેડરૂમ ન જોઇએ ? તારો અલાયદો રૂમ ક્યારેય નહીં ! તું અને પપ્પા જીવનની પાનખર આવે એ પહેલાં જીવનની વસંતને માણી લો. અરે. પાનખરમાં પણ શું તમને એકબીજાની હૂંફ ના જોઇએ ! મારી પાસે આખી જિંદગી પડી છે. હવે તો હું કમાઉં છું. હું ખૂબ મહેનત કરીશ. થોડા વર્ષો પછી હું મોટો ફ્લેટ લેવા માટે સક્ષમ બની જઇશ. હું ત્યારે જ લગ્ન કરીશ. જેમાં મમ્મી તારો અને તારી વહુનો બન્નેના બેડરૂમ હશે.''

સુધા મનામન વિચારી રહી. કેટલાં વર્ષોથી જે અતૃપ્ત અણકહી ઇચ્છાઓને પોતે હૃદયમાં ઉંડે ઉંડે ધકેલી દીધી હતી તેનો અણસાર પણ કદી એક દીકરાને આવી શકે ! બેટા, તું આટલું બધું કેવી રીતે વિચારી શકે ! સુધા જાણે વાચાહીન બની ગઇ અને તેની આંખોમાંથી અનાયાસે અશ્રુની અવિરત ધારા વહી રહી. મમ્મીનાં અશ્રુ લૂછતાં યશની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં. ધનતેરસના શુભદિને જ્યારે તેઓએ નવાગૃહમાં પ્રવેશ કર્યો ત્યારે યશે તેના મમ્મી-પપ્પાનો બેડરૂમ ફૂલોથી સજાવ્યો હતો.

**– ડૉ. પ્રીતિ પરિમલ જરીવાળા**

## જીવન દર્શન

અમે મઝગામની સેલ્સ ટેક્ષ ઓફિસની અંદરની પોષ્ટ ઓફિસમાંથી દાદીમાને દર મહિને રજિસ્ટર્ડ પોષ્ટથી પૈસા મોકલતા, ત્યાંના ક્લાર્કો અને એમના બહારના માણસો જ તમને એન્વલપને સિલિંગ કરી આપે અને ત્યાં લાઇન પણ હોય તો ઊભુ રહેવું પડતું એટલે પછી મેં નક્કી કર્યું કે મારે હાથે જ સિલ કરીને લઇ જવું... આમ હાથે સિલ કરીને લઇ જતો હતો એ લોકો કહે કે આ સિલ બરોબર નથી, આ બરોબર નથી... હું સાથે જ સિલ લઇ જતો ને એ કહેતો એમ કરી આપતો... તો એક વખત બધા જ સિલ બરોબર હતા છતાં એણે કીધું કે 'યે સિલ બરોબર નહીં હૈ'... તો મેં કીધું કે 'લિખ કે દો...' તો એણે લખી આપ્યું 'આ સિલ બરોબર નથી...' તો એ લઇને મોટા સાહેબની ઓફિસમાં ગયો ને કહ્યું કે 'ત્યાંનો માણસ કહે છે કે આ સિલ બરોબર નથી...' તો એણે કહ્યું કે 'આ સિલ બરોબર છે... યે લે સકતે હૈં...' તો પછી પતી ગયું... એણે લઇ લીધું... પેલો માણસ મને કહે કે 'તુમકો ચિઠ્ઠી દિયા વો વાપસ દો...' તો મેં કહ્યું કે ચિઠ્ઠી તો ફટ ગયા... અભી મર ગયા તો ભી નહીં મિલેગા...' તો પછી એને ગુસ્સો આવ્યો કે 'બનિયે કે સબ બચ્ચે સેલ્સ ટેક્ષ મેં આના ભૂલ જાયેગા...'

ત્યારે ઇમરજન્સી હતી... તો મેં જઇને ઓફિસરને કીધું કે 'આપકે કહેને કે બાદ ભી યે ટ્રીટમેંટ મિલા હૈ મુઝે...' પછી એણે એક્શન લીધી અને એ માણસને ભાજીપાલા લેનમાં ટ્રાન્સફર કર્યો ! પછી હું જ્યારે જતો ત્યારે પોષ્ટ માસ્ટર જાતે આવીને મારૂં કવર લઇ લેતો ! આટલો ફરક પડ્યો...

**– મણીલાલ ડુંગરશી દંડ**, બાયઠ-વડાલા

## ધર્મ સ્થાનકો ખુલવાના વધામણા

વધામણા વધામણા વધામણા વધામણા
પ્રભુ દર્શન કેરા સહુ ને હરખના વધામણા.
દીર્ઘકાળ પશ્ચાતના સરકારના આંખ મિચામણા,
નૂતન વર્ષથી ધર્મ સ્થાનકો ખુલવાના વધામણા.
હવે થશે નિત્ય પુનઃ દર્શન રળીયામણા,
સજળ નયને અવિરત અશ્રુમેઘ છલકાણા.
ઉપડ્યા પગ અધીરા આપોઆપ જિનાલય,
મનભરી નિરખવા હૈયાના હાર તારણહારા.
દ્રષ્ટિ મળતાં જ રૂબરૂ ગર્ભગૃહ સન્મુખ,
ભક્તજનોના હૈયે આનંદ કેરા હેત સમાણા.
કરી વિનંતી દ્રવિત હૈયે અનેક રિસામણા બાદ,
હવે તો કર વિભૂ કોરોનાના વિશ્વ વળામણાં.

**– જ્ઞાનેશ લાપસીયા**, મુલુંડ, ચેકનાકા

## શ્રી મનોજ લોડાયાની બીજેપી ઉદ્યોગ સેલમાં વરણી



માનનીય ખાસદાર મનોજભાઈ કોટક તથા જીલ્લા અધ્યક્ષ અશોકભાઈ રાયના માર્ગદર્શનમાં શ્રી મનોજભાઈ દામજી લોડાયાની ભારતીય જનતા પાર્ટી ઈશાન્ય મુંબઈ ઉદ્યોગ સેલના સહ સંયોજક પદે વરણી કરવામાં આવેલ છે. ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**આશાની નદી...**

## તમારા અંતરના અવાજને સાંભળો

**નિરવ પ્રફુલ દંડ**, ડોંબીવલી
મો.: ૯૮૨૧૬ ૧૭૩૭૭



જીવનમાં જ્યારે નિરાશાના વાદળો ઘેરી વળે અને શું કરવું એ સમજાતું જ ન હોય તો આવા સમયે તમે તમારા દિલના અવાજને સાંભળજો. જ્યારે બધા રસ્તા બંધ જેવા લાગે ત્યારે તમારૂં દિલ તમને જરૂર માર્ગદર્શન કરશે. દિલનો અવાજ એ પરમાત્માનો અવાજ છે. એ આપણને સતત કંઇક કરવાનું, કંઇક પામવાનું કહેતો હોય છે.

આ દિલના અવાજને ઘણાં લોકો સાંભળતા જ નથી. ઘણાં લોકો દિલ જે મહત્વાકાંક્ષા કે સ્વપ્નાં દેખાડે છે તેનું સંવર્ધન કે જતન કરતાં નથી. તેઓ દિલ અને અંતરના અવાજ તરફ દુર્લક્ષ સેવે છે. પરિણામે આવાં લોકો પોતાના જીવનને યોગ્ય દિશા આપી શકતાં નથી. જે લોકો પોતાના અંતરના અવાજને સાંભળી શકે છે તે લોકો જીવનમાં પોતાનો હેતુ જાણી તે પ્રમાણે જીવનનો સદુપયોગ કરી શકે છે. ઇશ્વરે દરેક માનવીને કશુંક વિશેષ કરવાની તાકાત આપી છે.

પ્રત્યેકની અંદર કોઇ ન કોઇ કળા જરૂર હોય છે. પણ આપણે પોતાની છુપી તાકાતને પિછાણતાં નથી અને પિછાણીએ છીએ તો તે દિશામાં આગળ વધવાની હિંમત કરતા નથી. જે દિવસે આપણને પોતાના જીવનનું લક્ષ્ય સમજાઇ ગયું અને આપણે પોતાનું જીવન લક્ષ્યને સમર્પિત કરવાં તૈયાર થઇ ગયાં તે દિવસે આપણાં જીવનમાં એક નવી ક્રાંતિ આવશે.

## માણસનું શિક્ષણ તેના ડિગ્રીથી નહીં તેના વર્તાવથી ઝલકે છે

કોઇ માણસની બુદ્ધિમતાને તપાસવી હોય તો ડિગ્રીને નહીં તેના વર્તાવને જોવું જોઇએ. ઘણાં લોકો શિક્ષણના ક્ષેત્રમાં સફળ વિદ્યાર્થી નથી થતા, પણ જીવનના ક્ષેત્રમાં સફળ વિદ્યાર્થી થાય છે. એવા ઘણા મહાન લોકો છે જે લોકો પોતાનું શિક્ષણ પૂર્ણ કરી શક્યાં નહીં પણ જીવમાં તેઓ ખુબ સફળ થયા. શિક્ષણનું મહત્વ જીવનમાં ઘણું છે શિક્ષણ સમાજને ઘડે છે. સમાજને દિશા આપવાનું કાર્ય શિક્ષણ કરે છે. શિક્ષણ સમાજ અને દેશને બદલવાની તાકાત રાખે છે. પણ સાચું શિક્ષણ એ વ્યક્તિએ પ્રાપ્ત કરેલું જ્ઞાન છે. વ્યક્તિએ મેળવેલી ડિગ્રી નથી.

કેટલાંક લોકો ઘણી બધી ડિગ્રી પ્રાપ્ત કરે છે પણ છતાંય તેઓ જીવન અને કરિયરના ક્ષેત્રમાં સફળ નથી થતાં કારણ તેમણે શિક્ષણ જ્ઞાન માટે નહીં ડિગ્રી માટે લીધું હતું. આજના શિક્ષણનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે મોટા ભાગનાં વિદ્યાર્થીઓનું લક્ષ્ય ડિગ્રી પ્રાપ્ત કરવાનું છે. જ્ઞાન પ્રાપ્ત કરવાનું નથી. આજની શિક્ષણ પદ્ધતિ શું યુવાનોને સારી જોબ આપી શકે છે ? જો ગ્રેજ્યુએટ થયાં છતાં યુવાનો બેકાર રહી જાય તો દોષ કોનો ? શિક્ષણમાં નોકરી આપવાની ક્ષમતા હોવી જોઇએ શિક્ષણ વ્યક્તિને સારા ગુણો આપનારૂં હોવું જોઇએ. વિદ્યા વિનયથી શોભે છે આ સુવિચાર આપણે બધાંએ સાંભળ્યું હશે. જેમ વ્યક્તિને વધારે જ્ઞાન, વિદ્યા પ્રાપ્ત થાય તેમ તે વ્યક્તિને નમ્ર બનવું જોઇએ. પણ આજે લોકો ડિગ્રીઓ લઇને વિનમ્ર થવાની બદલે ઘમંડી થઇ જાય છે જો શિક્ષણ નોકરી ન આપી શકતું હોય, સંસ્કાર ન આપી શકું હોય, એક સારો માનવી ન બનાવી શકતું હોય તો એ શિક્ષણ બેકાર છે.



**હાર્દિક અભિનંદન**

**ખુશ્બુ બીપીન છેડા**

**સુથરી - સાંગલી**

B.sc. Graduate (Sem 6) **95%**

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**વિમલ મનિષ લોડાયા**

**કલીકટ**

H.S.C. **85.8%**



**નિમિત સતીશ નાગડા**

**પરજાઉ - તીરૂપુર**

BE Chemical **9.67/10**

# ''મા''




તમે ક્યારેય તમારી માતાને કહ્યું છે કે તમને એની કેટલી જરૂર છે ? તમે ક્યારેય એને કહ્યું છે કે એની હાજરીનું તમારે મન કેટલું મૂલ્ય છે ? માનો કરચલીવાળો હાથ હળવેથી પકડી એને કહ્યું છે કદી કે મા, તું બહુ જ સુંદર છે ? મા, તને જીવનમાં સૌથી વધારે આનંદ ક્યારે થયો હતો ? – આવો સવાલ તમે એને કર્યો છે કયારેય ? કદીચ એવુંય પૂછ્યું છે ખરૂં કે મા, તને જીવનમાં સૌથી વધારે પીડા કોના તરફથી મળે છે ?

પૂછો. આ બધા ગૌણ લાગતા પ્રશ્નોને હળવાશથી ન લો. માને ભાન કરાવો કે તે ખૂબ જ સ્પેશિયલ છે... અને આ બધું મા જીવતી છે ત્યાં સુધીમાં થઇ જવું જોઇએ. તે નહીં હોય પછી તમને નિઃસ્વાર્થપણે પ્રેમ કરવાવાળું કોઇ જ નહીં હોવાનું.

હું એવા કેટલાય માણસોને ઓળખું છું જે માના પ્રેમને ખૂબ હળવાશથી લેતા હોય. મને આવા લોકો માટે દિલગીરી થાય છે. તેઓ પૈસાપાત્ર હશે તો મા માટે સોનું અને સાડીઓ ખરીદશે, કે જેની એને કશી જરૂર નથી. તેઓ નોકરચાકરનો કાફલો ખડકી દઇને ઊલટાનો માનો બોજ વધારશે. મા સાથે રહેતી ન હોય અને વારેતહેવારે ઘરે આવે તો જાણે એ મહેમાન હોય એવી રીતે વર્તશે. માને ક્યું શાક સૌથી વધારે ભાવે છે એની પણ ખબર ન હોય એવાં દીકરા-દીકરીઓની મને દયા આવે છે. માને સ્વિટ્ઝર્લેન્ડ કે સોમનાથ નથી જવું, તમે એની બાજુમાં બેસીને 'બધું બરાબર છે ને મા ?'' માત્ર એટલું જ પૂછશો તો એને વૈકુંઠ પહોંચી ગયાનું સુખ મળશે.

તમારા મનમાં મા માટે આ કે પેલી વસ્તુ ખરીદવાનો વિચાર આવે કે તરત થંભી જજો. વિચારજો. માને તમારો પ્રેમ જોઇએ છે, તમારો સમય જોઇએ છે, તમારા પૈસા નહીં. તમે માને પ્રેમ આપી શકતા ન હો તો એનો બદલો પૈસા કે ભૌતિક ચીજવસ્તુથી વાળી દેવાની કોશિશ સુધ્ધાં ન કરશો. આ ચેષ્ટા તદ્દન તુચ્છ છે.

તમે મોટા ને સમજદાર થઇ ગયા એનો અર્થ એવો નહીં કે તમારા જીવનમાંથી માનો બિલકુલ છેદ ઉડાવી દો. એવું નહોતું કે હરવાફરવાના, કેરિયર બનાવાના ને પોતાની રીતે જીવન જીવવાના માને મોકા નહોતા મળ્યા. તે ધારત તો બધું જ કરી શકી હોત પણ તેણે આ સૌનું બલિદાન આપ્યું – તમારા ખાતર, તમે ખુશ રહી શકો અને તમને ઉત્તમોત્તમ જીવન મળી શકે, તેને ખાતર. હવે એ તમારી ફરજ છે કે તમે માને સુખની ઉત્તમોત્તમ ક્ષણો પૂરી પાડો અને આ ઉત્તમોત્તમ ક્યારેય પૈસા વડે ખરીદી શકાવાનું નથી. આ વાત યાદ રાખો. સતત પ્રેમને વ્યક્ત કરવા માટે પૈસા કરતાં નિમ્ન કક્ષાનું માધ્યમ બીજું કોઇ હોઇ ન શકે. મા માટે બેસ્ટ ડાયમંડ કે મોંઘીઘાટ સાડી ખરીદવાની કોશિશ સુધ્ધાં ન કરતા. આવું બધું કરવાને બદલે માને તમારો સમય આપો. તમને જીવનમાં બધું જ શ્રેષ્ઠ મળે તે માટે એણે પોતાનું આયખું ખર્ચી નાખ્યું છે. એના માટે તમારી પાસે સમય કેમ ન હોય ?

તમને માનો પ્રેમ મળ્યો હોય તો તમારા પર ભગવાનના આશીર્વાદ ઊતર્યા છે તેવું માનો. જેમને ક્યારેય માની હૂંફ અને લાડકોડનો સ્પર્શ ન થયો હોય તેવા લોકોની કલ્પના કરો.

આખી જિંદગી એમ જ વીતી જાય અને પછી માના મૃતદેહને ફૂલો ચડાવવાં પડે – આવું કદી ન બનવું જોઇએ. આવું થશે તો જીવનભર તમને વસવસો રહી જશે. મા મરે પછી ઓફિસમાંથી રજાઓ લઇને બારમું-તેરમું પુરૂં ન થાય ત્યાં સુધી તેનો ફોટોગ્રાફ સામે બેસી રહેવાનો શો અર્થ છે ? એને બદલે મા જીવતી હોય ત્યારે તેને સમય કેમ ન આપીએ ? હમણાં જ ઊભા થાઓ અને જઇને માને ભેટો અથવા તો એને ફોન કરો. ભલે તમને ગમે તેટલું વિચિત્ર લાગે પણ મા પાસે જાઓ અને એને કહો કે મા, મારા માથા પર તારો હાથ મને જીવનભર જોઇએ છે. માની અવગણના બિલકુલ ન કરશો. માને પ્રેમભર્યું સ્મિત આપો. માને તમારા સમય આપો. એક વાર મા નહીં રહે પછી તમે તેના નિશ્ચેત શરીર કે ફોટો પર ગમે તેટલાં ફૂલ ચડાવશો કે હાર પહેરાવશો તો પણ તમારો અપરાધભાવ ઓછો નહીં થાય. માને તમારો સમય આપો. ડાયમંડના સેટ કરતાં કે વેકેશનની ટ્રિપ કે જાત્રા કરતાં તમારા સમયની એને વધારે જરૂર છે.

**– સાભાર : 'અભિયાન'**

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાને કે.ડી.ઓ. રત્ન એવોર્ડ



નીડર વ્યક્તિત્વ, સરળ સ્વભાવી, સમાજ પ્રેમી અને સમાજ સેવક એવા કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને ગર્વ કરાવનાર, માનવતાવાદ, ધૈર્યવાન, વ્યવહાર અને વ્યાપાર કુશળ, સિધ્ધાંતવાદી એવા ઉત્કૃષ્ટ ગુણોને આત્મસાત કરી સમાજ અને જનકલ્યાણ અર્થે સમર્પિત કરનાર, જ્ઞાતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર અને મુંબઇ મહાજનની સૌ પ્રથમ મોટી સંપત્તિ એવી ઐરોલી વાડીના મુખ્ય દાતા એવા પ્રેરણાદાયી અભિવ્યક્તિ તરીકે ઓળખ પામનાર શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાને તા. ૮ નવેમ્બર ૨૦૨૦ના શ્રી કે.ડી.ઓ. મુંબઇ મહાજન દ્વારા એમના નિવાસસ્થાને કે.ડી.ઓ. રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતો.

મુંબઇ મહાજનના પ્રમુખ તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નયનભાઇ ભેદા તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પારસ પદમશી મૈશેરીના વરદ હસ્તે શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારસી મોતાને શાલ ઓઢાડી કેડીઓ રત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો. વર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને સુંદર સાદગીપૂર્ણ આ કાર્યક્રમનું લાઇવ ટેલીકાસ્ટ, મહાજનના યુ ટ્યુબ ચેનલ ઉપર કરવામાં આવ્યું હતું જેને સમગ્ર જ્ઞાતિએ હર્ષ-ઉલ્લાસ અને ગૌરવ સાથે માણ્યું હતું.

અત્યંત ભાવવિભોર ક્ષણોના સાક્ષી એવા આપણા જ્ઞાતિના પ્રમુખ શ્રી નયન ભેદા અને શ્રી પારસ પદમશી મૈશેરીએ ઉદ્બોધન કરતા જણાવ્યું કે લક્ષ્મીચંદભાઇ જેવા મહાન વ્યક્તિત્વ ધરાવનારના કાર્યો અને ગુણોની યાદી અવર્ણનીય છે. પણ ખરેખર માનવજીવન સાર્થક કરવું હોય અને આપણા જીવનને સાચા અર્થમાં જીવ્યાનો આનંદ પામવો હોય તો આ મહાન વ્યક્તિના ગુણોને આત્મસાત કરી જીવન જીવવાનો પ્રયાસ કરવો જોઇએ. જ્ઞાતિના કોઇપણ જરૂરીયાતમંદ વ્યક્તિના કોઇપણ કાર્ય માટે શ્રી લક્ષ્મીચંદભાઇએ ક્યારેપણ ના નથી પાડી એ એમની ઉદારતાભર્યા સ્વભાવની ઓળખ છે.

જ્ઞાતિમાં આવા એવોર્ડ નિરંતર રહે અને એવા વ્યક્તિત્વની ઓળખ વધતી રહે એવા ઉદેશ્યથી શ્રી નયનભાઇએ મુંબઇ મહાજન દ્વારા જ્ઞાતિ માટે કરવામાં આવેલા કાર્યોની માહિતી આપી હતી તે ઉપરાંત શાલીભદ્ર સાધર્મિક સહાય, મેડિકલ સ્કિમમાં મહાજનના સહયોગ તથા ઐરોલી વાડી વિશે પણ માહીતી આપી હતી.

ખૂબજ આનંદપ્રદ વાતાવરણમાં જ્ઞાતિના વરિષ્ઠ અગ્રણી શ્રી લક્ષ્મીચંદભાઇને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા કેડીઓ રત્ન એવોર્ડ અપાયો હતો.

## ટીમ ઈમેજીનેશન આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ

લોકોને પર્યાવરણ સાથે મૈત્રીપૂર્ણ રહેવા તથા પર્યાવરણીય રીતે જવાબદાર હોવા સાથે આપણી સામાજિક-સંસ્કૃતિ અને પર્યાવરણની સલામતી વિશે જાગૃત બનાવવા ૧લી થી ૮મી નવેમ્બર ૨૦૨૦ દરમ્યાન વૃક્ષારોપણ હાથ ધરાયું. જેમાં ૧૪૦ થી વધુ લોકો જોડાયા.



## શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ વડોદરા

શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ વડોદરામાં આસો માસની આયંબિલની ઓળી કરાવવામાં આવી. કાયમી દાતા માતુશ્રી નવલબેન જેચંદ દામજી લોડાયા પરિવાર, જખૌ-વડોદરા એ ઓળીનો લાભ લીધો. ૧૫ જણાએ ઓળીનો લાભ લીધો. ૯ દિવસમા કુલ્લે ૧૫૦ આયંબિલ થયા. આસો સુદ પૂનમના દાતા પરિવાર તરફથી નવપદની પૂજા કે.ડી.ઓ. મહિલા મંડળની બહેનોએ ભરાવી. આયંબિલના તપસ્વીઓના પારણા દાતા પરિવાર તરફથી કરાવવામાં આવ્યા.

## રત્નટૂંક જૈન દેરાસર જખૌ તીર્થ અને મહાજન

જખૌ મહાજન દ્વારા અતિ જરૂરતમંદ જ્ઞાતિ બંધુઓને સાધર્મિક સહાય યજ્ઞ હેઠળ ૪૧ બધુંઓને રૂા. ૧૦૦૦/-નો ત્રીજો હફ્તો પહોંચાડી દેવામાં આવેલ છે. આમ ૪૧ જેટલા સાધર્મિક જખૌ વાસીઓને કુલ રૂા. ૩૫૦૦ પ્રતિ કુટુંબ સહાય આપવામાં આવી છે.

૧૭૨ વર્ષ પ્રાચીન ૧૦ ટુંક શોભિત જખૌ તીર્થ ખાતે રત્નટૂંક જિનાલય સંકુલનું જિર્ણોધ્ધાર સુચારૂ ચાલી રહ્યું છે.

નવટૂંકનું બહારનું કામ, લગભગ પૂરૂં થવા આવ્યું છે. આદેશ્વર દાદાનું ચૌમુખ જિનાલયનું અંદરનું કામ પ્રગતિ પર છે જ્યારે સુવિધિનાથ જિનાલયનું અંદરનું કામ દિવાળી બાદ શરૂ કરવાનું આયોજન છે. શ્રી ગૌતમ સ્વામી ટૂંકનું સમારકામ તથા મુખ્ય દ્વારનું નૂતનીકરણ લાભ પાંચમથી શરૂ કરવાની યોજના છે. દેરાસરજીના ચોગાનની આરસની લાદીઓ ઘડાઇ રહી છે. આ ઉપરાંત કેસર રૂમ, લાકડાના દરવાજાનું કામ, અને જારિયાનું કામ દ્રુતગતિએ ચાલુ છે.

વિશેષ નોંધ કે અતિથિગૃહની સગવડ સરકારી નિયમન મુજબ શરૂ કરવામાં આવી છે.

## ભવનના ન્યૂયૉર્ક કેન્દ્રના એકઝ. ડાયરેક્ટર પદે કચ્છી

ભારતીય વિદ્યા ભવનના યુએસ-ન્યૂયૉર્ક કેન્દ્રના એકઝીક્યુટિવ ડાયરેક્ટર તરીકે કચ્છ ભૂજના નાગર સુધીરભાઇ વૈષ્ણવની નીમણૂંક થઇ છે. અત્રે નોંધનીય છે કે ૮૧ વર્ષ પૂર્વે કન્હૈયાલાલ માણેકલાલ મુંનશી દ્વારા સ્થાપિત ભારતીય વિદ્યા ભવનના દેશમાં ૧૧૯ અને વિદેશમાં સાત કેન્દ્ર છે. જ્યાં વિવિધ ભારતીય સાંસ્કૃતિક અને સાહિત્ય સંબંધી કામગીરી હાથ ધરાય છે.

## 'કચ્છ શક્તિ' દિવાળી સ્નેહ મિલન

તાજેતરમાં ભુજ ખાતે 'કચ્છ શક્તિ'નું દીવાળી સ્નેહ મિલન યોજાયું. 'કચ્છ શક્તિ'ના નેજા હેઠળ હેમરાજભાઇ શાહે કચ્છીયત અને કચ્છના વિશ્વભરમાંથી 'એચિવર'ને પ્રકાશમાં આણવાનું, તેમનો કચ્છી સમાજ સાથે પરિચય કરાવવાનો તથા પ્રોત્સાહન આપવાની અમૂલ્ય પ્રવૃત્તિ છેલ્લા ૪૦થી વધુ વરસોથી સંચાલિત કરી રહ્યા છે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કચ્છ મિત્રના તંત્રી દિપકભાઇ, અતિથિ વિશેષ બાબુભાઇ મેઘજી શાહ, હેમરાજભાઇ તથા ઉદય શાહ ઉપસ્થિત હતા.

## વિશ્વનું સૌથી મોટું એનર્જી પાર્ક

ખાવડા નજીક ૨૫૦૦૦ મેગાવૉટ ક્ષમતાના અલ્ટ્રા મેગા પાર્કનું ૩૦મી એ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી શિલાન્યાસ કરનાર છે. આ પાર્કમાં સૌર ઊર્જા તથા હાઇ બ્રીડ પ્રોજેક્ટનો સમાવેશ કરવાનું આયોજન છે.

## માંડવી ડીસેલીનેશન પ્લાંટ

વડા પ્રધાન માંડવી ખાતે દરિયાના પાણીને શુધ્ધ કરવા માટે ડીસેલીનેશન પ્લાંટનું પણ શિલાન્યાસ કરશે એવા હેવાલ પણ છે.

## માંડવીનું ઔષધ બાગ

માંડવીના પ્રાચીન ટોપણસર તળાવ નજીક સત્સંગ આશ્રમમાં જાયંટસ ઉપવન ઔષધ બાગ ખુલ્લું મુકાયું છે.

આ બાગમાં અરડુસી, પારીજાત, કુંવાર પાઠું (કુંવારિયો), પથ્થર કુટ્ટી, દમવેલ, બોરસલી, અર્જુન ગળો, લાણજાસૂદ વગેરે અનેક પ્રકારની ઔષધીય વનસ્પતિ ઉગાડવામાં આવી છે.

## કચ્છ મિત્રને રાષ્ટ્રીય જળ એવોર્ડ

કચ્છના લોકપ્રિય જન્મભૂમિ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના દૈનિક સમાચાર પત્ર 'કચ્છ મિત્ર'ને કેન્દ્ર સરકારના જળશક્તિ મંત્રાલયના ''રાષ્ટ્રીય જળશક્તિ એવોર્ડ'' દ્વારા સન્માનિત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સન્માનથી 'કચ્છ મિત્ર' ટીમ વધુ સક્ષમ બનશે એમ જણાવતાં ટ્રસ્ટના ચેરમેન દામજીભાઇ એન્કરવાળાએ કહ્યું હતું કે કચ્છની પાણીની સમસ્યા અંગે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૨૨૭થી પણ વધુ તંત્રી લેખ, વિશેષ હેવાલ તથા અન્ય લેખ પ્રસિદ્ધ કરી એક અલગ ઝુંબેશ ચલાવી હતી જેની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઇ એ કચ્છ અને કચ્છ મિત્ર માટે ગૌરવની વાત છે.

બૃહદ મુંબઇ ગુજરાતી સમાજના પ્રમુખ હેમરાજભાઇ શાહે દેશના અસંખ્ય દૈનિકોમાં એક જિલ્લાના સમાચાર પત્રની કેન્દ્ર સરકારને નોંધ લેવી પડે એ 'કચ્છ મિત્ર' ઉચ્ચ વ્યવસાયિક ધોરણની કામગીરીની સફળતા ગૌરવપ્રદ બાબત છે.

## અબડાસામાંથી વધી રહેલી હિજરત

દાયકાઓથી ચાલુ રહેલી સમસ્યાઓ અને સુવિધાઓના અભાવે આ મહત્વના સરહદી તાલુકામાં થી હિજરતનો દોર વણથંભ્યો ચાલુ રહ્યો છે.

સિમેન્ટ ઉદ્યોગ, મીઠાપોર્ટ જખૌ, વાયુસેના કેન્દ્ર અને અન્ય અનેક મોટા ઉદ્યોગ તથા ખેતીની ઉત્તમ જમીન હોવા છતાં અહીં નર્મદાના નીર નહીં પહોંચવાની ફરિયાદ તબીબી, શિક્ષણ અને સિંચાઇ, પેય જળની સુવિધાઓનો

અભાવ અને તેના ઉકેલની દિશામાં પગલા લેવા બાબતે નિષ્ક્રિયતાથી લોકો હતાશ થઇને હિજરત કરી રહ્યા છે. હાલના વર્ષોમાં લગભગ પાંચ હજાર પરિવાર હિજરત કરી ગયા છે.

### અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા

કૉન્ગ્રેસમાંથી ભાજપમાં પરત આવેલા પ્રદ્યુમનસિંહ જાડેજા કૉન્ગ્રેસના ડૉ. સેંઘાણીને ૩૫૦૭૦ મતથી પરાજય આપી અબડાસાના ધારા સભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા છે.

### ફિલ્મ અને ટીવી સ્ટાર એકતા જૈન

મંજલના ભાઇ હીરાચંદ પાશ્વીર દંડના દીકરી એકતા હવે ફિલ્મ અને ટીવી ક્ષેત્રે આગળ પ્રગતિ કરી રહ્યા છે. એકતા જૈનના નામે જાણીતા આપણા આ કેડીઓ સ્ટાર ફિલ્મ શતરંજમાં જાણીતા ટીવી સ્ટાર હિતેન તેજવાની સાથે પોલીસ અધિકારીની પડકાર રૂપ ભૂમિકામાં આવી રહ્યા છે. ફિલ્મના દિગ્દર્શક દુષ્યંત પ્રતાપ સિંહ છે. એકતા જૈન ફિલ્મ 'નાયક' ધ સુપર હીરો, 'અનજાને' ધ અનનોન તથા 'ખલીબલી' હોરર કોમેડી ફિલ્મ તથા બેબીસિટર, મિલીટરી કેમ્પ, અતિથિ અને મીનાનો મંદવાડો વગેરેમાં વિવિધ પડકાર રૂપ ભૂમિકાઓ ભજવી રહ્યા છે. પ્રકાશ સમીક્ષા સમિતિ તરફથી વધુ સફળતા માટે અભિનંદન.

### આદિનાથ હોસ્પિટલનું પાલીતાણા

શત્રુંજય તીર્થ પાલીતાણા ખાતે વર્ધમાન જિનેશ્વર ટ્રસ્ટ તરફથી નિર્માણધીન આદિનાથ હૉસ્પિટલનું નિર્માણ કાર્ય પ્રગતિ પર છે. સદર હોસ્પિટલમાં સાધુ-સાધ્વી ભગવંતો સાથે શ્રાવક-શ્રાવિકા પણ તબીબી લાભ મેળવી શકે છે.

આદિનાથ હોસ્પિટલના બાહ્ય રુગ્ણ વિભાગ (ઓપીડી)ના નિર્માણમાં સિહોર નિવાસી નલિયાના સૌ. જ્યોતિબેન રાયચંદ છેડા પરિવાર હસ્તે રશ્મિ જૈન અમદાવાદ અને સૌ. પ્રીતિ યશવંત છેડા ભાટાપારા દ્વારા પ.પૂ. સાધ્વીશ્રી ગુણશશિપ્રભાજી મ.સા., સમ્યકદર્શનાશ્રીજી મ.સા. તથા કનકપ્રભાશ્રીની પ્રેરણાથી ૧૧ લાખના ફાળા સાથે સહયોગનો લાભ લીધો છે.

## આનંદમ્ પરમ સુખમ્

એક સાહિત્યપ્રેમી ગ્રુપ દર મહિનાના પહેલા શનિવારે મળે, સાહિત્યની વાતો કરે. પછી એક વિષય નકી કરે અને આવતી બેઠકમાં બધા એ વિષય પર પોતાના વિચારો લખીને લાવે અંતે રજૂ કરે. આ વખતની બેઠકમાં માઈકોફિકશનની વાત થઈ. બને એટલા ઓછા શબ્દોમાં પોતાની વાત ચોટદાર રીતે કહેવી. આવતા વખતનો વિષય નક્કી થયો આનંદમ પરમ સુખમ. બધા આ વિષય પર ઓછામાં ઓછા શબ્દોમાં સમજાવવું.

એક મહિનો વીતી ગયો અને સાહિત્યપ્રેમી ગ્રુપની બેઠકમાં આજે 'આનંદમ પરમ સુખમ' પર બધાએ પોતાના વિચારો રજૂ કરવાનું શરૂ કર્યું. આનંદમ પરમ સુખમ એટલે?

એક આધેડ ઉમરના કાકા બોલ્યા, ઘરે પહોંચું તો ઓછું જોઈ શકતી મારી વૃધ્ધ મા મારી આહટ ઓળખીને કહે આવી ગયો દીકરા... એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક યુવાન બોલ્યો, કંઈ વાંધો નહિ, બીજી નોકરી મળી જશે કહેતો... પત્નીનો હિંમત આપતો અવાજ એટલે 'આનંદમ પરમ સુખમ'.

એક પિતાએ કહ્યું, કંઈ જ કહ્યા વિના બધું સમજી જતું સંતાન એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક ભાઈએ કહ્યું, રોજ ઈશ્વર સમક્ષ કોઈ માગણી વિનાની પ્રાર્થના એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક કાકીએ કહ્યું, રોજ જમતી વખતે આ પ્રભુકૃપા જ છે એનો અહેસાસ એટલે 'આનંદમ પરમ સુખમ'.

એક કાકા બોલ્યા, વહેલી સવારે મોર્નિંગ વોક પર પાછળથી ધબ્બો મારી... અલ્યા રસીકયા... કહી વર્ષો પછી મળનાર જૂનો મિત્ર એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક દાદા બોલ્યા, પૌત્રના સ્વરૂપમાં મળી જતો એક નવો મિત્ર એટલે 'આનંદમ પરમ સુખમ.'

બીજા કાકામે કહ્યું, સાસરે ગયેલી દીકરીની ખોટ પૂરી દેતી વહુનો મીઠો રણકો એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક યુવતી બોલી, ઓફિસેથી ઘરે પહોંચતાં સાસુમાએ આપેલો પાણીનો ગ્લાસ એટલે 'આનંદમ પરમ સુખમ'.

એક મહિલાએ કહ્યું, થાકી ગયાં હોઈએ. ત્યારે વહાલથી પતિનું કહેવું કોઈ એક વસ્તુ બનાવ ચાલશે એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક ભાઈએ કહ્યું, પથારીમાં પડતાંવેત આંખ ક્યારે મીચાઈ જાય એ ખબર પણ ન પડે એટલે 'આનંદમ પરમ સુખમ'.

આ બધા 'આનંદમ પરમ સુખમ'ની વાતોમાં ક્યાંય પૈસા, મોંઘા વસ્ત્રો કે દાગીના કે અન્ય ચીજો નથી એ ધ્યાનથી જોજો અને આવી કેટલીયે 'આનંદમ પરમ સુખમ'ની ક્ષણો તમારી પાસે છે એ તપાસી ઈશ્વરનો આભાર ચોક્કસ માનજો.

**- સંકલન : કુમાર દંડ**, ભાંડુપ

# Sanitising Our Soul- Our True Home

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



Sanitisation is the buzzword these days, isn't it? Wherever you go or wherever from you come, you have to think of sanitising yourself and the surfaces around. Whether you are scrubbing with soap or spraying a sanitiser or inhaling steam, in essence you are sanitising. In good old days sanitisation used to be an annual exercise which happened in every Indian household once in a year just before Diwali, right? But today; with every step we take, we say, "sanitisation first." This led me to the question, "what are we doing about sanitising our inner selves? Are we bothered at all? "

An interesting story immediately came to my mind:

An advanced seeker curiously asked his guru one day, about who was the greatest Shravak and a true follower of the Jain path in the province. The guru told the man to visit the home of one of the devotees in a certain village. When the man arrived there, he found from the other villagers that this devotee had never taken a pilgrimage to Sammedh shikhar. "What sort of a devotee is this?" the man wondered. However his firm faith in his guru prompted him to ask the devotee the reason for his not visiting the holiest teertha. The man honestly and humbly replied that though he had saved enough money to make the trip, he gave the money he had saved, to a neighbour for the treatment of his ailing child and so, was not able to make the trip. The visitor then told him, "Your pilgrimage has been accepted. Gurudev has told me that you are the greatest shravak. By selflessly serving your fellow beings, you have proven to be a true follower of the Lord's path."

Such is the significance of Vaiyavaccha or selfless service which is one of the six types of internal austerities or Abhyantar Tapa which help in soul- sanitisation or purification. They are as discussed under:

a) Repentance (Prayaschitta) is attonement for our indulgence in wrong activities or negative tendencies, especially during the course of the observance of a vrata or tapa. When we err or falter, the awareness and the ensuing sense of remorse should enable us to avoid the recurrence of such indulgences. Leslie Albright's lines describe the miracles made possible by repentance thus:

**"We look within to see without.**
**To seek the truth and quell the doubt.**
**A passive presence that fills the soul.**
**And somehow torn apart, you're whole."**

b) Reverence (Vinay) means modesty, humility and respect for others. With the dilution of our own ego we may feel inclined to develop wholesome attributes by acknowledging the virtues of others. How this may ultimately lead us rise to an increasingly higher spiritual level is explained beautifully by Sri Chinmay:

**"Humility is real receptivity in us.**
**Humility is the secret of secrets**
**For self-expansion, For world-inspiration**
**and For world-transformation."**

c) Rendering selfless service (Veyavaccha): A spiritual seeker knows that all living beings are souls with same fundamental qualities. So, he needs to respect others and develop a will to serve others without expecting in return.

d) Self-study (Svadhyaya): Svadhyaya or the study of self is the practice of learning and understanding the true nature of the soul. Hence, study of scriptures and meditation which has potential of uplifting self are respectively, the theoretical and practical arms of Svadhyaya.

e) Renunciation of body (Vyutsarga/ Kayotsarga) means relinquishing any bodily activity to retract all attention from the body and giving up external and internal possessions.

f) Dhyana is meditation or concentration on one subject by a person which can extend upto one prahar or 48 minutes.

Diwali is gone but let us not forget that for us Jains, it is the celebration of Lord Mahavir's Nirvana Kalyanak. So walking the path he preached, let's shift our focus to sanitising our true homes; our innermost selves.

***

**Over View**

# SUPERSTITIOUS BELIEFS IN KUTCHI COMMUNITIES
## Part 2

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Following are few of the important superstitions followed in Kutchi Groups. The inputs are from the KDO KOOL KIDS GROUP, wherein the well educated lady members have highlighted many of these superstitious beliefs.

32. 'Baari me kagdo kakakaka kare to, ghare guests achindha.If a crow crows near window etc., guests will come home.
33. Milk Tooth kept below the pillow will get you dreams of fairies.
34. Sandhya time /tresin vera... Somejo na , aatle jo na.. Don't sleep during dusk time.
35. Black inner wear na pehreje. No black under garments.
36. Hanky (rumaal) or chaaku ji gift na denejo, zagdo thiye. No gift of handkerchief or knife. Fight will ensue.
37. Chappal be koiji use na kareji. Do not use footwear of others.
38. Letine khayu ta ghadodeje pet me vene. If food is eaten while lying down, it will go to a donkey
39. 'Khaai ne aalas modiyuo t ghadoje pet me vene.' If after food you stretch, the eaten food will go to a donkey.
40. Do not borrow or lend a needle or a lemon.
41. A newly married person or one who is wearing new clothes, he or she has to spit at the Entrance gate.
42. Keeping nut cutter(sudi) below pillow at night will keep fears away.
43. Chappal lost, panoti gone. If footware lost, harmful thing gone.
44. If you see a Mangoos it is a lucky omen
45. Owl ke na nerejo... Don't see or answer an owl.
46. Owl k jaawab ji mein denejo... you will live for 100 years. Answer owl with respect. You will live for a century.
47. On Beauty spots or a mole or some birth mark... there are lot many different superstitions with different consequences.
48. Pag mai itching ache t out of town vendha. If there is Itching in the sole of a leg, you will out of station.
49. left Palm mein itching ache t maar pondhi. Itching in the left palm means you will be trashed.
50. Right hand mein itching ache t Lakshmi achindhi. Itching in right palm means wealth will grow.
51.Chapal on chapal- you will be going out of town or there will be a fight.
52. If someone is going out of town don't sweep the floor immediately .
53. If you have misplaced something, tie a knot on your saree or a dupatta or some other item and search. You will get it.
54. Velan hath main thi niche chhane tha mehmaan achinda. If a rolling PAN falls, expect guests.
55. At a time if two or more persons simultaneously the same thing... Means... Guests or good luck.
56. On hearing to someone sneezing sit for a while then go.
57. On kaali Chaudas throw bhajiya (Pakoda) where 3 roads meet to end fights at home.
58. Don't brush seeing in the mirror, your age will get reduced.
59. Don't see a sunset, your progress will also set down.
60. When people invited u for lunch or dinner, throw the 1st piece/bite.
61. If u are bringing your newly wed bahu home and u see a jhadu selling wala, then it is an apshagun. Similar is the forecast, if the lights of the house go off.
62. U should not jump over small baby else the height of baby won't grow.
63. If someone calls you by your name while you are fast asleep they are representatives of Yamraj.
64. Naat jamane me gaam ji athe. (Community Lunch) Naat jaman to bring little left over.
65. Koi ji arthi venedhe nariyo raste te toh 12 navkar ganejo... also it's said to be good luck to see this. If you cross a dead body being carried, it is good omen.
66. Nal ka paani nahi tapakna chahiye.
67. If clock stops, even the easy things will not be completed.

68. When anyone is going to office, don't ask about lunch or food.
69. One should not swing his or her legs while sitting on a chair or otherwise. It is inauspicious or Aplakshan (Bad habit)
70.Bahu should not wash hair on Tuesday.
71. Daughter should not wash hair on wednesday.
72. Nails should not be cut on tuesday.
73.Two pregnant ladies should not stsy in same house. They can't see each other.
74. Koi bahar vane ta keda vanota se na pochhejo. When some one is going outside don't ask where sre you going.
75. No hair cut or hair oiling on Saturday.
76. Not to look back or behind while executing a Shubh work.
77. When some auspicious event is going on, one not sneeze. However, if one sneezes twice, the bad effect goes away.
78. Do not buy shoes on Saturday.
79. If you lose something and you cannot find then put a knot on your pallu, odhani, hanky whatever cloth you have with you and then again start searching. You will find that thing.
80. Koi sota ho to upar se nahi jana chahiye. Uski height nahi badhegi. Don't jump over a sleeping person. That persons height will not grow.
81. Diwali ki safai karo warna Laxmiji ghar par nahin aayegi.
82. If some is getting constant hicupps, somebody is remembering him or her.
83. Place a nail in a lemon and throw it and walk away, dont look back to ward off evil eyes.
84. If u want to start new venture, wear new clothes start from Saturday... clothes will last and business will flourish for long time.
85. If u r going to a doctor, then do not go on Saturday bcoz lambe samay tak dawa leni padegi.
86. Whenever a daughter-in-law goes to stay in her parents place in a vacation or so... buy a chapal for her... chappal ghasey to piyar nu ghar vasey.
87. If pigeon potty falls on you you will have good luck.
88. Many do not speak or do auspicious work on amavasya.
89. If kids do not speak for long, a sparrow/chakli should be made to chirp in its mouth. They will start speaking.
90. If someone has black spots on his tongue they say "kaari jeb". Wo jo bolegha wah sach hoga. Isiliye usko apna muh band rakhna.
91 If salt falls from your hand by mistake they say fatafat put water on it otherwise God will make u lift one sac of salt with ur eyelashe.
92. Do not keep the broom standing... ghar ki lakshmi chale jaayegi.
93. Don't say anything bad to anyone during dusk time. Whatever you say it will come true.
94. If someone has flat feet, they say chhappar pagi... iska peir ghar mein isiliye nahi tikta.
95. While going for exam give a spoonful of curd to your loved ones. Results will be good.
96. If in a conversation some one makes a statement and at that time either a lizard makes its normal sound or some one farts, it is presumed that what he is saying is right.
97. If lizard falls on different parts of our body, it has different consequences.
98. If I write my exams with a particular pen or wearing a particular dress etc. I do very well in the exams.
99. One should no throw the sweeped garbage from the house after evening.
100. Khichadi not to be cooked on Sunday.
101. Gold or silver should be purchased on Dhanteras or Akshaya Tritiya etc. for prosperity.
102. No buying of footwear on saturday.
103. No good work to be started during Rahukaal, not even leaving the house for exams etc. Leave early.
104. Milk not to be sold. Ghee can be.
105. The dish of 'Chillas' (Pan cake) not to be prepared on Kali Chaudas
106. If starts raining on Saturday, it will continue raining for the next week.
107. Do not keep Ghada (pots) reverse.
108. Do not sit on the threshold or eat there.

**વિશેષ નોંધ :**

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **– તંત્રી મંડળ**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| ભરત માણેકજી વેલજી શાહ (મોમાયા)<br>(PS 6217) ગામ – સુથરી | 180, પાવનધામ કોલોની, નમ્રતા ગાર્ડનની પાછળ,<br>નીપાનીયા રોડ, ઇંદોર (MP) 452 010. મો.: **099779 07586** |
| દીનેશ હિરજી લાલજી નાગડા<br>(PS 2140) ગામ – ભરૂડીયા | 2601, રી-જોઇસ, સીટી ઑફ જોય સોસાયટી, જે.એસ. ડોસા રોડ,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦. મો.: **093714 59369** |
| રમેશ દામજી વીશનજી લોડાયા<br>(PS 6001) ગામ – નલીયા | 103/3C, શ્રીવરી અનમોલ, વેસ્ટ પેરીયસ્વામી રોડ, આર.એસ.<br>પૂરમ, કોઇમ્બતૂર (TN) 641 002. મો.: **098432 50871** |
| શ્રીમતી દક્ષા પ્રતાપ ચાંપસી નાગડા<br>(PS 3963) ગામ – તેરા | 1708, બ્યુટી લેન્ડ માર્ક, જંગલ-મંગલ રોડ, પંચશીલ નગર,<br>સચદેવ કોમ્પલેક્ષની સામે, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ– ૪૦૦ ૦૭૮.<br>મો.: **096191 93257** |
| નવીન પીતાંબર શામજી શાહ (લોડાયા)<br>(PS 7124) ગામ – સાંધવ | 109/13, હજરા રોડ, હજરા, કલકતા (WB) 700 026.<br>મો.: **098313 18360** |
| શ્રીમતી મધૂરીબેન કરમશી રતનશી વોરા<br>(PS 1234) ગામ – રંગપુર | A-511, શ્રી અનંતનાથજી કો.હા.સો.લી., શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષ,<br>નહેરૂ નગર, કાંજૂર માર્ગ (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૪૨.<br>મો.: **091676 15945** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૮-૨૦ | હૈદ્રાબાદ | દક્ષ અમિતકુમાર શાંતીલાલ મૈશેરી | મોટી સિંધોડી | પુત્ર |
| ૧૯-૧૦-૨૦ | ડોંબીવલી | નૈતિક રશ્મિતા વિનય કુલિન લાપસિયા | કોઠારા | પુત્ર |
| ૨૧-૧૦-૨૦ | ડોંબીવલી | ધનવી ખુશ્બુ આશિષ સોમચંદ મોતા | જશાપુર | પુત્રી |
| ૨૧-૧૦-૨૦ | ધૂલિયા | ધ્રુવ યાશીકા દિપમ પ્રદિપ લોડાયા | વારાપધર | પુત્ર |
| ૨૬-૧૦-૨૦ | હુબલી | સીઆન ચાંદની જય ભરત ખીમજી મોમાયા | સાંયરા | પુત્ર |
| ૨૨-૧૦-૨૦ | ભુજ | ધ્યાન જતીન લાલકા | જખૌ | પુત્ર |
| ૩૧-૧૦-૨૦ | થાણા | આરવ ધારા મેહૂલ ભરત લોડાયા | નલીયા | પુત્ર |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૦-૨૦ | નવી મુંબઇ | યશ ઉત્તીન પદમશી લોડાયા | નલીયા | ૨૭ |
| | ઇંદોર | ચાંદની ધનેશ મુલચંદ છેડા | સુજાપૂર | ૨૬ |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૧-૨૦ | કોચીન | અંકિત રોહિત મુલચંદ મોમાયા | વરાડીયા | ૨૪ |
| | ધમતરી | ચાર્મી રોહિત વેલજી લોડાયા | રાપર | ૨૫ |
| ૨૫-૧૦-૨૦ | ડોંબીવલી | ભાવિન પંકજ હેમરાજ મોમાયા | વરાડીયા | ૨૮ |
| | ડોંબીવલી | અંકીતા ઉત્તમ વીરજી ડાઘા | દલતુંગી | ૨૮ |
| ૨૫-૧૦-૨૦ | મુલુંડ | દર્શન નવીન રાયમલ મોમાયા | સુથરી | ૨૭ |
| | ગદગ | ચંદ્રિકા ભરત શીવજી દંડ | સુથરી | ૨૫ |
| ૩૧-૧૦-૨૦ | વડોદરા | નિરવ મણિકાંત માણેકજી લોડાયા | લાલા | ૩૧ |
| | મુલુંડ | મીંજલ તારાચંદ કલ્યાણજી ધરમશી | મુલુંડ | ૨૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૨૦ | અંધેરી | કરણ દેવકરણ હરખચંદ દંડ | તેરા | ૩૪ |
| | ભાંડુપ | દિપ્તી ચંદ્રકાંત નવીનચંદ્ર નાગડા | રંગપુર | ૩૦ |
| ૧૬-૧૧-૨૦ | પુણે | ઉત્કર્ષ ખુશાલ લાલજી મૈશેરી | જખૌ | ૨૬ |
| | રાયપુર | ખુશ્બુ દિપક મેઘજી લાલકા | વારાપધર | ૨૨ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૦-૨૦ | મુલુંડ | સાગર અતુલભાઇ મહિપતરાય શાહ | પછગામ | ૨૪ |
| | મુલુંડ | પંક્તિ વિપુલ વિરચંદ ધરમશી | કોઠારા | ૨૪ |
| ૨૫-૧૦-૨૦ | ડોંબીવલી | અંકિત રશ્મિકાન્ત પૂનમચંદ શેઠ | સાવરકુંડલા | ૨૮ |
| | ડોંબીવલી | યોગીતા પંકજ નવીનચંદ દંડ | બાયઠ | ૨૩ |
| ૩૦-૧૦-૨૦ | ગદગ | અર્પિત હિતેન્દ્ર ખીમજી વીરા | દેવપર | ૨૮ |
| | ગદગ | હિરલ ગીરીશ કુંવરજી નાગડા | નલીયા | ૨૮ |
| ૦૧-૧૧-૨૦ | વિરાર | સમીર કુલીનકાંત લક્ષ્મીચંદ નાગડા | ખાવડી મોટી | ૩૩ |
| | ભિવંડી | આરાધના પંચરામ યાદવ | પીઠાપુર | ૩૩ |
| ૦૩-૧૧-૨૦ | મુલુંડ | ભાવિન ભરત ઠાકરશી લોડાયા | જખૌ | ૩૩ |
| | મુલુંડ | તેજલ હર્ષદરાય પોપટલાલ શાહ | કામરોલ | ૩૩ |

## છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૧૧-૨૦ | અંધેરી | આકાશ દીપક વેલજી શાહ (વોરા) | રંગપુર | ૨૭ |
| | જોગેશ્વરી | જાહનવી અજય કાનજી શાહ (મુનવર) | જખૌ | ૨૭ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૯-૨૦ | મલકાપૂર | તિલોકચંદ નરશી જેઠાભાઇ દંડ (ભૂલ સુધાર) | વરાડીયા | ૭૬ |
| ૦૧-૧૧-૨૦ | કાંદીવલી | ઉષાબેન ઉમરશી રાયમલ મોતા | વારાપધર | ૭૭ |
| ૦૧-૧૧-૨૦ | ભાંડૂપ | પૂષ્પાબેન પ્રવીણ વિસનજી છેડા | સૂજાપૂર | ૬૪ |
| ૦૨-૧૧-૨૦ | રંગપૂર | મધુ લક્ષ્મીચંદ વિસનજી ખોના | રંગપૂર | ૭૭ |
| ૦૨-૧૧-૨૦ | કલ્યાણ | અમૃતલાલ ટોકરશી પદમશી ધરમશી | નાની ખાવડી | ૭૭ |
| ૦૩-૧૧-૨૦ | ગોરેગામ | ચેતન ચંદુલાલ પદમશી વોરા | રંગપૂર | ૫૫ |
| ૦૪-૧૧-૨૦ | હૈદ્રાબાદ | કલ્પનાબેન જવેરચંદ કુંવરજી મૈશેરી | બાંઢિયા | ૬૪ |
| ૦૬-૧૧-૨૦ | પવઈ | લેરીન વર્ધમાન શામજી ખોના | સુજાપૂર | ૬૪ |
| ૦૬-૧૧-૨૦ | ડોંબીવલી | કસ્તુરીબેન લખમશી ભવાનજી ખોના | વરાડીયા | ૯૧ |
| ૦૬-૧૧-૨૦ | ડોંબીવલી | ધારીણી મહેશ કરણીયા | રાસંગપર | ૫૨ |
| ૦૭-૧૧-૨૦ | શેવગાંવ | પૂનમચંદ હરશી પદમશી મોતા | લાલા | ૬૪ |
| ૦૭-૧૧-૨૦ | કારંજા | હિરાવંતી લહેરચંદ ત્રિકમજી ગોશર | બારોઇ | ૭૦ |
| ૦૮-૧૧-૨૦ | મુલુંડ | કમલેશ હંસરાજ લખમશી મૈશેરી | સિંધોડી મોટી | ૬૨ |
| ૦૯-૧૧-૨૦ | જખૌ | પ્રફૂલ મેઘજી નેણસી મોતા | લાખણીયા | ૪૯ |
| ૧૧-૧૧-૨૦ | ઘાટકોપર | દામજી ધનજી નરશી નાગડા | રંગપુર | ૮૭ |
| ૧૨-૧૧-૨૦ | વાપી | ખીમજી (રાજેશ) ચાંપસી જેઠાભાઇ લાલકા | વારાપધર | ૬૯ |
| ૧૪-૧૧-૨૦ | ડોંબીવલી | ગૌતમ ખેતસી શીવજી લોડાયા | વારાપધર | ૪૯ |
| ૧૫-૧૧-૨૦ | વડોદરા | જીવરાજ હિરજી હેમરાજ મોમાયા | સાંયરા | ૯૨ |

# ❊ શ્રધ્ધા સુમન અર્પણ ❊



અવતરણ :
તા. ૧૧/૦૧/૧૯૬૫

દેહ વિલય :
તા. ૦૩/૧૧/૨૦૨૦

# ચેતન ચંદુલાલ વોરા, રંગપુર

અમારા પરિવારનો અનુજ
ચેતના સભર વ્યક્તિત્વ
કર્તવ્યનિષ્ઠ, શાંત, ગંભીર, વિવેકી
હસમુખ ચેહરો, માયાળુ સ્વભાવ

આપે જીવનની લડાઇ ઝિંદાદીલી થી લડી, સહનશીલતા ના ગુણોને ઉજાગર કરી આદર્શપૂર્ણ જીવન વિતાવ્યુ. પરીવાર, કુટુંબ, વતન તથા સમાજના કામો કરવામાં સદાય અગ્રેસર રહેનાર આ તેજસ્વી તારો અચનાક ટુંકી પરંતુ ગંભીર માંદગી ભોગવી અમારી વચ્ચેથી વિદાઇ લઇ ગયો. ભર બપોરે સૂરજ આથમી ગયો. બાળકો અને પરિવાર માટે દિવાદાંડી રૂપ જીવન જીવી ગયા.

અમારા હૃદયમાં આપની જગ્યા હમેશા બની રહેશે. પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

## શોકાતુર

દાદા-દાદી : **લીલબાઇ પદમશી વોરા**
નાના-નાની : **લક્ષ્મીબાઇ ખીમજી દંડ**
માતા-પિતા : **નવલબેન ચંદુલાલ વોરા**
સાસુ-સસરા : **લક્ષ્મીબાઈ ઉત્તમચંદ લાપસીયા**
ધર્મપત્ની : **ગાયત્રી ચેતન વોરા**

પુત્ર-પુત્રવધુ : **છાયા-મિતેશ, અમીષ**
ભાઇ-ભાભી : **લતા-કાંતિ, નિર્મલા-ગિરીશ**
**કુસુમ-રમેશ, નીતા-શશિ**
ભત્રીજા-વઉ : **શલાકા-ચિરાગ, વિશા-હર્ષ, વિરેન**

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગના
## માજી પ્રમુખશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલી....



# શ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના

દેહ પરિવર્તન : શુક્રવાર, તા. ૬-૧૧-૨૦૨૦

ગામ : સુજાપુર । હાલે : પવઈ

હે અનંતનાથ દાદા ! આવું શાને થાય છે ?
જેઓ હોય છે મનગમતા તેઓ જ તસ્વીર બની જાય છે.
આંખોમાં સદાય સ્નેહના સ્પંદનો છલકાતા હતા.
હૈયામાં સદાય હેતના સાગરો હિલોળા લેતા હતા.
નાના-મોટા સૌને આદરમાન આપનારા
માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગના
પ્રેરકબળ બનનારા, સૌમ્યશીલ, કરુણાહૃદયી, ધર્માનુરાગી,
પરોપકારી એવા અમારા વડીલભાઈ માવિત્ર સમાન ભાઈ
શ્રી લેરીનભાઈના ઓચિંતા નિધનથી
અમે સૌ મહિલા ગૃહઉદ્યોગની બહેનો
અત્યંત શોકની લાગણી અનુભવીએ છીએ.
પ્રેમાળ વ્યક્તિત્વથી સમાજને એક તાંતણે બાંધી રાખનાર
શ્રી લેરીનભાઈ આપની ખોટ અમને સદાય સાલશે.
તમારા આકસ્મિક નિધનથી
ઘર-કુટુંબ-સમાજમાં ખાલીપો સર્જાયો છે,
જે સદાય વણપુરાયેલો રહેશે.
આપની આ ચીર વિદાયથી અમોને કારમો આઘાત લાગ્યો છે.
હે પ્રભુ! સદ્ગતશ્રીના આત્માને મોક્ષગામી બનાવજે
એજ અમારા પ્રાંજલ પ્રાર્થના...

**લી.**
**માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગની**
**શોકમગ્ન બહેનો વતી કમલા આર. ખોના**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## ગં.સ્વ. હિરાવંતી લહેરચંદ ગોસર

અરિહંત શરણ : તા. ૦૭/૧૧/૨૦૨૦

તું હતી તો ઘર ખરેખર ઘર હતું મા...! એક મીઠું આંગણે સરોવર હતું મા...!
ધોમધખતા તાપ સામે ઢાલ જેવું એક માથે વાદળું ઝરમર હતું મા...!
સાવ ખાલીખમ હતું પણ તું હતી તો એમ લાગે ખોરડું પગ ભર હતું મા...!
યાતના વચ્ચે મલકતું તે હરખતું એ વદન હેતાળ ને મનહર હતું મા...!
ફાયદા-નુકશાનનો હિસાબ શાનો તારૂં બસ હોવાપણું સરભર હતું મા...!

**માતુશ્રી કુંવરબાઇ ત્રીકમજી ગોસર પરિવાર** (બારોઇ – હાલ કારંજા)
**અ.સૌ. કેતકી દિપક ગોસર** **અ.સૌ. હર્ષા નિશાંત ગોસર**
**હેમાલી વનરાજ લોડાયા** **અ.સૌ. આરતી લીતેશ ખોના**
**રોનક-રોમીલ-ઉર્મીલ-તન્મય-યશ-ચિરાંગી-ઉર્વી**

આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા.
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અમો જીવનભર ભૂલશું નહીં.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**માતુશ્રી વેલબાઇ દેવજી ખોના પરિવાર** (આરીખાણા)
**વિજયા મહેન્દ્ર ખોના** **કલ્પના હંસકુમાર મૈશેરી**
**શશીકલા જીતેન્દ્ર ખોના** **ભારતી ભરત લોડાયા**
**સ્મિતા રાજેન્દ્ર ખોના**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## શ્રી કમલેશભાઈ (કુમારભાઈ) હંસરાજ લખમશી મૈશેરી

કચ્છ ગામ – મોટી સિંધોડી

જન્મ : તા. ૨૩ ઓક્ટોબર ૧૯૫૯

અરિહંત શરણ : તા. ૦૮ નવેમ્બર ૨૦૨૦

મરણ તો સહુનું થાય છે પણ સ્મરણ કોઈકનું જ થાય છે.
અને સ્મરણના યશભાગી ક્યારેય મરણ પામતા જ નથી.
આકાશમાંથી ખરી પડ્યો તેજસ્વી તારો,
કદી ભુલાય નહીં હસમુખો ચેહરો તમારો.
આપ સહનશીલતાની મુરત હતા.
તમે આદર્શપૂર્ણ જીવન વિતાવ્યું,
સુખથી છલકાયા નહીં, દુ:ખને કદી દેખાડ્યું નહીં.
ન્યાયના પંથે ચાલતા શિખવાડ્યું,
એ અમો સૌ જીવનભર ભૂલશું નહીં.
સેવાભાવી વ્યક્તિત્વની સુવાસ છોડી જનારા
આપના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના.

### -: ઋણ સ્વિકાર :-

શ્રી કમલેશભાઈ મૈશેરીના દુ:ખદ નિધન નિમિત્તે અમને રૂબરૂ, ફોન, Whatsapp, ઈમેઇલ, પત્રો વગેરે માધ્યમો દ્વારા દિલાસાના સંદેશા પાઠવી અમારા શોકમાં સહભાગી થવા બદ્દલ મૈશેરી પરિવાર સ્નેહી સ્વજનોનો અને શુભચિંતકોનો અંત:કરણપૂર્વક આભાર માને છે.

### -: પરિવારજનો :-

| | |
|---|---|
| દાદી–દાદા | : માતુશ્રી નેણબાઈ લખમશી ભારમલ મૈશેરી |
| માતા–પિતા | : માતુશ્રી શાંતાબાઈ હંસરાજ લખમશી મૈશેરી |
| કાકી–કાકા | : માતુશ્રી ચંપાબાઈ મુલજી લખમશી મૈશેરી |
| કાકી–કાકા | : માતુશ્રી હીરાબાઈ વિસનજી ટોકરશી મૈશેરી |
| ધર્મપત્ની | : માતુશ્રી મધુરીબેન કમલેશ હંસરાજ મૈશેરી |
| પુત્ર | : દિપેશ કમલેશ હંસરાજ મૈશેરી |
| પુત્ર | : સુશાંત કમલેશ હંસરાજ મૈશેરી |
| ભાભી–ભા | : અ.સૌ. પ્રભાબેન ડુંગરશી વિસનજી મૈશેરી |
| ભાભી–ભા | : અ.સૌ. મંદાકિની હીરાચંદ વિસનજી મૈશેરી |
| બહેન–બનેવી | : અ.સૌ. તારાબેન કીર્તિ વેલજી જોશી |
| બહેન–બનેવી | : માતુશ્રી જયાબાઈ વીરચંદ નરસી સોની |
| બહેન–બનેવી | : અ.સૌ. મમતા વિજય માણેકજી ખોના |
| નાની–નાના | : માતુશ્રી લક્ષ્મીબાઈ દેવજી કેશવજી લોડાયા (માડણ) |
| માસી–માસા | : માતુશ્રી વિજયાબાઈ દેવજી રતનશી ધરમશી |
| માસી–માસા | : માતુશ્રી સુશીલા ગિરીશ શામજી ભાટે |
| માસી–માસા | : માતુશ્રી જયાબાઈ ગુલાબચંદ વિસનજી પટેલ |
| માસી–માસા | : માતુશ્રી રમીલા હીરજી લાલજી દંડ |
| સાસુ–સસરા | : માતુશ્રી મુરબાઈ રાયચંદ જેઠાભાઈ લોડાયા |
| સાળી–સાઢૂભાઈ | : અ.સૌ. સરોજ કેશવજી પદમશી સાયલા |
| સાળો–પત્ની | : અ.સૌ. કરૂણા જીતેન્દ્ર રાયચંદ લોડાયા |
| સાળો–પત્ની | : અ.સૌ. સુશીલા તિલક રાયચંદ લોડાયા |
| ભાણેજ–પત્ની | : અ.સૌ. ભાવના સુનિલ કેશવજી સાયલા |

**સમસ્ત મિત્ર વર્ગ તથા શુભચિંતકો - ચાલીસગામ**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001



## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાને કે.ડી.ઓ. રત્ન એવોર્ડ

અહેવાલ સમાચાર વિભાગમાં

## આણંદ પરિવાર – તેરા ગામનું ગૌરવ

અરિહંતની કૃપા, ગુરૂદેવોના આશીર્વાદ, માં સરસ્વતીની મહેર અને વડિલોની શુભપ્રેરણાથી અમારા લાડલા કુળદીપકોએ વહેવારીક ભણતરમાં પરિવારનું નામ રોશન કર્યું છે, તેમને *હૃદયપૂર્વકના અભિનંદન*



તમારી ઝળહળતી સિધ્ધિ,
કોઈ હસ્તરેખામાં આલેખાયેલી
વિધિની કમાલ નથી
એ તો તમારા સત્કર્મોના પ્રતાપે,
પુરૂષાર્થના કારણે વરેલી સિધ્ધિ છે.
જેના તમે હકકદાર છો.

## અભિનંદન





### ચિ. કોમલ હરીશ દંડ, કોચીન

જન્મતારીખ : ૭-૭-૧૯૯૪
Passed B.Ed with **92.34%**
Currently working as teacher (PGT) at Saraswati Vidyaneketan Public School, Elamakkara, Kerala.

માતા-પિતા : **અ.સૌ. વંદના હરીશ દંડ**
ભાઈ/બેન : **અ.સૌ. ચાંદની મીખીલ લોડાયા**
નાનાણા : **માતૃશ્રી પુષ્પાબેન લક્ષ્મીચંદ લોડાયા**, કોઠારા

### ચિ. મીહીર હીતેન દંડ, હુબલી

જન્મતારીખ : ૧૧-૩-૧૯૯૮
Passed Civil Engineering with flying colors. Working at Builds Worth Construction as a Site Engineer.

**અ.સૌ. હંસા હિતેન દંડ**
**ચિ. વિશાલ હિતેન દંડ**
**માતૃશ્રી લક્ષ્મીબાઈ ઝવેરચંદ મોતા**, રાપર ગઢવારી

દાદાણા : **માતૃશ્રી ચંપાબેન લખમશી ધનજી આણંદજી દંડ**, તેરા
ફઈબા : **અ.સૌ. રાજુલા અનીશ મોમાયા**, સાંયરા-હુબલી, **યશ તથા શ્રધ્ધા અનીશ મોમાયા**
સંપર્ક : **હરીશ લખમશી દંડ - 094470 25531**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.